Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीमद् बुद्धिसागरजी कृतः

# તીર્થયાત્રાનું વિમાન.

લખનાર,

યોગનિષ્ઠ મુનિમહારાજ શ્રી બુદ્ધિસાગરજી.

પ્રસિદ્ધ કર્ત્તા,

શ્રી અધ્યાત્મજ્ઞાનપ્રસારક મંડળ.

ચંપાગલી-મુંબઇ.

હા. લલ્લુભાઈ કરમચંદ દલાલ.

આવૃત્તિ ૨ જી. પ્રત ૨૦૦૦.

વીર સંવત્ ૨૪૩૮. વિક્રમ સંવત્ ૧૯૬૮.

અમદાવાદ.

ધી "ડાયમંડ જ્યુબીલી" પ્રીન્ટીંગ પ્રેસમાં

પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું

કિંમત ૦—૧—૦.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीमद् बुद्धिसागरजी ग्रन्थमाळा. ग्रन्थांक १४.

# તીર્થયાત્રાનું વિમાન.

આવૃત્તિ ૨ જી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભાવના.

મનુષ્યોએ જગતના કલ્યાણ માટે પ્રવૃત્તિ કરવી જોઇએ. તત્ત્વજ્ઞાન આપી સર્વ મનુષ્યોને મુક્તિ માર્ગ તરફ આકર્ષવા જોઇએ તીર્થયાત્રાનું વિમાન એ શેઠ જીવણચંદ ધર્મચંદભાઈ ઉપર લખેલો લેખ છે અને તે સર્વ લોકોના ઉપયોગનો જાણી બહાર પાડયો છે. તીર્થની યાત્રા કરનારાઓ જો લેખમાં લખ્યા પ્રમાણે સદ્‌ગુણો ધારણ કરશે તો જૈન ધર્મની ઉન્નતિ કરનારા થશે. સંઘમાં મુનિવરો મોટા છે, સર્વ દર્શનના સાધુઓ કરતાં જૈન મુનિવરોની ઘણીજ ઉત્તમતા છે અને એવી રહેશે; પણ હાલમાં જે મુનિવરો છે તેઓમાં જો કે ઘણા ગુણો છે, જૈન ધર્મની આરાધના કરનારા છે, તોપણ તેઓમાંના કેટલાક સંપ કરે અને કલેશ આદિ ક્ષુદ્ર દોષોનો ત્યાગ કરે, તો ઘણું કાર્ય કરી શકે. અમારા સાધુઓ તીર્થ રૂપ છે એમ મારી ભાવના છે, તોપણ પૂજ્યબુદ્ધિથી તથા ભક્તિથી તેઓને અમુક અપેક્ષાએ ચાનક ચડાવવા કંઈક લખ્યું હોય તો, તેઓ ક્ષમા કરી લેખનો સાર ગ્રહણ કરશે. શાસન ભક્ત શ્રાવકો માટે પણ કંઈ દિલ દુઃખાય એવું લખાયું હોય તો તેઓ મૈત્રી ભાવના રાખી, જૈન ધર્મના ઉદ્ધાર માટે જમાનાને ઓળખી જિનાજ્ઞા પૂર્વક તન, મન અને ધનથી પ્રયત્ન કરશે. ચતુર્વિધ સંઘની ઉન્નતિ માટે જે કંઈ લખ્યું હોય તેનો સદુપયોગ થાઓ અને પૂજ્ય એવા સંઘનો ઉદય કરવા મારાથી શ્રી સંઘની પ્રેમ દૃષ્ટિથી બનતી સેવા થાઓ! એમ ઇચ્છું છું. ૐ શાંન્તિ ૩.

મુ. દમણ.
સં. ૧૯૬૭ના માગસર
વદી ૧૧.

લિ. મુનિ બુદ્ધિસાગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# प्रस्तावना.

તીર્થયાત્રા કેવી રીતે કરવી અને ત્યાં જઇ કયા સદ્ગુણો ધારણ કરવા કે, જેથી તીર્થયાત્રાની સફલતા થાય; એ સંબન્ધી જમાનાને અનુસરી કોઇ પુસ્તક પ્રગટ થયું નહોતું, જે શ્રીમદ્ બુદ્ધિસાગરજી મુનિ મહરાજશ્રીએ સં. ૧૯૬૭ માં નવાણું યાત્રાર્થે શ્રી સિદ્ધક્ષેત્ર ગયેલા, શેઠ જીવણચંદ ધર્મચંદ ઝવેરી ઉપર એક બોધપત્ર શ્રી બીલીમોરા–વલસાડથી લખેલો, જે દરેક જૈન બંધુને ઉપયોગી, બોધક અને યાત્રાની સફલતા કરવામાં મિત્ર સમાન હોવાથી મંડળે તેને શ્રીમદ્ બુદ્ધિસાગરજી **ગ્રન્થમાળાના ૧૪ મા** ગ્રન્થ તરીકે પ્રગટ કરેલ છે. જેની પ્રથમાવૃત્તિની ૨૦૦૦ નકલ ખપી જવાથી–આ બીજી આવૃત્તિ પ્રગટ કરવામાં આવી છે.

આ ગ્રન્થમાં જૈનોના ઉદ્ધાર માટે ગુરૂશ્રીએ સ્વહૃદયમાં વસેલી ઉત્તમ ભાવનાનો પ્રકાશ કર્યો છે અને તેનો અમલ કરવા યોગ્ય નરો પ્રત્યે આગ્રહ કર્યો છે.

યાત્રાળુઓએ ધારણ કરવાના ગુણો માટે ધર્મના જુસ્સા પુર્વક શ્રીમદે એવીતો સ્પષ્ટ રીતે દિગ્દર્શન કર્યુ છે કે, આ ગ્રન્થ વાંચવાથી જૈન કોમમાં નવો જુસ્સો પેદા થાય અને ગુરૂકુળ આદિ સ્થાપવાની બુદ્ધિ પ્રગટ થાય;

દરેક જૈન યાત્રાળુઓએ પ્રથમ આ પુસ્તક વાંચી, મનન કરી, યાત્રામાં અવસ્ય સાથે રાખી, તેમાં બતાવેલ યાત્રાનો હેતુ લક્ષમાં રાખી, યાત્રામાં અને ત્યાર બાદ ધારણ કરવાના ગુણો ગ્રહણ કરશે તો આ **વિમાન** ધારેલ સ્થળે લઇ જશે, અર્થાત્ તીર્થયાત્રાનો મૂળ હેતુ મનુષ્યોને લાગેલ અને લાગતાં કર્મો ક્ષય કરવાનો છે તે પાર પડશે.

આ ગ્રન્થમાં યાત્રાથી થતા શારીરિક અને માનસિક લાભ, યાત્રામાં રહેલું ઉચ્ચ રહસ્ય, ત્યાં રહેવું જોઇતુ ઉચ્ચ વર્ત્તન, વ્યસન વગેરે દોષોનો કરવો જોઇતો ત્યાગ, સાધુ અને શ્રાવકોનું કર્ત્તવ્ય, ત્યાં વધુ રહેવાથી થતી દોષ પ્રાપ્તિ, જંગમ તીર્થ એવા સાધુઓની ઉત્તમતા અને તેઓએ જૈનોની હાલની પડતી સ્થિતિમાં કરવાં જોઇતાં કાર્યો, શ્રાવકોના દ્રવ્યનો વધુ વ્યય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાલમાં કયા માર્ગે થવો જોઇએ, યાત્રાના સ્થળે રહેવી જોઇતી ભાવના અને છેવટે જૈન ધર્મોદ્ધાર માટે કરવી જોઈતી પ્રતિજ્ઞા; આદિ હકીકતો બહુજ મનન કરવા યોગ્ય લખાઇ છે.—

અન્ય સ્થળે થયેલ પાપકર્મ નષ્ટ કરવા તીર્થસ્થળ છે; પણ તીર્થ સ્થળે થયેલ પાપકર્મ વજ્રલેપ સમાન થાય છે. માટે ત્યાં કોઇ દોષો સેવાતા હોય તો દુર કરવા. અન્યોને પણ તેથી નીવારવા અને જ્ઞાનપૂર્વક યાત્રાનું ફળ પ્રાપ્ત થાય તેમ કરવું.

પૂજ્ય સાધુઓ ઉપર શાસનનો મોટો આધાર હોવાથી, શ્રાવકોને બે શબ્દ કડવા પણ હિતકારક કહ્યા છે તેમ, સાધુ મહારાજોને પણ પ્રમાદ વશે થતા દોષો માટે કંઇક દિગ્દર્શન કરાવ્યું છે; જે એટલા માટે કે, જરૂરી કરતાં એક સ્થળે વધુ વખત પડી રહેવાથી વિહાર માટે સીથીલતા પ્રાપ્ત થાય છે અને ગામેગામ ઉપદેશાર્થે ફરી શકાતું ન હોવાથી ગ્રન્થમાં જણાવ્યા મુજબ–ઘણા જૈન કુટુંબો જૈનેતર થઇ જાય છે, તેમાં મોટો પ્રમાદ પૂજ્ય સાધુ વર્ગનો છે. માટે પ્રમાદ ત્યાગી, વિશાળ દ્રષ્ટિ રાખી, સમયને જોઈ, સર્વ ધર્મવાળાઓની સાથે હરીફાઇમાં–જૈનો ભવિષ્યમાં કેવી રીતે ટકી શકે અને પોતાનો ધર્મ ફેલાવી શકે તેવા ઉપાયો લેવા અને તે માટે યોગ્ય આત્મભોગ આપવા તઇઆર થાય. જો તેમ નહીં થશે તો જૈન કોમ ક્યાં પડી છે તેનો પત્તો પણ નહીં લાગે એમ હાલના સંજોગો જોતાં કહેવું પડે છે.

છેવટે ઇચ્છીશું કે જે અપૂર્વ જુસ્સો આ ગ્રન્થમાં શ્રીમદ્ ગુરૂવર્યે પ્રગટાવ્યો છે, તે દરેક વાંચકોને વીજળીની પેઠે અસર કરે અને સનાતન જૈન બંધુઓ, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, એ રૂપ તીર્થ, તથા શ્રુત જ્ઞાન રૂપ તીર્થ, તથા સ્થાવર તીર્થનો ઉદય કરવા કટિબદ્ધ થાય.

**મુંબાઇ ચંપાગલી.**
ફાગણ સુદ ૧૫.

લી.
**अध्यात्मज्ञान प्रसारक मंडळ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તીર્થયાત્રાનું વિમાન

અથવા

## વિ. સં. ૧૯૬૭ ના માગશર શુદ ૧ મે, મુકામ બીલીમોરાથી મુનિશ્રી બુદ્ધિસાગરજીએ શ્રી સિદ્ધાચલ તીર્થે નવાણું યાત્રાર્થે ગયેલા ઝવેરી જીવણચંદ ધર્મચંદ જોગ લખેલ પત્ર.

**શ્રી પાલીતાણા, તત્ર શ્રદ્ધાવંત દયાવંત સુશ્રાવક ઝવેરી જીવણચંદભાઈ ધર્મચંદભાઈ, વગેરે યોગ્ય ધર્મલાભની પ્રાપ્તિ થાઓ.**

વિ. શત્રુંજય તીર્થની સેવના યથાર્થ થતી હશે. સ્થાવર તીર્થોમાં સિદ્ધાચલની શ્રેષ્ઠતા ગણાય છે. ત્યાં જઇને જે કાર્ય કરવાનું છે તે લક્ષ્યમાં રાખવું જોઇએ. સિદ્ધાચલ જે નામ છે તેપણ એમ સૂચવે છે કે, સિદ્ધાચલની યાત્રા ખરેખર પરમાત્માની પ્રાપ્તિ માટે હોવી જોઇએ. **સિદ્ધાચલની યાત્રાનો મુખ્ય ઉદ્દેશ હૃદયની શુદ્ધિ માટે છે.** કારણકે સ્થાવર તીર્થોની યાત્રાથી હૃદયની શુદ્ધિ થાય છે. તેમાં પણ વિવેક દૃષ્ટિથી તીર્થયાત્રાનું જ્ઞાન કરીને તેની યાત્રા કરવી જોઇએ. **તીર્થની યાત્રા ભક્તિરૂપ છે.** તીર્થે જવાથી સંસારની ઉપાધિ ભૂલાય છે, શરીર સુધરે છે, સંસારના વિકલ્પ સંકલ્પો પ્રગટતા નથી, મહાત્મા પુરૂષોનાં જીવનચરિત્રોનું વારંવાર સ્મરણ થાય છે, ચાલવાથી શરીર કસાય છે, નવીન નવીન સાધુઓ, સાધ્વીઓ, શ્રાવક અને શ્રાવિકાઓનો સમાગમ થવાથી પરસ્પર ગુણોનો અદલો બદલો થાય છે, ચિત્તની સ્થિરતા થાય છે અને શરીરની આરોગ્યતા વધે છે; એમ બાહ્ય અને આન્તરિક પણ ફાયદાઓ અનુભવાય છે.

સિદ્ધાચલ તીર્થમાં અનેક મુનિવરો મુક્તિ પામ્યા છે, અને તેમનાં શરીર, લેશ્યા, મનોવર્ગણા વગેરે શુભ પુદ્ગલ સ્કંધો ત્યાં છૂટયાં છે. મનોવર્ગણા જો એકજ ઠેકાણે રહે તો અસંખ્યાતા વર્ષ પર્યંત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહી શકે છે; તેથી તે નિયમ અનુસારે સિદ્ધાચલમાં અનેક મહાત્માઓની શુભ મનોવર્ગણા હોવાનો સંબંધ ઘટે છે. એ મનોવર્ગણાઓ યાત્રાળુ કે જેઓ શ્રદ્ધાવાસિત અંતઃકરણવાળા છે, તેઓને સારી અસર કરી શકે છે. સામાન્ય મનુષ્યોની જે મનોવર્ગણાઓ છે તેના કરતાં જેને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું છે, તેઓની મનોવર્ગણાઓ અનંત ગણી શુભ હોય છે; તેથી તેઓને જે ગ્રહણ કરે છે તેઓ પણ શ્રદ્ધાદિ ગુણથી આસ્તિક બને છે, તેમાં જરા માત્ર સંશય નથી. તીર્થના સ્થાનમાં જે જે મહાત્માઓએ શરીર છોડયાં હોય, તેઓનાં નામનું ત્યાં સ્મરણ થવાથી તેઓનાં ચરિત્રોની અસર યાત્રાળુના મનમાં વીજળીની પેઠે થાય છે. પ્રભુના ગુણોનું સ્મરણ તથા બહુ માન કરતાં તે તે ગુણોના સંસ્કારો યાત્રાળુના હૃદયમાં પડે છે, અને તે અમુક કાળે અમુક સંયોગે પ્રગટી શકે છે.

તીર્થ સ્થળ આ પ્રમાણે વિચારતાં દ્રવ્ય અને ભાવથી લાભપ્રદ છે, છતાં હાલમાં યાત્રાળુઓ તે સંબંધી યથાર્થ લાભ મેળવી શકતા નથી. કેટલાક તીર્થના સ્થળે તો ગરીબ લોકો આજીવિકાના ગર્ભિત ઉદ્દેશથી, યાત્રાના નામથી પડયા રહે છે. કેટલાક સાધુઓ તીર્થના સ્થળે યાત્રા માટે રહે છે, અને ચાતુર્માસી કરે છે છતાં પણ પહેલાંના કરતાં તેઓનું જીવન કંઈ ઉચ્ચ થયું હોય એમ જણાતું નથી, પરંતુ કેટલાક સાધુઓ તો તીર્થના સ્થાનમાં પડી રહી જિવ્હાના રસિયા બની જાય છે. કેટલાક ગૃહસ્થના સંસર્ગવાળી ધર્મશાળામાં રહી વ્રતોને પણ દૂષિત કરે છે. કેટલાક સાધુઓ અન્ય સંઘાડાના સાધુઓની સાથે કલેશ કરતા જણાય છે. કેટલાક આહાર પાણીમાં પણ દોષ લગાડે છે. કેટલાક ત્યાં પડી રહેવાથી બહુ શિથિલ થઈ જાય છે. કેટલાક પરસ્પર સાધુઓની નિંદાનાં ભાષણો શ્રાવકોની આગળ કરતા જણાય છે. કેટલાક તો કેવળ ઓઘ અંધ શ્રદ્ધાથી તીર્થનું સ્વરૂપ યથાર્થ જાણ્યા વિના ગુરૂઓથી છુટા પડી દ્રવ્યયાત્રા કરી સ્વછંદાચારે વર્તે છે. કેટલાક અમુક શ્રાવકોને પોતાના બનાવી તેઓને રંજીત કરી પોતાના સંઘાડાનું ધામ જમાવે છે. કેટલાક ઉલટા ત્યાંને ત્યાં પડી રહી નિરંકુશ બની જાય છે. કેટલાક તો ભંડોળ ખાતામાંથી પોતાનો હક જણાવી વસ્ત્ર, પાત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વગેરેને સંગ્રહે છે. આ રીતે કેટલીક સાધ્વીઓ પણ ત્યાં શિથિળ બની જાય છે અને આહાર પાણીમાં લાગતા દોષનું ભાન પણ રાખતી નથી. કેટલીક સાધ્વીઓ દોષવાળાં વસ્ત્ર, પાત્ર, ગ્રહણ કરે છે. કેટલીક સાધ્વીઓ પોતાની ગુરૂણીઓથી છુટી પડી ત્યાં આવી વાસ કરે છે. કેટલીક સાધ્વીઓને તો ધર્મશાળાઓમાં ઉતરવાનું ન મળવાથી ધર્મશાળાના મહેતાને શ્રાવિકાઓ પાસેથી પૈસા અપાવીને વસતિને સેવવી પડે છે. કેટલીક સાધ્વીઓ તો મૈત્રી ભાવનાને ઠેકાણે ઈર્ષ્યા ભાવના ખીલવતી જોવામાં આવે છે. કેટલીક સાધ્વીઓ તો સાધુઓને પણ વંદન કરતી જણાતી નથી. કેટલીક પરસ્પર નિંદા તથા કલેશ કરે છે. કેટલાક બગભક્ત શ્રાવકો ત્યાં ઉપર ઉપરથી યાત્રાનો ડોળ કરી આજીવિકા અર્થે ઉદ્યમ કરતા જણાય છે. કેટલાક શ્રાવકો કુકર્મના પાશમાં પણ સપડાતા જણાય છે. કેટલીક શ્રાવિકાઓ પણ પોતાનાં આચરણને સુધારતી હોય એમ જણાતું નથી. એકજ ધર્મશાળામાં કે જ્યાં બ્રહ્મચર્યને પણ દુષણ લાગે તેવી જગ્યાએ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા વગેરે રહેતાં જણાય છે. કેટલાક શ્રાવકો અને શ્રાવિકાઓ તો સાધુ આદિ માટે જાણી જોઈ આહાર પાણી તૈયાર કરાવતાં હોય એમ જણાય છે. કેટલાક શ્રાવકો તો સાધુ અને સાધ્વીઓ માટે દવાખાનાં મંડાવી આધાકર્મી ઔષધોને ઉન્નતિ આપતા હોય, એમ સૂક્ષ્મ દૃષ્ટિથી જોતાં જણાય છે. કેટલાક સાધુઓ તો સંઘાડા અને ગચ્છ તથા ક્રિયાના ભેદે તીર્થના ઉપર પણ એક બીજાને થોભવંદન પણ કરતા જણાતા નથી. કેટલાક તો ઉપર ઉપરથી પ્રેમ દેખાડે છે અને અન્તરમાં કાતી રાખી બીજાનું કાસળ કાઢી નાંખે છે. તીર્થ ભૂમિમાં વસતા શ્રાવકોના હૃદય તરફ જોઇએ તો તીર્થનું સેવન તેઓને બરાબર અસર કરી શક્યું નથી એમ જણાઈ આવે છે. આવા અનેક દોષોના દેખવાથી તીર્થની યાત્રા બીજાઓના હૃદય ઉપર અસર કરી શકતી નથી, એમ યાત્રાળુને શંકા થાય એ બનવા યોગ્ય છે. આ બાબતમાં જણાવાનું કે જે **ઓઘ શ્રદ્ધાથી યાત્રાઓ કરે છે અને જેઓને આત્મજ્ઞાન તરફ રૂચિ નથી તેઓને યથાર્થ અસર થઇ શકતી નથી.** જેમ ઔષધ પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેની વિધિ પ્રમાણે ભક્ષણ કરનારને ફળ આપી શકે છે, તેમ તીર્થનું સેવન પણ વિધિ પ્રમાણે જ્ઞાનથી સમજીને કરનારના હૃદયની શુદ્ધિ કરી શકે છે.

બાળજીવો યાત્રા કરીને બાહ્યની નિરૂપાધિક દશા તથા શરીરની આરોગ્યતા તથા બોધસ્તુતિ આદિનો લાભ મેળવી શકે; પણ આત્માની જોઇએ તે પ્રમાણમાં ઉચ્ચતા કરી શકે નહિ; કારણ કે તીર્થ શું અને તીર્થની યાત્રા કેવી રીતે કરવી તે દ્રવ્ય અને ભાવથી તેઓ–યથાર્થ–જાણી શકતા નથી. જ્ઞાનીઓ દ્રવ્ય અને ભાવયાત્રાનું–દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી સ્વરૂપ સમજે છે તેથી તેઓ આત્માની શુધ્ધ પરિણુતિ ખીલે તેવી રીતે સ્થાવર તીર્થની યાત્રા કરી શકે છે, અને શુદ્ધ પરિણામની ધારાને ક્ષણે ક્ષણે વધારે છે. જ્ઞાનીઓજ ખરેખરો સ્થાવર તીર્થની યાત્રાનો લાભ મેળવી શકે છે. જેમ જેમ જ્ઞાનની ઉચ્ચતા તેમ તેમ સ્થાવર તીર્થની યાત્રાનો લાભ પણ વિશેષ મેળવી શકાય છે.

જ્ઞાનપૂર્વક શ્રદ્ધાળુ બનેલા સાધુઓ, સાધ્વીઓ, શ્રાવક અને શ્રાવિકાઓ સ્થાવર તીર્થને નિમિત્ત રૂપે ધારે છે અને પોતાના આત્માની શુદ્ધ પરિણુતિને ઉપાદાનપણે તીર્થ જાણે છે. તેથી સ્થાવર યાત્રાથી તેઓના હૃદયની શુદ્ધિ થાય છે. ચાર પ્રકારની ભાવના ખીલે છે, રાગ અને દ્વેષની મંદતા થતી જાય છે, શુદ્ધ પરિણુતિમાં વૃદ્ધિ થાય તેટલો વાસ કરી અન્યત્ર વિહાર કરે છે. તીર્થના સ્થાને પણ દોષ લાગે તેવા ઉપાશ્રયમાં જ્ઞાની સાધુઓ તથા સાધ્વીઓ વાસ કરતાં નથી. તીર્થના સ્થાનને તેઓ ઘર રૂપે બનાવી દોષિત આહાર પાણી લેઈ શિથિલાચારી બની જતાં નથી. જ્ઞાની સાધુઓ જે હોય છે તે તો સમજે છે કે સ્થાવર તીર્થ સિદ્ધાચલ છે અને જંગમ તીર્થ તો સાધુઓ આદિ સંઘ છે. માટે ફક્ત સ્થાવર તીર્થમાંજ સર્વ પ્રકારની તીર્થબુદ્ધિ રાખી શકતા નથી.

જ્ઞાની સાધુઓ જ્ઞાન, દર્શન અને ચારિત્રની પ્રાપ્તિ માટે ઉપાદાન અને નિમિત્ત કારણની યથાયોગ્ય અપેક્ષા જાણી યાત્રા કરે છે. આત્મા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભિમુખતા સાધવાને માટે યાત્રા કરવાની છે, એમ જ્ઞાની મહાત્માઓ જાણે છે. તીર્થના સ્થાને આત્માની સ્થિરતા રહે ત્યાં સુધી મહાત્માઓ ત્યાં વાસ કરે છે. સ્થાવર તીર્થમાં વિશેષતઃ ઉપાધિમાં ન પડવું જોઇએ. આત્માની ઉન્નતિના વિચારો ત્યાં જઇને કરવા.

**શ્રી સિદ્ધાચલ વગેરે સ્થાવર તીર્થોની યાત્રા કરતાં યાત્રાળુઓએ નીચેના સદ્‌ગુણો પ્રાપ્ત કરવાં જોઇએ.**

## પ્રથમ દયા અને સત્ય.

સર્વ ગુણોની પેદા કરનારી દયા છે. દયા વિના ધર્મ નથી. સર્વ ધર્મરૂપ વૃક્ષો દયારૂપ નદીના કાંઠે જીવી શકે છે. જ્યાં દયા નથી ત્યાં ધર્મ નથી. ધર્મની માતા દયા છે. યાત્રાળુઓએ સર્વ જીવો ઉપર યથાશક્તિ દયા કરવી. જે જે સાંસારિક કાર્યો કરવાં તે જયણા રાખી કરવાં. કોઈ પણ જીવની હિંસા ન થાય તેવા પરિણામ ધારણ કરવાં. કોઇ જીવનું ભૂંડું કરવાનો તથા તેનો નાશ કરવાનો વિચાર કરવો નહિ.

યાત્રાળુઓએ સત્ય બોલવું જોઇએ. જેઓ યાત્રા કરે છે અને જુઠું બોલે છે તેઓ પોતાના આત્માને પવિત્ર કરી શકતા નથી. યાત્રાળુઓએ સમજવું જોઇએ કે અનુપાન વિના ખાધેલું ઔષધ જેમ ગુણકારી થતું નથી તેમ **સત્ય બોલ્યા વિના તીર્થ યાત્રા સફળ થતી નથી.** યાત્રા કરીને પણ મનમાં એમ ચિંતવવું જોઇએ કે યાત્રાનું ફળ સત્યવકતા થવું તેજ છે, અને જો તે ફળ પ્રાપ્ત ન કર્યું તો વિશેષ કર્યું કંઈ કહેવાય નહિ. સત્ય એ મહાન્ ધર્મ છે. સત્ય બોલી શકતો નથી તે ખરો યાત્રાળુ બની શકતો નથી.

## ચોરીનો ત્યાગ.

યાત્રાળુઓએ **ચોરીનું વ્યસન ત્યાગ કરવું જોઈએ.** ચોરી કરનારને અનેક પ્રકારનાં પાપ પ્રાપ્ત થાય છે. ચોરી કરનારનું મન ચંચળ રહે છે. યાત્રાના સ્થળે જઈ પ્રતિજ્ઞા કરવી કે હવે હું કદાપિ પ્રાણ પડે તોપણ ચોરી કરીશ નહિ, કરાવીશ નહિ અને જે કરતા હશે તેની અનુમોદના કરીશ નહિ. તીર્થના સ્થળે કેટલાક યાત્રાળુના નામે ચોરી કરનાર રહે છે, તેઓ ભદ્રક જીવોને લુંટે છે અને યાત્રા પણ કરે છે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેવાઓની સદ્‌ગતિ થતી નથી. તીર્થની યાત્રા કર્યા બાદ પણ જે મનુષ્ય ચોરી કરે છે તે ખરેખર તીર્થયાત્રાના મુખ્ય હેતુને અમલમાં મૂકતો નથી.

## વ્યભીચારનો ત્યાગ.

યાત્રાળુઓએ **વ્યભિચારી દોષનો ત્યાગ કરવો જોઇએ.** કેટલાક પામર જીવો તો તીર્થના સ્થળોમાં એકાંત મળવાથી વ્યભિચાર દોષને સેવે છે. અન્ય ઠેકાણે કરેલાં પાપ તીર્થમાં જઇ છોડી શકાય છે, પણ તીર્થમાંજ જઈ પાપ કરવામાં આવે તો તે વજ્ર લેપ સમાન થઈ પડે છે. યાત્રાળુઓએ તીર્થના સ્થાનમાં કોઇના ઉપર કુદૃષ્ટિથી જોવું નહિ, તેમજ તીર્થના સ્થળે જઇ પ્રતિજ્ઞા કરવી કે આજથી હું વ્યભિચાર દોષનો ત્યાગ કરીશ અને પ્રાણ પડે તોપણ વ્યભિચાર દોષને સેવીશ નહિ; આ પ્રમાણે પ્રતિજ્ઞા કરવી જોઇએ. કેટલાક તો મનમાં એમ ચિંતવે છે કે વ્યભિચાર દોષ સેવીશું પણ એક વખત તીર્થની યાત્રા કરી આવીશું એટલે લાગેલું સર્વ જાતનું પાપ ધોવાઈ જશે. પુનઃ વ્યભિચાર સેવીશું તોપણ તીર્થની એક બે યાત્રાઓ કરીશું એટલે પાછા પવિત્ર થઇ જઇશું. આવી કુબુદ્ધિને ધારણ કરનારાઓ પાપ કરે છે. વળી તીર્થમાં જઇ સાધુઓ અને સાધ્વીઓને સારી રીતે આહાર પાણી વહોરાવીશું એટલે પાપ ધોવાઈ જશે. પુનઃ જો ઘેર આવી પાપ કરીશું તો ત્યાં જઈ યાત્રા કરી તથા સાધુઓ વગેરેને વહોરાવીશું એટલે નિર્મળ બની જઇશું, આવી કુયુક્તિવાળી બુધ્ધિથી જેઓ યાત્રાઓ કરે છે તેઓ યથાર્થ લાભને મેળવી શકતા નથી. તીર્થના સ્થાનમાં જઈ તીર્થંકરો વગેરેના ગુણોને સંભારી મનમાં ચિંતવવું કે હે ચેતન ! તું વિચાર તો ખરો કે તીર્થંકરોએ બ્રહ્મચર્ય આદિ કેવા સારા ગુણો ધારણ કર્યા હતા; ત્હારામાં તો તેમાંનો કોઇપણ ગુણ પરિપૂર્ણ ખીલ્યો નથી. માટે તું પણ વ્યભિચાર આદિ દોષોને નિવારવા પ્રતિજ્ઞા કર. તીર્થયાત્રા કરવા છતાં પણ દોષોને નિવાર્યા વિના મુક્તિ થવાની નથી, માટે વ્યભિચાર દોષનો ત્યાગ કર. એમ મનમાં નિશ્ચય કરી બ્રહ્મચર્યનો યોગ્યતા પ્રમાણે અમુક સ્થિતિએ ગુણ ગ્રહણ કરવો. વિશેષ બ્રહ્મચર્ય સંબંધી આગળ કહેવાશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## परिग्रहनी ममतानो त्याग.

યાત્રાળુઓએ પરિગ્રહની મમતાનો ત્યાગ કરવો જોઇએ. યાત્રાળુઓએ ધનાદિકની મૂર્છાનો ત્યાગ કરવો જોઇએ. જે મેં વ્યાપાર કરીને ધન સંપાદન કર્યું છે તે મારી પાસે છતાં તેના ઉપરથી મમત્વ ભાવનો ત્યાગ કરૂં છું. હું ધનને યથાશક્તિ વિવેક રાખી સાત ક્ષેત્રમાં વાપરીશ. એમ ભાવના કરવી. પાપથી પેદા કરેલી લક્ષ્મીને ધર્મની ઉન્નતિ થાય તેવા માર્ગમાં વાપરવી જોઇએ. કેટલાક નામના થાય અને કીર્તિનો ફેલાવો થાય ત્યાં લક્ષ્મી ખર્ચે છે; પણ તે યોગ્ય નથી. કેટલાંક જૂનાં દેરાસર ભાંગી જતાં હોય તોપણ પોતાનું નામ અમર રહેવા માટે નવીન દેરાસર બનાવે છે. પણ તેમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ભાવનો વિચાર કરવો ઘટે છે. જીર્ણ દેરાસર સમરાવવામાં વિશેષ લાભ છે એમ સમજી લક્ષ્મીનો તેવા માર્ગે સદુપયોગ કરવો ઘટે છે. જે જમાનામાં સર્વ ધર્મવાળાઓની સાથે હરિફાઈ કરવાનો વખત હોય અને જો તે પ્રમાણે જમાનો ઓળખ્યા વિના ગાડરીઆ પ્રવાહની પેઠે લક્ષ્મી ખર્ચવામાં આવે તો વિશેષ લાભ પ્રાપ્ત થતો નથી, તેમ જૈનોની ઉન્નતિ પણ થઈ શકતી નથી. હાલ તો જ્ઞાન તરફ વિશેષ લક્ષ આપવું યોગ્ય છે. ભર્યામાં ભરવું એ ન્યાય અંગીકાર કરવા કરતાં ગીતાર્થ જ્ઞાની ગુરૂને પુછી જૈન ધર્મોન્નતિમાં ધનનો વ્યય કરવો. કેટલાક તીર્થના સ્થાને ધર્મશાળાઓ બંધાવવામાં ઘણી લક્ષ્મી ખર્ચે છે પણ તેવાઓ જો તીર્થસ્થાને અન્ય ગુરૂકૂળની પેઠે જૈન ગુરૂકૂળ સ્થાપવામાં લક્ષ્મી ખર્ચે તો તેથી અનંત ગણો લાભ પ્રાપ્ત કરી શકે.

## व्यसननो त्याग.

યાત્રાળુઓએ અફીણ, હોકો, ગાંજો, સટ્ટો, દારૂ વગેરે વ્યસનનો ત્યાગ કરવો જોઇએ. યાત્રાળુની ફરજ છે કે દુર્વ્યસનોનો ત્યાગ કરવો જોઇએ. જે તીર્થંકર ભગવાનોની યાત્રા કરવાને જઇએ છીએ તે તીર્થંકરોએ તો પૂર્વોક્ત વ્યસનોનો ત્યાગ કર્યો હતો, અને જ્યારે તેઓએ વ્યસનોનો ત્યાગ કર્યો ત્યારે પૂજ્યપણાને પામ્યા. આપણે તેઓના પગલે ચાલીએ છીએ, તેઓની યાત્રા કરીએ છીએ, તો ખરેખર આપણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે આજથી સર્વ પ્રકારના વ્યસનોનો ત્યાગ કરવો, એમ યાત્રાળુઓએ મનમાં નિશ્ચય કરવો—તીર્થંકરોની યાત્રા કરવી છે અને તીર્થંકરોની પેઠે ચાલવું નથી એ કેમ બની શકે? તીર્થંકરોની પેઠે વર્તવા માટે તીર્થંકરોના ચરણરજથી પવિત્ર થએલ તીર્થની યાત્રા કરવાની છે, એ ખાસ મૂળ ઉદ્દેશ ભૂલવો ન જોઇએ. કેટલાક તીર્થના સ્થળે સોગટાબાજી રમે છે, જુગાર ખેલે છે, તથા અફીણ વગેરેનાં વ્યસનો સેવે છે તેઓએ પોતાની ભૂલ સમજી તીર્થના સ્થળમાં પવિત્ર થવા પ્રયત્ન કરવો જોઇએ. જેનામાં આટલાં વ્યસનો ત્યાગ કરવાની શક્તિ નથી તે સકળ કર્મને ક્ષય કરીને પરમાત્મપદ મેળવવાને શી રીતે અધિકારી બની શકે? પરમાત્મપદ મેળવવાને માટે જે યાત્રાળુઓ આટલાં સામાન્ય વ્યસનોનો પણ ત્યાગ કરી શકતા નથી, તો તેઓ પ્રભુની પેઠે કાયાનું અર્પણ શી રીતે કરી શકશે? અલબત તેવા યાત્રાળુઓ પરમાત્મપદને માટે ખરેખરા આત્મભોગી બન્યા નથી એમ સમજવું–દુર્વ્યસનોનો ત્યાગ કરવાથી યાત્રાની સાફલ્યતા થાય છે.

## क्लेश त्याग.

યાત્રાળુઓએ તીર્થસ્થળોમાં જઇ કલેશ કરવો નહિ. તીર્થની યાત્રા કર્યા પહેલાં ઘરમાં, કુટુંબમાં, વ્યાપાર વિગેરે બાબતોને લેઇ અનેક મનુષ્યોની સાથે કલેશ કર્યો હોય તેનો સ્થિર ચિત્તથી પશ્ચાત્તાપ કરવો. જે જે જીવોની સાથે કલેશ થયો હોય તેઓને ખમાવવા. જ્યાં સુધી કલેશ કરવાની પ્રવૃત્તિ છે ત્યાં સુધી હૃદયની શુદ્ધ થતી નથી. તીર્થમાં કોઇની સાથે કલેશ થાય એમ બોલવું નહિ. કોઇની નિંદા કરવી નહિ. કોઇનું મર્મ હણાય એવું ખરાબ વચન બોલવું નહિ. દાસ દાસીઓને પણ કલેશથી ધમકાવવા નહિ. પૂજા વિગેરે બાબતો માટે પણ કલેશ કરવો નહિ. કલેશથી મનમાં ક્રોધાદિ અનેક દુર્ગુણો પ્રગટે છે અને તેથી યાત્રાના ફળનો પણ નાશ થાય છે. કલેશથી પોતાનું અહિત થાય છે અને સામા મનુષ્યોનું પણ અહિત થાય છે. તીર્થના સ્થાનમાં કોઈ પણ જીવોની નિંદા કરવી નહિ, કારણ કે કલેશ, નિંદા વિગેરે દોષોનો ત્યાગ કરવાને માટે તો તીર્થની યાત્રા કરવાની છે. તેથી તીર્થમાં ગયા બાદ તો કલેશ, નિંદાને જલાંજલિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપવી જોઇએ. પ્રભુએ કલેશ અને નિંદા દોષનો ત્યાગ કર્યો હતો, તે પ્રમાણે મારે પણ દોષનો ત્યાગ કરવો જોઇએ. ઘર કરતાં પણ તીર્થોના સ્થળમાં સાધુઓ સાધુઓમાં, સાધ્વી સાધ્વીઓમાં તેમજ શ્રાવક અને શ્રાવિકાઓમાં, પરસ્પરની નિંદા અત્યંત થતી હોય તો સમજવું કે તીર્થ યાત્રાનો શુદ્ધ ઉદ્દેશ યાત્રાળુઓ સમજ્યા વિના પવિત્ર થવા માગે છે, પણ તે શી રીતે પવિત્ર થઈ શકે ! જ્યાં નિંદા અને કલેશનું સ્વપ્ન પણ ન જોઇએ, ત્યાં નિંદા અને કલેશની ધમાલ ચાલતી હોય તો તીર્થની યાત્રા કરનારાઓની પવિત્રતા-શુદ્ધતા શી રીતે રહી શકે, તે વિચારવું જોઇએ. કલેશ અને નિંદાખોર યાત્રાળુઓ તીર્થમાં રહેલા મનોવર્ગણાદિ શુભ પુદ્‌ગલ સ્કંધોને પણ અપવિત્ર કરી તીર્થનું સ્થાન બગાડે છે; પોતે બગડે છે અને બીજાઓને બગાડે છે. એવા કલેશથી યાત્રાળુઓ પોતે તરતા નથી અને બીજાઓને તારવા સમર્થ થતા નથી. કેટલાક તીર્થના સ્થળોમાં સાધુઓ કે જે જુદા જુદા સંઘાડાના હોય છે, તેઓમાંના કેટલાક એક બીજાની શ્રેષ્ઠતા દેખાડવા અને પોતાના સંઘાડાની જાહોજલાલી બતાવવા અન્ય સાધુઓની અધમતા ગણાય તેવી રીતે નિંદાદિ કરવામાં પ્રવૃત્તિ કરે છે, સાધ્વીઓમાં પણ તેવી નિંદા થતી જોવામાં આવે છે. તીર્થના સ્થળોમાં કલેશ અને નિંદાના દોષો વધી જવાનું મુખ્ય કારણ તો એ છે કે ત્યાં ઘણા સંઘાડાના સાધુઓ તથા સાધ્વીઓ ભેગાં થાય છે અને ત્યાં પણ જુદા જુદા સ્થાનો શ્રાવકોને રાગી કરી જમાવે છે. પોતાનું જમાવવા બીજાની કંઈ પણ ખોદણી કર્યા કરે છે. શ્રાવકો પણ સાધુઓના જુદા જુદા રાગી થઈ નિંદા અને કલેશમાં ખેંચાય છે, અને મનમાં જાણે છે કે પાપ લાગશે તે એક યાત્રા કરીને ધોઇ નાખીશું. આ પ્રમાણે દુર્બુદ્ધિનો લીધે કલેશ અને નિંદાનો અંત આવતો નથી. કેટલીક ધર્મશાળાના મહેતાઓ પણ જે સાધુઓ અને સાધ્વીઓથી પોતાને ખાનગીમાં કોઇપણ રીતે આવક થાય તેને ઉતારો આપે છે એમ સમજાય છે. બીચારા કેટલાક એવા મહેતાઓ પણ કલેશ અને નિંદામાં પોતાનું જીવન અપવિત્ર કરે છે. ઉપર ઉપરથી તીર્થની યાત્રા થાય છે પણ કલેશ અને નિંદા તો ઉલટાં પુષ્ટતાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પામે છે, ત્યારે પ્રભુના તીર્થની યાત્રાની સાફલ્યતા શી રીતે થઈ શકે ? કેટલાક સાધુઓ તો "તીર્થના સ્થળમાં અમારી પાસે તો પાપ આવી શકે નહિ." એમ જાણીને તે સ્થળે નિંદા અને કલેશનો નાશ કરવા કાંઈ પણ પ્રવૃત્તિ કરતા નથી, તેથી ઘણા શ્રાવક અને શ્રાવિકાઓનો ભાવ ઉઠી જાય છે. માર્ગમાં જતાં કેટલાકો તો સાધુઓ તથા સાધ્વીઓને પગે પણ લાગતા નથી. કેટલાક સાધુઓ અને સાધ્વીઓ તો ગાળાગાળી સુધી આવી જાય છે. કહો બન્ધુઓ ! આવા સાધુઓ તીર્થની પવિત્ર યાત્રાનો લાભ લઈ શકે કે ? જે સાધુઓ અને સાધ્વીઓ આવા સ્થળે કલેશ અને નિંદાદિ દોષથી દૂર રહે છે તેઓને ધન્યવાદ ઘટે છે. "મન ચંગા તો કથરોટમાં ગંગા" આ કહેવતનો લાભ લેઈ તીર્થના સ્થળોમાં તો નિંદા અને કલેશથી તદ્દન દૂર રહેવું અને તીર્થની યાત્રા કરી પ્રતિજ્ઞા કરવી કે આજથી હું હવે કદાપિ કોઇની સાથે બનતા પ્રયાસે કલેશ કરીશ નહિ. નિંદા કરનાર પોતે મલીન બને છે અને જેઓની નિંદા કરે છે તેઓને પોતાના શત્રુઓ બનાવે છે. તેથી પોતે જાણી જોઇને કલેશનાં બી વાવે છે. તીર્થંકરોએ નિંદા અને કલેશનો સર્વથા ત્યાગ કર્યો તેથી તેઓની સ્પર્શેલી ભૂમિ પણ તીર્થરૂપે ગણાય છે, તો આપણે પણ તીર્થંકરોના પગલે ચાલી કલેશ અને નિંદાનો ત્યાગ કરવો.

## परोपकार.

તીર્થંકરો અને મુનિઓએ જગતના ઉપર મોટો ઉપકાર કર્યો છે. તેઓ મહા ઉપકારી હતા, તેથી તેઓના ચરણકમળ વડે જે જે સ્થાનો સ્પર્શાયાં તે પણ તીર્થરૂપ થયાં, તેથી આપણે સમજવું કે તેવા સ્થાને જઈ તીર્થંકરોના પગલે ચાલી આપણે પણ પરોપકાર કરતાં શીખવું જોઇએ. સર્વ જીવોના પ્રાણ બચાવવા, તેમને જે જે સંકટ પડે તેમાંથી તેમને ઉગારવા–બચાવવા, તેઓના આત્માની ઉન્નતિ અર્થે બોધ આપવો, તેઓનામાં રહેલા દુર્ગુણો ટાળવા માટે પ્રયત્ન કરવો; અન્ન, વસ્ત્ર, પાત્ર, વિદ્યા, ઔષધ, આત્મજ્ઞાન વિગેરેથી ઉપકાર કરવા કદી ચુકવું નહિ. દરરોજ થોડો પણ ઉપકાર તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવોજ જોઇએ. દીન અને દુઃખીઓની દયા પ્રથમ કરવી જોઇએ. જેમ જેમ પરોપકારનો વિસ્તાર થાય છે, તેમ તેમ જૈન ધર્મનો પણ વિસ્તાર થાય છે. **परोपकाराय सतां विभूतयः** પરોપકારને માટે સત્પુરૂષોની વિભૂતિયો છે. આપણે જેવી રીતે બીજાના ઉપકારોનું ફળ ગ્રહણ કરીએ છીએ, તેવી રીતે આપણને પણ જે જે શક્તિઓ પ્રાપ્ત થઈ હોય તેમાંથી અન્યોને ઉપકાર કરવો જોઇએ. સર્વ તીર્થંકરોને કેવળજ્ઞાન થાય છે ત્યારે, તેઓ ફક્ત બીજાના ભલા માટે દેશના દે છે અને કરોડો મનુષ્યોને તારે છે. માટે આપણે પણ પરોપકાર કરવો જોઇએ. યાત્રાળુઓએ તીર્થોની યાત્રા કરી અવશ્ય આ ગુણની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો જોઇએ. જેનામાં પરોપકાર નથી તેનો જન્મ નિરર્થક છે. અસાર એવા સંસારમાં પરોપકાર સમાન કોઈ ઉત્તમ કર્ત્તવ્ય નથી. પશુ, પંખી અને વૃક્ષો પણ પરોપકારને માટે દેહ ધારણ કરે છે, ત્યારે મનુષ્યોએ તો વિશેષતઃ પરોપકારનું સેવન કરવું જોઇએ.

## सुपात्रदान.

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, જ્ઞાન, જીર્ણોદ્ધાર અને ચૈત્ય એ સાત ક્ષેત્ર કહેવાય છે. એ સાત ક્ષેત્રમાં દાન કરવું જોઇએ. સાધુ અને સાધ્વીઓ જો ન હોય તો ધર્મનો નાશ થાય. ગામોગામ ફરીને ક્ષુધા, તૃષા, તાઢ, તાપ વિગેરે મોટાં સંકટો વેઠીને તેમજ કાયાની આહુતિ, જૈનધર્મની સેવા માટે આપીને, સાધુઓ અને સાધ્વીઓ જૈનધર્મનો ફેલાવો કરે છે, માટે સાધુઓ અને સાધ્વીઓને વસ્ત્ર, પાત્ર, વસતિ, પુસ્તક, અન્ન, પાન, ઔષધ વિગેરેનું દાન કરવું જોઇએ. ગ્રહસ્થો કરતાં વિદ્વાન્ એવા સાધુઓ જૈનધર્મ માટે ઘણું કરી શકે છે. શ્રી તીર્થંકર ભગવાને સંઘની સ્થાપના કરી તેમાં સાધુઓને મુખ્ય ગણ્યા. **साहूविणा नथ्थि संघो** સાધુઓ વિના સંઘ નથી. સાધુઓ જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધના કરે છે અને અન્યોને જ્ઞાન, દર્શન અને ચારિત્રનું સમર્પણ કરે છે. એક મહાન્ વિદ્વાન્ સાધુ સેંકડો ગ્રંથ લખી શકે, હજારોને ભણાવી શકે, દરરોજ હજારો મનુષ્યોને વ્યાખ્યાન-ભાષણ-સંભળાવે, અર્થાત્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દરરોજની કોન્ફરન્સ ભરી શકે, હજારો પાઠશાળાઓ સ્થાપી શકે, પંચ મહાવ્રત પાળે, તેની આખી જીંદગી જૈનધર્મની સેવામાં જ જાય છે. હજારો વિદ્વાન સાધુઓ થાય તો ગામોગામ ફરીને લાખો મનુષ્યોને જૈનધર્મી બનાવી શકે, માટે સાધુઓને દરેક કાર્યમાં શ્રાવક ભકતોએ મદદ કરવી જોઈએ.

## साधुओए शुं करवुं जोइए.

ગચ્છના કદાગ્રહથી વિદ્વાન્ સાધુઓએ લઢી મરવું જોઇએ નહિ. અન્ય ધર્મીઓને ઉપદેશ આપી જૈન બનાવવા જોઇએ. શ્રીરત્નપ્રભસૂરિએ લાખો રજપૂતોને જૈન બનાવ્યા. શ્રીજિનદત્તસૂરિએ દોઢ લાખ રજપૂત વિગેરેને જૈન બનાવ્યા. શ્રી હેમચંદ્રાચાર્યે શ્રી કુમારપાળ રાજાને જૈન બનાવ્યો, તેમ હાલના કાળમાં પ્રાયઃ કેટલાક વિદ્વાન્ એને વિશાળ દૃષ્ટિવાળા સાધુઓ વિના અન્ય સાધુઓનું લક્ષ્ય આ તરફ જતું જણાતું નથી. તેઓ તો ફક્ત પોતાનો સંઘાડો અને તેની ક્રિયામાંજ જૈનત્વ માની પોતાના બાંટેલા શ્રાવકોને સંભાળી રાખવા, પોતાના ઉપાશ્રયોમાં અન્ય સાધુઓ પ્રવેશ ન કરે તે માટે તેને જાળવી રાખવા, એટલામાંજ પોતાના જીવનની સાફલ્યતા માને છે. ઘણા વિદ્વાન્ સાધુઓ આવી ટુંક દૃષ્ટિ રાખી જો શ્રાવકોને પોતપોતાના ભક્તો બનાવવા પ્રયત્ન કરે તો એક બીજામાં કલેશ થાય. એક વિદ્વાન્ સાધુ બીજા સાધુઓએ જે કહેલું હોય તેને કુયુક્તિથી ઉત્થાપી પોતાનો રાગી બનાવે, ત્યારે સામો સાધુ તેને ફેરવવા પેલા સાધુના ઉપર એક બે દુષણો ચઢાવે, સાધુઓ પોતપોતાના ભક્ત તરીકે સદાકાળ શ્રાવકો રહે તે માટે ક્રિયાઓમાં કાંઈ ફેરફાર કરે; આ પ્રમાણે ક્રિયાઓમાં ફેરફાર થવાથી શ્રાવકો પોતપોતાના ગુરૂઓને ઉતરવા માટે જુદા જુદા ઉપાશ્રય કરે અને તેમાં દશ દશ હાથને છેટે, જુદા જુદા સાધુઓ પોતપોતાનો પક્ષ સાચવવા ઉપદેશમાં બધી વિદ્વતા વાપરે તો તેઓ જૈનધર્મનું ખરૂં અભિમાન ધારણ કરતા નથી એમ ગણાય. તેમજ તેઓની જીંદગી સર્વના વિશેષ પરોપકાર માટે નથી એમ પણ કહી શકાય. તેઓ જૈનધર્મમાં ભેદોના પાડનાર બેરખાં તરીકે ભલે કહેવાય, પણ જૈનધર્મની ખરી–પરિપૂર્ણ–સેવા બજાવનાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરીકે ગણાય નહિ. હાલના કાળમાં સાધુઓ જો વિશાળ દૃષ્ટિ નહિ રાખે તો જૈનધર્મનો ફેલાવો નહિ થાય. કેમકે એક તરફ આર્ય-સમાજીઓનો જુસ્સો અને તેઓનો ઉપદેશ, બીજી તરફ સનાતન વેદાન્તીઓનો ભગીરથ પ્રયાસ અને ઉપદેશ, એક તરફ થીઓસોફીકલ સોસાઇટીના વિદ્વાનોનો પ્રયાસ, એક તરફ ખ્રીસ્તિ પાદરીઓનો પ્રયાસ અને તેઓની ઉપદેશકળા અને એક તરફ આવા જૈન સાધુઓ; અને જે જે જૈન સાધુઓ, વિદ્વાનો તરીકે ગણાતા હોય તેઓ પણ પરસ્પર એક બીજાનું પાણી પીધામાં પણ જાણે વટલાઈ જતા હોય તેવી પ્રવૃત્તિ કરે એ કેટલું બધું ટુંક દૃષ્ટિનું જ્ઞાન!!! એક શહેરમાં એક વિદ્વાન્ સાધુ ઉપદેશ આપે તો બીજા વિદ્વાન્ સાધુ એમ ચિંતવે કે હાય! હાય! લોકો બધા તેના રાગી થઈ જશે. એમ ચિંતવી ત્યાં જઈ ઉપદેશ આપી પેલા વિદ્વાન્ સાધુનું જોર નરમ પાડવા પ્રયત્ન કરે, ઇત્યાદિ પ્રકારે સાંકડી ભેદદૃષ્ટિની ભાવનામાં અંધ બની જવાથી જૈન ધર્મની ખૂબ જાહોજલાલી થઈ શકતી નથી અને સાધુ થયા પછી પણ સઘળું જીવન જોઈએ તેવું ગાળી શકાતું નથી, તેથી સાધુઓનું જીવન સ્વપરના અત્યંત ઉપકાર માટે થતું નથી. જમાનાને અનુસરી સાધુઓએ ભેદભાવનો ત્યાગ કરી જૈનધર્મનો ફેલાવો કરવા માટે યા હોમ કરી ઝુકાવું જોઈએ. એક બીજાનાં છિદ્ર જોવાં, એક બીજાને મળતાં છતાં પણ વન્દના ન કરવી, ઈત્યાદિ દુર્ગુણોનો ત્યાગ કરી સર્વેએ સંપીને જૈનતત્ત્વોને ફેલાવવા પ્રયત્ન કરવો જોઈએ. જે સાધુઓ વિશાળ દૃષ્ટિવાળા છે, વિદ્વાન્ છે, દેશકાળને ઓળખનાર છે, ગચ્છના ભેદની ક્રિયામાં ક્લેશ ન કરતાં જૈનતત્ત્વોનો ઉપદેશ દેનાર છે, તેવા સાધુઓને ધર્મને માટે ખૂબ સહાય આપવી તે અત્યંત ફાયદાકારક છે. બીજા સાધુઓને પણ વિદ્વાન્ બનાવવા ઉદ્યમ કરવો અને સહાય આપવી, તેમજ સર્વ પ્રકારની ભાષા ભણવા માટે, સર્વ દર્શનોનાં તત્ત્વ જાણવા માટે, જૈનધર્મની ઉન્નતિ માટે સાધ્વીઓને પણ યથાયોગ્ય જ્ઞાનદાન આપવું જોઈએ. જે સ્ત્રીઓ કેળવાયલી હોય, વિદ્વાન્ હોય, ધર્માભિમાની હોય, વ્રત પાળવામાં શૂરવીર હોય, જૈનધર્મનો જ્યાં ત્યાં ઉપદેશ દઈ શકે, સ્ત્રીવર્ગને સુધારી શકે, મોટા મોટા ગ્રંથો લખી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકે, સ્ત્રી વર્ગમાં સભા ભરી ભાષણો આપી શકે તેવી સ્ત્રીઓને સાધ્વીઓ બનાવવાની અત્યંત જરૂર છે. જે સ્ત્રીઓ વિધવા થઈ હોય તેઓએ વિદ્વાન્ થઈ પોતાની જીંદગીનો ભોગ ધર્મના માટે આપવા સાધ્વીઓ થવું જોઇએ. ધર્મની હરિફાઈના જમાનામાં ઉત્તમ કેળવાયલી અને બહાદુર સાધ્વીઓની જરૂર છે, તેવી સાધ્વીઓ કરવા માટે અત્યંત પ્રયત્ન કરવો. જેમ જેમ વિદુષીઓ એવી ઉત્તમ સાધ્વીઓ તૈયાર થશે તેમ તેમ જૈન ધર્મનો ફેલાવો થશે, માટે ઉત્તમ સાધ્વીઓ થનારને તન, મન અને ધનથી મદદ કરવી. સાધ્વીઓ ઉત્તમ પાત્ર કહેવાય છે, માટે બહુમાન ભક્તિથી તેઓને દાનથી પોષવાં અને તે વર્ગની વૃદ્ધિ કરવી. ઉત્તમ વિદ્વાન્ વિશાળ દૃષ્ટિવાળા ધર્માભિમાની એવા સાધુઓ તથા સાધ્વીઓને દાન આપવું, તેઓની ભક્તિ કરવી.

સાધુઓ અને સાધ્વીઓએ અધ્યાત્મજ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ. જો તેઓ અધ્યાત્મજ્ઞાનમાં પ્રવેશ કરશે તો, સામાન્ય ગચ્છભેદોની ક્રિયાઓથી ક્લેશ કરશે નહિ અને સંપીને રહેશે. માટે સાધુઓ અને સાધ્વીઓને જ્ઞાન ભણવામાં અત્યંત મદદ કરવી, કારણ કે તેઓએ જૈનધર્મને માટે આખી જીંદગી અર્પણ કરી છે.

શ્રાવક અને શ્રાવિકાઓને જ્ઞાનદાન આપવાની અત્યંત જરૂર છે. તેઓને ભક્તિ અને બહુમાનથી દાન આપવું જોઇએ. કેટલાક દયાભાવ લાવીને તેઓને દાન આપે છે, તેઓ દાનનું સ્વરૂપ સમજતા નથી.

શ્રાવક અને શ્રાવિકાઓ બાર વ્રતને પાળે છે. સમ્યકત્વને ગ્રહણ કરે છે. શ્રાવક અને શ્રાવિકાઓથી સાધુ સાધ્વીઓની ભક્તિ થાય છે. શ્રાવક અને શ્રાવિકાઓથી જૈનધર્મનો ફેલાવો થાય છે. સાત ક્ષેત્રનું તેઓ રક્ષણ કરી શકે માટે તેઓની અવશ્ય ઉન્નતિ કરવી જોઇએ. પ્રથમ જે શ્રાવકો અને શ્રાવિકાઓ થતાં હતાં તે જૈનધર્મનો ફેલાવો કરવા પ્રયત્ન કરતા હતાં. હાલમાં કેટલાક ધનાઢ્ય પણ અજ્ઞ એવા શ્રાવક અને શ્રાવિકાઓ તીર્થોની યાત્રા કરવા જાય છે; પણ દેવગુરૂ અને ધર્મનું સ્વરૂપ જાણતા નથી. ઇશ્વરે જગત્ બનાવ્યું, ઈત્યાદિ વાતોને માને છે અને જૈન કહેવરાવે છે. તીર્થોમાં જઈ પ્રભુની પ્રતિમાની આગળ કેવી રીતે સ્તુતિ કરવી, તે પણ બરાબર જાણતા નથી. તેવા અજ્ઞ શ્રાવકોને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુછીએ કે તમારા શરીરમાં આત્મા કયા ઠેકાણે રહ્યો છે? અને આત્માનો બનાવનાર કોણ? ત્યારે ઉત્તરમાં કહેશે કે હૃદયમાં આત્મા રહ્યો છે અને તેનો બનાવનાર પરમેશ્વર છે. તીર્થંકરોને પણ પરમેશ્વરે બનાવ્યા, એમ અજ્ઞપણાથી કહી દે છે, વા તીર્થંકરોએ આપણને બનાવ્યા એવું કહી દે છે. અહો ! આ જગતમાં તેઓ જે ધર્મ પાળે છે તેમાં શું રહસ્ય છે ! તેને પણ કેટલાક શ્રાવકો અને શ્રાવિકાઓ જાણુતી નથી. મૂર્ખ શ્રાવકો અને શ્રાવિકાઓ તીર્થમાં જઇને કેવા પ્રકારની પ્રભુની સ્તુતિ કરશે તે વિચારવા જેવું છે. તેઓ એટલું તો જાણે છે કે તીર્થે જવાથી બધાં પાપ જતાં રહે, પણ કેવી રીતે વર્તવાથી પાપ જતાં રહે તે બાબતની ગુરૂઓને પૃચ્છા પણ કરતા નથી. તીર્થસ્થાનમાં રહેલા ગુરૂઓની પાસેથી તત્ત્વજ્ઞાનનો બોધ લેવો તે વાત પણ અજ્ઞ શ્રાવકોને રૂચતી નથી અને તેઓ વિધિપૂર્વક યાત્રા પણ કરી શકતા નથી. એક જ્ઞાની પુરૂષ તીર્થયાત્રામાં જેવા શુદ્ધ પરિણામ રાખી શકે છે, તેવા પરિણામને મૂર્ખ યાત્રાળુ રાખી શકે નહિ, એ બનવા યોગ્ય છે. માટે મૂર્ખતાનો નાશ કરી તીર્થયાત્રાનો સમ્યક્ લાભ લેવો જોઇએ.

જે શ્રાવકો અને શ્રાવિકાઓ જોઇએ તે પ્રમાણમાં જૈનધર્મનાં તત્ત્વ જાણી શકતાં નથી, તેઓ જૈનધર્મથી ભ્રષ્ટ થાય છે. દશા-શ્રીમાળી જ્ઞાતિના વણિકો હાલ જે છે તે વસ્તુપાળ અને તેજપાળના વંશના છે, પણ જૈનધર્મને બરોબર ન જાણવાથી મિથ્યાત્વીઓના ઉપદે-શથી કેટલાક સ્વામિનારાયણીયા બની ગયા, કેટલાક વૈષ્ણવ બની ગયા. કાઠીયાવાડમાં કેટલાક વિશાશ્રીમાળી વણિકો પણ સ્વામિનારાયણનો ધર્મ પાળે છે. સ્વામીનારાયણને ઉત્પન્ન થયાં લગભગ સો વર્ષ થયાં તે પહેલાં તેઓ જૈનો હતા, પણ જૈન ધર્મનાં તત્ત્વ જાણુતા નહોતા અને ઉપર ઉપરથી જૈનધર્મ ફક્ત નામનો પાળતા હતા, તેથી બોટાદ વગેરેમાં કેટલાક સ્વામીનારાયણીયા બની ગયા છે. અજમેરમાં ઘણા ઓશવાળનાં ઘર જૈનધર્મના જ્ઞાનના અભાવે વેદાન્તીયોના ઉપદેશથી વેદ ધર્મમાં ગયા છે. ઉદેપુરના એક આગેવાનનું ઘર પણ જૈન તત્ત્વજ્ઞાનના અભાવે વૈષ્ણવ બની ગયું છે. વડોદરા વગેરેમાં કેટલાક દશાશ્રીમાળી શ્રાવકો હાલમાં થોડા વર્ષથી જૈન તત્ત્વજ્ઞાન જાણવાના અભાવે મેશ્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થાત્ વૈષ્ણવ બની ગયા છે, તેઓના બાપદાદાઓ જૈની હતા. મહેસાણા અને વિજાપુરમાં દશા દેશાવાળ તથા પોરવાડો પ્રથમ જૈનો હતા, ઘણા વખત પહેલાં તેઓના બાપદાદાઓ જૈનો હતા અને તેઓનાં બંધાવેલાં જૈન મંદિરો પણ છે; પરંતુ જૈનધર્મનું તત્ત્વજ્ઞાન જાણવાના અભાવે હાલ વૈષ્ણવો બની ગયા છે. વડનગરમાં હાલમાં કેટલાક વૈષ્ણવ વણિકો છે તેઓના બાપદાદાઓ જૈનધર્મી હતા. પચાસ વર્ષ પહેલાં કેટલાક જૈન પણ વૈષ્ણવી કહેવાતાઓને ગોસાંઇજીના આચાર્યે ફરજ પાડી કે જો તમો જૈનધર્મ પાળશો તો તમને કોઈ કન્યા આપશે નહિ, ત્યારે પેલા જૈનો અમદાવાદમાં પ્રેમાભાઈ શેઠ વગેરેને મળ્યા અને કહ્યું કે અમારી સાથે જૈનોની કોઇ ન્યાત જો કન્યાવ્યવહાર કરે તો અમો કંઠી ન બાંધીએ, પણ ધર્મના અભિમાનથી દુર રહેલામાંથી કોઇએ તેઓનો અવાજ સાંભળ્યો નહિ, અને અંતે તેઓએ કંઠી બાંધી લીધી. તે વખતમાં ગોરજીઓ તેમજ સંવેગી સાધુઓ હતા, પણ તેઓએ કશું કંઈ કર્યું નહિ, તેથી આવું વૃત્તાંત સાંભળી અમારી આંખમાંથી અશ્રુની ધારા છુટે છે. **સાધુઓ પોતાના ગચ્છની ક્રિયાઓમાં જરા ભેદ પડે તો ધમંધમા કરી મૂકે, પણ શ્રાવકનાં કુળનાં કુળ જૈનધર્મ ત્યાગી અન્ય ધર્મમાં જાય તેને માટે બિલકુલ લક્ષ્ય આપે નહિ, તે કેવી રીતે જૈનધર્મના રક્ષકો ગણી શકાય?** હાલમાં પણ હજી જૈનોની આંખો ઉઘડતી નથી, તેનું કારણ એ છે કે તેઓ જૈનધર્મના તત્ત્વોને બરાબર જાણતા નથી, તેથી તેઓ ધર્મશૂરથી હીન બનેલા દેખાય છે.

સુરતમાં વૈષ્ણવોની કોન્ફરન્સ સં. ૧૯૬૬ ની સાલમાં ભરાઈ હતી. તે વખતે એક વૈષ્ણવ બોલ્યો હતો કે, શંકરમતના અનુયાયીઓ અમારા ઉપર દ્વેષ ધરે છે તે યોગ્ય નથી. કારણ કે અમારા આચાર્યે કંઈ શંકરાચાર્યના મતવાળાઓને વૈષ્ણવ બનાવ્યા નથી પણ **સંખ્યાબંધ-લાખો-જૈનીઓને વૈષ્ણવો બનાવ્યા છે.** તેથી ઉલટું તેઓએ અન્યોને વેદધર્મમાં લાવી ઉપકાર કર્યો છે. જૈન શ્રાવકો!! 'વિચારો'!!! તમો મૂર્ખ રહ્યા અને **તમારાં છોકરાંઓને જૈનધર્મનું જ્ઞાન આપ્યું નહિ, તેનું આ પરિણામ આવ્યું.** હાલમાં વૈષ્ણવો જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહેવાય છે તે મોટા ભાગે અસલમાં જૈનો હતા. ચાલીશ લાખ વૈષ્ણવોની સંખ્યા કહેવાય છે તેઓ પૂર્વે જૈનો હતા, તે તેઓ પોતેજ ઘણાખરા કબુલ કરે છે. પૂર્વે બ્રાહ્મણોનો મોટો ભાગ જૈનધર્મ પાળતો હતો તેઓ પણ વેદધર્મ પાળવા લાગ્યા છે. પૂર્વાચાર્યોના વખતમાં બ્રાહ્મણોને જૈનો કરેલા હતા અને તેઓ ભોજકો–સેવકો–વિગેરે કહેવાય છે, તેઓ જૈન જ્ઞાન પ્રાપ્ત કરીને ગામે ગામ ગાઇને જૈનોને ધર્મમાં દૃઢ કરતા હતા. તેઓનામાં પણ હાલ કેટલાક અન્ય ધર્મ પાળવા લાગ્યા છે અને જૈનધર્મથી પરાઙ્મુખ થયા છે. માળવા વગેરે ઠેકાણે પણ, પહેલાં જૈનો હતા એવા કેટલાક વણિકો, હાલ અન્ય ધર્મમાં દાખલ થયા છે. મુરશીદાબાદમાં જગત્ શેઠનું કુટુંબ પચાશ વર્ષ ઉપર જૈન-ધર્મી હતું, તેઓના બાપદાદાએ બંધાવેલાં દેરાસર મોજુદ છે; છતાં સાંભળવામાં આવે છે કે, તેઓમાંના કેટલાક વંશજો હાલ વૈષ્ણવ-ધર્મમાં દાખલ થયા છે. કર્ણાટક વગેરેમાં પૂર્વે હજાર વર્ષ પહેલાં ઘણા જૈનો હતા પણ રામાનુજ આચાર્ય અને શંકરાચાર્યના જોરથી તેઓમાંનો મોટો ભાગ વૈષ્ણવ અને શૈવ બની ગયો. પંડિત રાજેન્દ્ર-નાથે પોતાના બનાવેલા 'ભારતીયમત દર્પણ' નામના પુસ્તકમાં લખ્યું છે કે, જૈનોની વસતિ વિક્રમ સંવત્ પહેલાં ચાલીશ કરોડ મનુ-ષ્યોની હતી. જૈન બંધુઓ !!! વિચારો કે આટલી બધી વસતિ ઘટીને ફક્ત ચૌદ લાખની રહી તેમાં તમારો દોષ છે કે નહિ? રામાનુજ તથા શંકરાચાર્યના અનુયાયીઓએ ઘણા જૈન રાજાઓને ફેરવી નાંખ્યા તે વાત ઇતિહાસથી સાબીત થાય છે. પહેલાં આગ્રા વગેરેમાં અગ્રવાલ વગેરે વણિકો જૈન હતા, પણ હાલ તેનો ઘણો ખરો ભાગ કેટલાક સૈકાથી વૈષ્ણવ–વેદ–ધર્મી–બની ગયો છે. લાલા લજપતરાય કે જેનું કુટુંબ સો વર્ષ પહેલાં જૈન હતું તેનાજ કુટું-બીઓ હાલ વેદધર્મી સાંભળવામાં આવે છે. વડોદરામાં શ્રેયઃસાધક-અધિકારીવર્ગમાં દાખલ થએલા છોટાલાલ જીવનલાલનું કુટુંબ સ્થાનકવાસી જૈન હતું, પણ તેઓ નૃસિંહાચાર્યના સમાગમથી વેદ ધર્મી બની ગયા હતા. તેમની માતા અને વહુ જૈની હતાં પણ તેઓને સમજાવી વેદધર્મમાં દાખલ કર્યાં. અહો ! જૈન બંધુઓ ! જાગો !!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને જરા આંખ ઉઘાડો! તમારા હૃદયમાં કેમ કમકમાટ ઉત્પન્ન થતો નથી? તમને જૈનધર્મનું જ્ઞાન હોત તો વિજળીની પેઠે હૃદયમાં અસર થયા વિના રહેત નહિ, તેમજ તમારી આંખમાંથી અશ્રુની ધારા છૂટયા વિના રહેત નહિ. તમારા બાપદાદાના વંશજો અન્ય ધર્મમાં દાખલ થાય છે. અફસોસ! અફસોસ! જો તમોએ, ગુરૂઓ પાસે જૈનતત્ત્વનું જ્ઞાન લીધું હોત તો આવો ખરાબ બનાવ બનત નહિ. હજી પણ આવા બનાવો બનતા જાય છે. સુરતમાં એક જૈન આર્યસમાજી થયો છે એમ સંભળાય છે, અને એક પત્રકાર સુરતમાં સ્વામીનારાયણનો ધર્મ પાળે છે. આનું કારણ શોધીએ તો માલુમ પડે છે કે, જૈનધર્મનું જ્ઞાન બાલ્યાવસ્થાથી આપવામાં ન આવ્યું તેજ હેતુ છે. અમદાવાદમાં કેટલાક કેળવાયલા જૈનો થીઓસોફીકલ સોસાયટીમાં દાખલ થયા છે. તેઓમાંના કેટલાક તો એમ કહે છે કે જૈનોની મુક્તિ કદી અમોને પ્રાપ્ત થશો નહિ, કેટલાક તો એમ માને છે કે પરમેશ્વરે આ જગત્ બનાવ્યું છે અને પરમેશ્વર તરફથી કેટલાક મહાત્માઓ જુદી જુદી બાબતોનો ઉપદેશ આપવા અવતાર ધારણ કરે છે. તીર્થંકરો બુદ્ધ–ઈશુ–મનુ વગેરે સર્વ મહાત્માઓ તીબેટની પેલી તરફ એક પહાડ છે, ત્યાં ભેગા થાય છે અને જુદી જુદી કોમમાં ઉપદેશ આપવા અવતારો લે છે. તીર્થંકરો પણ પરમેશ્વર તરફના મોકલેલા મહાત્માઓ છે, આવી તેમની અંતઃકરણની માન્યતા છે એમ સાંભળ્યું છે અને ઉપરથી જૈન ધર્મ પ્રમાણે પૂજા કરતા દેખાય છે; પરંતુ અન્તરમાં તો પરમેશ્વરે આ જગત્ બનાવ્યું છે એવી શ્રદ્ધા હોય છે એમ સાંભળ્યું છે, સત્ય તો જ્ઞાની જાણે. જૈનોએ સમજવું કે બાલ્યાવસ્થામાંજ જૈનધર્મના તત્ત્વોનું જ્ઞાન, જૈન બાળકોને આપવામાં નહિ આવે તો, કેળવાયલો ઘણો ખરો ભાગ, અન્ય ધર્મમિશ્રમંડળો વગેરેમાં દાખલ થઈ અન્તે જૈનધર્મથી પતિત થશે. શ્રાવક કોમમાં પણ અન્ય ધર્મીનો ધર્મ માનનારા ઘણા થશે ત્યારે, તમારૂં કંઈ પણ જોર ચાલશે નહીં અને અન્તે સંઘની વ્યવસ્થા બગડી જશે. અનેક પ્રકારના શાસ્ત્ર જાણ્યા વિનાનો શ્રાવક (જૈન સંઘ) પોતેજ જૈનતત્ત્વથી અજ્ઞાન છે, તો બીજાઓને બોધ આપી ખરા જૈનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્યાંથી બનાવી શકશે? જૈનોનો શ્રાવક સમુદાય તરીકે કહેવાતો અને ફક્ત ઈંગ્લીશ ભાષા ભણેલો, એવો કેળવાયલો વર્ગ અનેક મિથ્યા પુસ્તકો વાંચી નાસ્તિક બનશે એવી શંકા રહે છે, માટે હવે તો જૈનતત્ત્વજ્ઞાન આપીનેજ ખરા જૈનો બનાવવા જોઇએ. જૈનતત્ત્વ જ્ઞાન જાણતા નથી એવા શ્રાવક જૈનો પોતે તત્ત્વ સમજતા નથી, પણ ગાડરીયા પ્રવાહની પેઠે ધર્મની ક્રિયાઓ કરે છે. ઉપર ઉપરથી ધર્મ આચાર સાચવે છે પણ તેઓ જ્ઞાનના અભાવે સમ્યક્ત્વ પમાડી શકતા નથી. અજ્ઞ એવા શ્રાવક અને શ્રાવિકાઓ ધર્મનું સ્વરૂપ જાણે નહિ તો તેઓને તીર્થનું ખરૂં જ્ઞાન ક્યાંથી થઈ શકે? અલબત થઈ શકે નહિ. ઉપર ઉપરના આચારવાળા (કુળાચારને લઈને) જે જૈનો છે તેઓને તેરાપંથીઓ ભરમાવીને તેરાપંથી બનાવે છે. અરે રે! એવા શ્રાવકોની સ્થિતિ *ગારના ખીલાની પેઠે રહે છે, તેથી તેઓ સમ્યક્ત્વના અભાવે મુક્તિ પામતા નથી અને અન્યોને પમાડી શકતા નથી. દરેક ધર્મના આગેવાનો પોતપોતાના ધર્મ તત્ત્વોનો ફેલાવો કરવા, મંડળો-કોન્ફરન્સો ભરે છે અને ધર્મતત્ત્વની વાત ચર્ચે છે, જ્યારે જૈનોની કોન્ફરન્સ ભરાય છે, તેમાં જૈન ધર્મ શું છે? બીજા ધર્મો કરતાં કેવી રીતે ઉત્તમ છે? તે સંબંધીનાં ખાસ ભાષણ થતાં નથી. ફક્ત જીર્ણોદ્ધાર તથા પીંછાની ટોપીઓ પહેરવી નહિ. ચામડાંનાં પુઠાં રાખવાં નહિ. એવા કેટલાક ઠરાવો થાય છે પણ જૈનધર્મના તત્ત્વોનો ફેલાવો થાય, જૈનધર્મ શું છે, કેવી રીતે અન્યોને જૈન બનાવવા, તે સંબંધી વિશેષ બોલવામાં અગર કરવામાં આવવું જોઇએ. કોન્ફરન્સના કેટલાક ઠરાવો સ્તુત્ય છે, પણ હજી જે કરવું જોઇએ તે થતું નથી. કોન્ફરન્સ તરફથી કેળવણી માટે મદદ ફંડ ચાલે છે, તેમાં અમારો વિચાર એ છે કે, જે જૈનધર્મનું તત્ત્વજ્ઞાન લે અને જેને જૈન ધર્મની પૂર્ણશ્રદ્ધા હોય, તેને સારી રીતે વ્યવહારિક વિદ્યા ભણતાં પણ મદદ કરવી. જૈનોને ધર્મ પાળવાની બુદ્ધિથી મદદ આપવી જોઇએ. કેટલેક ઠેકાણે કોન્ફરન્સ તરફથી પાઠશાળાઓને મદદ આપવામાં આવે છે અને ત્યાં ભણતા વિદ્યાર્થીઓ

* માટીના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાંચ પ્રતિક્રમણનો અભ્યાસ કરે છે, તો પણ જૈનતત્ત્વ જ્ઞાન શું છે? તેને જાણી શકતા નથી, જેથી અન્ય ધર્મ કરતાં જૈન ધર્મ કેવી રીતે શ્રેષ્ઠ છે, તે સંબંધી બરાબર સમજી શકતા નથી. આવી પોપટીયા કેળવણી મોટપણમાં જૈનધર્મની શ્રદ્ધામાં અંતઃકરણથી શી વૃદ્ધિ કરી શકે? તે સમજાતું નથી. આર્યસમાજીઓ પોતાના સિદ્ધાંતો અને આચારોની સાથે અન્યધર્મના સિદ્ધાંતોનો મુકાબલો કરાવી આર્ય વિદ્યાર્થીઓને ધાર્મિક કેળવણી એવી તો ધર્માભિમાની આપે છે કે, એક એક આર્યસમાજી પોતાના ધર્મને માટે, તન, મન અને ધન અર્પણ કરે છે અને પોતાનો ધર્મ વધારવા મન, વાણી અને કાયાનો ભોગ આપે છે. જૈનોને જૈન ગુરૂઓની પાસે જૈનધર્મના તત્ત્વોનું જ્ઞાન અધિકાર પ્રમાણે થતું જાય અને અન્યધર્મોના સિદ્ધાંતોની ન્યૂનતા સમજાતી જાય અને જૈનધર્માભિમાન વધતું જાય, એવી રીતે ધાર્મિક જ્ઞાન અપાવવું જોઈએ. શ્રદ્ધાવિનાના ભાડુતી અન્યધર્મી શિક્ષકોની પાસે જ્ઞાન અપાવવાથી ઉલટા જૈન શ્રાવકો ધર્મથી ભ્રષ્ટ થતા જાય છે. **જૈનતત્ત્વજ્ઞાનની સાથે અન્ય ધર્મના તત્ત્વનો મુકાબલો કરાવી જૈન ધર્મનું શિક્ષણ આપવાથી જૈનધર્મની પરિપૂર્ણ શ્રદ્ધા થાય છે અને એવા જ્ઞાનથી બનેલા જૈનો પોતાનું તન, મન, ધન, ધર્મને માટે અર્પણ કરે છે.** ધર્મનું જ્ઞાન પામેલા શ્રાવકોજ કંઈ કરી શકશે. ભલે ધનાઢ્ય હોય પણ જેને જૈનધર્મનું જ્ઞાન ન હોય, તે અન્યોને જૈન બનાવી શકતો નથી. જૈનધર્મના જ્ઞાન વિના શ્રાવકપણું પ્રાપ્ત થઈ શકે નહિ, માટે શ્રાવકોએ અવશ્ય જૈનધર્મનું જ્ઞાન સંપાદન કરવું જોઇએ. કાશીની જૈન પાઠશાળા હાલ સારી રીતે ચાલે છે. મેસાણાની પાઠશાળામાંનું શિક્ષણ જમાનાને અનુસરી જોઇએ તે પ્રમાણમાં ઉપયોગી જણાતું નથી. આર્યસમાજીઓના ગુરૂકૂળની પેઠે જૈનોમાં એક મોટું ગુરૂકૂળ સ્થપાય તો વ્યવહારિક અને ધાર્મિક બંને પ્રકારની કેળવણીનું ઉચ્ચ જ્ઞાન મળે પણ જૈનોમાં હજી આ બાબતના વિચારો જોઇએ તે પ્રમાણમાં સ્ફુર્યા નથી. કેળવાયલા શ્રાવકવર્ગમાં કોઇ આત્મભોગ આપે તો આ મહાન કાર્ય પ્રારંભી શકાય. પ્રથમ તો ગુરૂકૂળની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોજના, તેનું સ્થાન, તેને ચલાવનાર યોગ્ય જૈનો, ધનનું ફંડ એ ચાર વ્યવસ્થા પરિપૂર્ણ થાય તો જેવા આર્યસમાજીઓ ધર્માભિમાની વેદધર્મી વિદ્યાર્થીઓને ઉત્પન્ન કરે છે અને બળવાન્ બનાવે છે, તેવા જૈન વિદ્યાર્થીઓ જૈનો પણ બનાવવા ભાગ્યશાળી થાય. મને ખાત્રી છે કે આવી જૈનગુરૂકૂળ જેવી મહાન્ સંસ્થા થયા વિના શ્રાવકોમાં ધર્મનો જુસ્સો પ્રગટવાનો નથી. ધર્મવિનાની કેળવણીનું શિક્ષણ જૈન ધર્મીઓને ધર્મના અંગે કંઇપણ લાભકારક નથી, માટે ધાર્મિક સાથે વ્યવહારિક શિક્ષણ આપવું જોઇએ. આવી સંસ્થામાં ભણેલા જો સાધુઓ થાય તો પણ એક સાધુ સો સાધુ જેટલું કાર્ય કરી શકે અને ત્યારે જૈનધર્મની જાહોજલાલીના કિરણોનો પ્રકાશ થાય. નવો જુસ્સો આવ્યા વિના જૈનોનું ભાગ્ય ઉદય પામી શકશે નહિ. અન્ય ધર્મીઓની હરીફાઈમાં જૈનો, ધન, સત્તા, બળ, બુદ્ધિ વગેરેમાં પાછળ પડતા રહેશે અને એક દીવસ જૈનોનું નામ માત્ર ઇતિહાસના પાનામાં રહેશે એવો વખત આવી જશે, માટે **શૂરા અને પોતાની માતાના સ્તનપાનને સફળ કરવાની ઇચ્છાવાળા એવા જૈનોએ હવે તો યાહોમ કરીને જૈનોની ધાર્મિક આદિ ઉન્નતિ માટે ઝુકાવું જોઇએ.** જૈનોના લાખો રૂપૈયાઓ અન્યમાર્ગે ખરચાય છે; પણ જમાનાને અનુસરી હાલતો આ બાબતમાં ખર્ચાવા જોઇએ. જ્યારથી જાગવામાં આવશે ત્યારથી પ્રભાત થશે. હવે જરા માત્ર પણ પ્રમાદ કરવાનો વખત નથી. મુસલમાનોએ અલીગઢ કોલેજમાં ધાર્મિક વિદ્યા દાખલ કરી છે. આર્યસમાજીઓએ દેવલાલીમાં હમણાં ગુરૂકૂળ ખોલ્યુ છે, તેમાં બ્રહ્મચર્ય સારી રીતે પળાવવામાં આવે છે, પણ હજું જૈનો ખરા જીગરથી ધાર્મિક વિદ્યા માટે જોઇએ તેવો પ્રયત્ન કરતા નથી. હાલ જે યુવાન્ જૈનો ઈંગ્લીશ કેળવણી લે છે, તેઓને ખરી ધાર્મિક વિદ્યા શિખવવામાં આવતી નથી, તેના લીધે તેઓ નાસ્તિક થતા જાય છે. અમદાવાદ જેવા જૈનોના રાજનગરમાં તો દારૂનો સડો પેઠો છે એમ જાહેર પત્રોથી જાણીએ છીએ. આથી ભય રહે છે કે દયાળુ પ્રજાની સંતતિમાં માંસનો સડો પેસશે કે કેમ ? શ્રાવકોમાં જે આગેવાન ધનાઢ્ય વર્ગ છે તે જૈનધર્મનાં તત્ત્વો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાણુવા પ્રયત્ન કરતો નથી, તેમ સાધુઓ કેટલાક એવા છે કે હાલ ધર્મની શી ચળવળ ચાલે છે, તેની પણ ખબર તેઓ રાખતા નથી. મૂર્તિને નહિ માનનારા એવા સ્થાનકવાસી* જૈનોમાં નવી જાગ્રતિ આવવા લાગી છે, ત્યારે સનાતન જૈનો ઉંઘે છે અને પોતાને સત્ય જૈનો કહેવરાવે છે. દરેક શ્રાવકો પોતાનાં છોકરાંને ધાર્મિક શિક્ષણ આપવા ખાસ લક્ષ્ય આપતા નથી. જો શ્રાવકોની સંખ્યા ઘટી જશે તો, તીર્થોની શી દશા થશે તે પણ સમજાતું નથી. હજારો શ્રાવકો અને શ્રાવિકાઓ ભેગી કરીએ ત્યારે નવતત્ત્વને જાણુનારા આંગળીના વેઢા જેટલા પણ જડી આવવા મુશ્કેલ છે. કેટલાક શ્રાવકો તો સાધુઓને તોડી પાડી પોતે ધારેલા ગ્રહસ્થ ગુરૂને મનાવવાને પ્રયત્ન કરે છે. શેઠીઆઓ જ્યારે કોન્ફરન્સ થાય છે ત્યારે માંચડાને ધુજાવી નાંખે તેવાં ભાષણો આપે છે, પણ કેટલાક ઘેર ગયા બાદ ત્યાં બોલેલું સ્વપ્નાની પેઠે ભૂલી જાય છે; જે શેઠીઆઓ આસ્તિક હોઇ યથાશક્તિ પ્રયત્ન કરે છે, તેઓ ખરા જૈનપણાને યોગ્ય છે.

કેટલાક શ્રાવકો બિલકુલ ગરીબ દશામાં આવી ગયા છે, તેઓને સારા રસ્તે ચડાવવા કોઇ જોઇએ તેવો પ્રયત્ન કરતું નથી. મારો તો વિચાર એવો છે કે ધાર્મિક અને વ્યવહારિક કેળવણી આપવાથી સર્વ અંગની વૃદ્ધિ થશે; ધર્મવિના એકલી વ્યવહારિક વિદ્યા ભણાવવામાં જો સહાય આપવામાં આવે તો મુસલમાનોને પણ મદદ કરવી જોઇએ ! જે જૈનો ધાર્મિક કેળવણી લેતા હોય અને ધર્મમાં પૂર્ણ શ્રદ્ધાવાળા હોય તેવાઓને વ્યવહારિક વિદ્યા ભણુવામાં સહાય આપવાથી શ્રાવકની ફરજ બજવાય છે. ગમે તે જાતનો શ્રાવક હોય, પણ જૈનતત્ત્વનો જ્ઞાતા હોય અને જૈન ધર્મની શ્રદ્ધામાં જેનાં હાડ રંગાઇ ગયાં હોય, તેવાઓને આપેલી વ્યવહારિક ધનાદિ સહાય સફળ થાય છે અને તેજ સ્વધર્મવાત્સલ્ય કહેવાય છે.

એક દિવસ સકળ શ્રાવક અને શ્રાવિકાઓને જમાડી નવકારશી કરવામાં આવે છે, તેટલા માત્રથી ખરેખર–શાસ્ત્રધારે–સાધર્મ્યવાત્સલ્ય કહેવાતું નથી. ખરૂ સાધર્મ્યવાત્સલ્ય એ છે કે, જેને જૈન બંધુઓની

* વાશી શબ્દ ખોટો વપરાય છે. માર્ગી શબ્દ બંધ બેસ્તો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભક્તિ કહેવામાં આવે છે; તેનું વર્ણન શાસ્ત્રોમાં સારી રીતે છે. લાખો રૂપૈયાનો નવકારશીના નામે વ્યય કરવામાં આવે છે, તેનો વ્યય જો ધાર્મિક કેળવણીમાંજ કરવામાં આવે તો, જૈનો જે નામ માત્રથી કેટલાં છે તે મટી જઇને ખરા જૈનો બની જાય. શ્રાવકો, ઉજમણાના નામે ધર્મનાં પુસ્તકોમાં જેટલા રૂપૈયાનો વ્યય કરવાનો છે તે કરતા નથી અને બીજા કાર્યોમાં વિશેષ રૂપૈયાનો વ્યય કરે છે, તે જો તત્ત્વજ્ઞાન લે તો બની શકે નહિ.

કાઠીયાવાડ વગેરેમાં કેટલાક જૈનો દુર્બુદ્ધિથી કન્યાઓને વેચી આજીવિકા ચલાવે છે. કેટલાક નામધારી જૈનો અન્ય વૈષ્ણવો વગેરેને પોતાની છોકરીને મિથ્યાત્વી બનાવવા આપી દે છે. અહો ! ! ! કેવી નામધારી શ્રાવકોની ખરાબ દશા ! ! ! જો તેઓ જૈનતત્ત્વનું જ્ઞાન પામીને જૈનો બન્યા હોત, તો ગમે તે જાતનો ધંધો કરીને આજીવિકા ચલાવત પણ પોતાની છોકરી વેચી પેટ ભરત નહિ, તેમ પોતાની છોકરીને પોતાના હાથે અસંખ્ય ભવ વધારવા મિથ્યાત્વી વૈષ્ણવ વગેરેને આપત નહિ. એવા શ્રાવક અને શ્રાવિકાઓ તીર્થના સ્થાને જઈ શું ફળ પ્રાપ્ત કરી શકે ? કેટલીક શ્રાવિકાઓને અન્ય ધર્મમાં પરણાવે છે, ત્યારે તેઓ ત્યાં અન્ય ધર્મ પાળે છે અને વળી બાપના ઘેર આવે ત્યારે જૈનધર્મ પાળે છે, આવી ગારના ખીલા જેવી શ્રાવિકાઓથી પોતાનું તથા અન્યનું ભલું થવાનું નથી.' કેટલાક શ્રાવકો તીર્થ યાત્રાના સંઘ કાઢે છે પણ જૈન તત્ત્વજ્ઞાન શું છે, અન્ય ધર્મ અને જૈનધર્મમાં શો ફેર છે, આત્મા• શું છે ? કર્મ શું છે ? તેનું ભાન તેઓને હોતું નથી, તેઓ તીર્થની યાત્રા કેવી રીતે કરી શકશે, તે વિચારવા યોગ્ય છે. શ્રાવકો અને શ્રાવિકાઓએ પ્રથમ જૈનધર્મનું તત્ત્વજ્ઞાન મેળવવું જોઇએ. યાત્રાળુ શ્રાવક અને શ્રાવિકાઓને તીર્થંકરોનું જ્ઞાન હોવું જોઇએ, ગુરૂનું જ્ઞાન હોવું જોઇએ, અને જૈનધર્મનું જ્ઞાન હોવું જોઇએ. ષડ્ દર્શનમાં આત્માનું કેવું સ્વરૂપ કહ્યું છે અને વીતરાગદેવે આત્માનું કેવું સ્વરૂપ કહ્યું છે, તેનું જ્ઞાન કરવું જોઇએ. અન્ય ધર્મીઓને જૈનતત્ત્વો સમજાવી શકાય એવી રીતે જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ. આવી રીતે તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરીને જેઓ તીર્થની યાત્રા કરે છે, તેઓ તીર્થ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યાત્રાથી અનેક પ્રકારના વ્યવહારિક અને ધાર્મિક લાભ મેળવી શકે છે. જૈનતત્ત્વને જાણનારા એવા શ્રાવકોને અને શ્રાવિકાઓને અનેક રીતે સહાય આપવી તેને સુપાત્રદાન કહે છે. જ્ઞાન વિનાના શ્રાવક અને શ્રાવિકાઓથી પોતાનું આત્મહિત થવાનું નથી અને તેઓ અન્યોનું પણ આત્મહિત કરી શકનાર નથી. જે શ્રાવક અને શ્રાવિકાઓ તત્ત્વોનું પૂર્ણ જ્ઞાન કરે છે, તેઓ ભાવ શ્રાવકની ખરી પદ્વી પ્રાપ્ત કરવાને લાયક છે. અજ્ઞાની શ્રાવક અને શ્રાવિકાઓ દયા, પૂજા, ભક્તિ વગેરેમાં શું સમજી શકશે. શ્રીદશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે–**पढमंनाणं तओदया.** પહેલું જ્ઞાન કરવું અને પછીથી દયા કરવી. જૈન તત્ત્વજ્ઞાનવિના દયા, પૂજા, ભક્તિ, ક્રિયાનું ખરૂં સ્વરૂપ હાથમાં આવી શકેજ નહિ. જ્ઞાનીઓથી જૈનધર્મ ચાલનાર છે, પણ અજ્ઞાનીઓથી જૈનધર્મ ચાલનાર નથી, માટે અજ્ઞ શ્રાવકો અને શ્રાવિકાઓને જૈનધર્મનું તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરાવવામાં ધનાદિકની સહાય કરવી તેજ **સુપાત્રદાન** ખરૂં છે. જૈનધર્મનાં સૂત્રોનું, પાંત્રીસ બોલ વિગેરેનું ગોખણ પટીચું જ્ઞાન, ભાડુતી શિક્ષકો પાસે અપાવવું એકંઈ વિશેષ ફાયદાકારક નથી. જેવી રીતે ધાર્મિક કેળવણી આપવાથી તે ખરેખરો સ્વપર દર્શનનો જ્ઞાતા,–વિદ્વાન્ શ્રાવક–બને તેવી રીતે ધાર્મિક કેળવણીનું જ્ઞાન ગુરૂઓ પાસે અપાવવું જોઇએ અને શ્રાવકો તથા શ્રાવિકાઓની ઉન્નતિ માટે પુત્રો અને પુત્રીઓનાં **ગુરૂકૂળ જુદાં જુદાં** સ્થાપવાં જોઇએ. જૈન ગુરૂકુળમાં પચ્ચીશ વર્ષ પર્યંત અભ્યાસ કરીને નીકળનાર જૈન પુત્રો અને પુત્રીઓ એવાં તો હુશિયાર થશે કે, તેઓ જૈનધર્મની વૃદ્ધિ માટે તન, મન, ધનથી, આર્યસમાજીઓની પેઠે ઉત્સાહથી પ્રવૃત્તિ કરશે. જૈનો બીજા ધર્મના કામોમાં લાખો કરોડો રૂપૈયા ખર્ચી નાખે છે, પણ તેઓ એમ નથી સમજતા કે ખરા શ્રાવકો અને ખરી શ્રાવિકાઓ પણ તીર્થ રૂપ છે. ભગવતી સૂત્રમાં **तिथ्यं चाउवण्णो संघो.** સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાએ ચાર પ્રકારના સંઘને તીર્થ કહ્યું છે. જેટલા તીર્થંકરો થાય છે તે આ ચાર પ્રકારના સંઘનેજ તીર્થ તરીકે સ્થાપન કરે છે. શ્રુત જ્ઞાનને પણ તીર્થ કહે છે અને સાધુ સાધ્વી શ્રાવક અને શ્રાવિકાને પણ તીર્થ કહે છે. તેમજ સિદ્ધાચલ આદિ તીર્થંકરોની કલ્યાણક ભૂમિઓ છે તેને પણ–સ્થાવર–તીર્થ કહે છે. શ્રાવકો અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રાવિકાઓ પણ તીર્થ હોવાથી પૂજ્ય છે, માટે તેઓની ઉન્નતિ કરવી. તેઓને ધર્મનું જ્ઞાન આપવું, ઇત્યાદિવડે શ્રાવક અને શ્રાવિકારૂપ તીર્થની યાત્રા–ભક્તિ–કરવી જોઇએ. કેટલાક શ્રાવકો તો રસોઇનું કામ કરી પેટ ભરે છે, એવી ખરાબ દશામાં પડી રહેલાની કોણ સંભાળ લે છે. જે ખરા તીર્થ છે તેને કોણ તીર્થ રૂપ માને છે. સાધુઓ અને સાધ્વીઓ પણ જે જ્ઞાન ગુણ યુક્ત છે તે ખરાં તીર્થ છે, તેઓને તીર્થ રૂપ સમજવાનું જ્ઞાન પણ હાલમાં અજ્ઞજૈનોને નથી. તો પછી તેઓની યાત્રા કરવાનું તો કયાંથી બની શકે ? **ચતુર્વિધ સંઘ** છે તે જંગમ તીર્થ છે, અને એ સંઘરૂપ તીર્થની ભક્તિ, યાત્રા, સેવા, ઉન્નતિ કરવાથી તીર્થંકર પદની પ્રાપ્તિ થાય છે; આવા તીર્થને તીર્થંકરો પણ નમે છે, તેનાથીજ જૈન ધર્મનું અસ્તિત્વ છે; આ ચતુર્વિધ સંઘનો નાશ થતાં સ્થાવર તીર્થોની સંભાળ પણ કોઇ લેશે નહિ. જૈન તત્ત્વનો જ્ઞાતા એવો ચતુર્વિધ સંઘ, તેની જે ભક્તિ કરે છે, તેમાં જે દાન વાપરે છે, તેજ ખરેખરી તીર્થની યાત્રા કરનારા–યાત્રાળુઓ છે. સાધુ ગુરૂકૂળ, સાધ્વી ગુરૂકૂળ, શ્રાવક અને શ્રાવિકાનાં ગુરૂકૂળ સ્થાપીને, તેઓની ઉન્નતિ કરવાથી સુપાત્રદાનની સાર્થકતા થાય છે. ગાડરીઆ પ્રવાહની રીતિથી દાન કરવામાં આવે છે, તેને ફેરવીને ચતુર્વિધ સંઘની ઉન્નતિ થવાને માટે વ્યાવહારિક તથા ધાર્મિક જ્ઞાન આપવા માટે, લાખો કરોડો રૂપિયા શ્રાવક અને શ્રાવિકારૂપ યાત્રાળુઓ ખર્ચશે તો તેઓનું કલ્યાણ થશે. જ્ઞાન વિનાના શૂન્ય અંધ લોકો કંઇ દેખી કે જાણી શકવાના નથી. અજ્ઞાનીઓના વિચારો ભીંતની પણ પેલી પારની વસ્તુનો નિર્ણય કરવા શક્તિમાન્ થતા નથી, માટે જૈન ધાર્મિક જ્ઞાન પામેલા ગીતાર્થ સાધુઓ કે જે જમાનાને જાણે છે, તેઓની સલાહથી સંઘરૂપ તીર્થની ઉન્નતિ માટે રૂપિઆ ખર્ચવા. એક બીજ, એક ક્ષેત્રમાં વાવવાથી નાશ પામે છે પણ તેજ બીજ એક ઉત્તમ ક્ષેત્રમાં વાવીને પોષવાથી એક બીજનાં કરોડો બીજ થાય છે, તેમ સાધુ સાધ્વી વિગેરેને જ્ઞાની બનાવવા, તથા શ્રાવકો વિગેરેને ધાર્મિક જ્ઞાની બનાવવા માટે, સુપાત્રદાન કરવાથી સર્વની જ્ઞાનચક્ષુઓ ઉઘડે છે; તેથી તેઓ પોતાનું અને બીજાનું ભલું કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકે છે અને અન્ય ધર્મીઓને સત્ય એવા જૈન ધર્મી બનાવવા માટે સમર્થ થાય છે. તેઓ હજારો અન્ય વિદ્વાનોની સાથે શાસ્ત્રાર્થ કરીને તથા સેંકડો પુસ્તકો લખીને જૈન ધર્મનો ફેલાવો કરી શકે છે, માટે યાત્રાળુઓએ આ પ્રમાણે સુપાત્ર દાનની કુંચીને પ્રાપ્ત કરવી જોઇએ. જીર્ણોદ્ધાર અને ચૈત્યમાં યાત્રાળુઓ લાખો રૂપિયા ખર્ચે છે, તેમાં હાલ કંઇ જરૂર હોવાથી કહેવાનું નથી, પણ જ્ઞાનમાં દાન કરવા માટે વિશેષ લક્ષ્ય આપવું જોઇએ તે સંબંધી કેટલીક સૂચનાઓ કરવામાં આવે છે. ભંડારમાં રહેલાં જૂનાં પુસ્તકોનો ઉદ્ધાર કરવો જોઇએ. હાલમાં જેની વિશેષ જરૂર હોય એવા ગ્રન્થોને છપાવવા જોઇએ; જમાનાને અનુસરી નવા ગ્રન્થો બનાવવાની પણ અત્યંત જરૂર છે. હાલના જમાનાની પ્રજાને કઈ ભાષામાં-કેવા વિચારોથી ઉપદેશ આપવો, તેને માટે હાલના જમાનાને અનુસરી પુસ્તકો રચવામાં આવે તો તે વિશેષ ઉપયોગી થઈ પડે અને તુરત અસર કરી શકે. હાલના જમાનાની પ્રજાને બોધ કેવી રીતે આપવો તેને માટે ચાલુ જમાનો જાણવાની ઘણી જરૂર છે. જમાનાને અનુસરી સરકારના કાયદાઓ પણ ફરે છે, તેમ જમાનાને અનુસરી ઉપદેશ આપવાની પદ્ધતિ તથા લેખશૈલી પણ ફરે છે માટે વિદ્વાનોએ, જે ભાષામાં ગ્રન્થો લખવાથી લાખો મનુષ્યોને લાભ થાય તેવી ભાષા અને તેવી લીપીમાં અવશ્ય ગ્રન્થો લખવા જોઇએ. **જુનું તે સારૂં અને નવું તે નહિ** આવી એકાંત બુદ્ધિ ધારણ કરવી નહિ. શ્રુતજ્ઞાન પ્રાપ્ત કર્યા વિના કદી મુક્તિ થવાની નથી, માટેજ સર્વજ્ઞ તીર્થંકરો શ્રુતજ્ઞાનને તીર્થ કહે છે, તે બરોબર છે. શ્રુતજ્ઞાન ગંગા નદીની પેઠે વા સૂર્યની પેઠે વર્તમાનકાળમાં અને ભવિષ્યકાળમાં લાખો પુરૂષોને તારી શકે છે. **ગુરૂઓનો ગુરૂ પણ જિનાગમરૂપ શ્રુતજ્ઞાન છે**, એ વાત ભૂલવી જોઇતી નથી. જે યાત્રાળુઓ, સ્થાવર તીર્થની યાત્રા કરીને એમ સંકલ્પ કરે કે, આજથી હું સંઘરૂપ તથા જ્ઞાનરૂપ તીર્થમાં મારૂં જીવન હોમીશ; યથાશક્તિ સંઘરૂપ અને જ્ઞાનરૂપ તીર્થમાં સુપાત્રદાન કરીશ, તેમાં મ્હારૂં અને બીજા કરોડો મનુષ્યોનું ભલું સમાયલું છે, એમ નિશ્ચય કરી યાત્રા કરે છે, તેઓની યાત્રા પોતાને અને પરને ઉપકારી થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## यात्राळुओए भ्रातृभाव राखवो जोइए.

**ભ્રાતૃભાવ**—જૈનો યાત્રા કરવા જાય છે, વિતરાગ દેવને માને છે, પણ જોઇએ તે પ્રમાણે એક બીજા સાથે ભ્રાતૃભાવ રાખી શકતા નથી. જેઓ ભ્રાતૃભાવને ધારણ કરે છે તેઓને ધન્ય છે. પરસ્પર ઐક્યતા રાખી પોતાના સમાન અન્યોને માનવા જોઇએ. એક બીજા સંઘાડાના સાધુઓ પરસ્પર એક બીજાને વક્ર દૃષ્ટિથી દેખે, કદાપિ મળે તો અન્તરમાં કાતી રાખીને મળે, એક બીજાનું ખંડન કરવા કાવાદાવાઓ તો ચાલતા હોય, સામાન્ય ગચ્છોની ક્રિયાઓની ભિન્નતાને લીધે એક બીજાને નિન્હવની પદવી તથા ઉત્સૂત્ર ભાષકની પદવીઓ તો લાગતા વળગતાઓ આગળ અપાતી હોય, કોઈ શિખામણ આપે તો તેનો પણ ભાંગડો વાટી નખાતો હોય, વિદ્યા અને ચારિત્ર વડે અન્યો મારા આગળ કંઈપણ નથી, એવી જ્યાં ભાવનાઓ હૃદયમાં સ્ફુરતી હોય, ત્યાં ભ્રાતૃભાવની શી આશા રાખી શકાય ? એમ નથી કહેવાનું કે સઘળા સાધુઓ એવા હોય છે, જેઓ તેવા હોય તેઓને આ વાક્યો લાગુ પડે છે. કોઈ આગળ પડતો થયો કે તુર્ત તેના ઉપર બે ત્રણ ગોઠવીને આળ વિગેરે આરોપ ચડાવવાનીજ બુદ્ધિ હોય, અમુક સાધુઓમાં કયા કયા દોષ છે અને તે શી રીતે સાબીત થાય ! તેની જ્યાં પ્રવૃત્તિયો થતી હોય, દોષ દૃષ્ટિનું જોર તો જ્યાં પ્લેગની પેઠે વૃદ્ધિ પામતું હોય, એવા સાધુઓમાં પરસ્પર ભ્રાતૃભાવ ક્યાંથી હોય ? અલબત કુસાધુઓમાં ભ્રાતૃભાવ હોતો નથી; સુસાધુઓમાં તો ભ્રાતૃભાવ હોય છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના અનુસારે સજ્જન સુસાધુઓ હોય છે, પણ જેની સદ્ગુણ ખેંચવાવાળી દૃષ્ટિ હોય છે તેને સુસાધુઓ દેખાય છે. સાધુઓએ પોતાના આત્માના ઉદ્ધાર માટે અને અન્યોના ઉદ્ધાર માટે, તેમજ જૈન ધર્મના ફેલાવા માટે અવશ્ય ભ્રાતૃભાવ ધારણ કરવો જોઇએ. અને એક બીજાની પ્રાણાંતે પણ નિંદા કરવી જોઇએ નહિ; જગત્માં સર્વગુણી તો વીતરાગ છે. જ્યાં ત્યાં ગુણાનુરાગ દૃષ્ટિ ધારણ કરવી. તીર્થોની યાત્રા કરીને, ભ્રાતૃભાવ ગુણ સંપાદન કરવાનો છે, તે વાત લક્ષ્યમાં રહેવી જોઇએ. શ્રીવીર પ્રભુએ મૈત્રી ભાવના ધારણ કરીને ચંડકોશીયા સર્પનો પણ-ઉપદેશ આપી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉદ્ધાર કર્યો. આપણે પણ તેવા મૈત્રીભાવનાના ગુણનું સ્મરણ કરવા માટે, તીર્થોની યાત્રા કરીએ છીએ. જો ભ્રાતૃભાવ હૃદયમાં આવ્યો તો, કરૂણાભાવના પણ આવવાની. જ્યાં ભ્રાતૃભાવ નથી ત્યાં પ્રમોદભાવ, માધ્યસ્થભાવ અને કરૂણાભાવ પણ વાસ કરતા નથી. યાત્રાળુ શ્રાવક શ્રાવિકાઓએ ભ્રાતૃભાવ પ્રતિદિન વધારવો જોઈએ. તીર્થોના સ્થાનોમાં પણ કિંચિત્ ધર્મ ક્રિયાના ભેદને લીધે જે શ્રાવકો અને શ્રાવિકાઓ લઢી મરે છે અને એક બીજાનું બુરૂં કરવા પ્રયત્ન કરે છે, તેવા શ્રાવકો અને શ્રાવિકાઓ તીર્થયાત્રાનું ફળ, જે ભ્રાતૃભાવ, તેને પામી શકતાં નથી. એક શ્રાવક દુઃખી હોય છે અને અન્ય શ્રાવક સુખી હોય છે, છતાં દુઃખી શ્રાવકને દેખી તેના મનમાં કંઈ પણ લાગી આવતું નથી, આનું કારણ એ છે કે, તે સુખી શ્રાવકમાં ભ્રાતૃભાવ નથી; તેના દુઃખમાં ભાગ લેવાને ભ્રાતૃભાવ વિના તેનું મન પ્રેમાળ થતું નથી. ગરીબ શ્રાવકો દુઃખી થતા હોય,. તેમના ઘરમાં બીજા દિવસે ખાવાનું પણ ન હોય, તેવાઓને દેખી મનમાં કંઈપણ લાગી ન આવે અને એક દિવસની નવકારશીમાં હજારો રૂપીઆ ઉડાવી દે, એવો શ્રાવક, બીજાના દુઃખે દુઃખી કયાંથી થઈ શકે ? તેને પોતાના ધર્મબંધુઓનું દુઃખ ટાળવાને સારૂ કયાંથી દયા આવે ? અલબત ન આવે. કારણ કે તેના હૃદયમાં દયા નથી. સર્વ ધર્મી બંધુઓ મારા ભાઈ છે, ત્યારે મારી પાસે જે છે તેમાં તેઓ સર્વેનો ભાગ છે, છતાં હું અન્યાય કરૂં તો ભ્રાતૃભાવનો દ્રોહી ગણાઉં, આમ જેના હૃદયમાં ભ્રાતૃભાવના ખીલી રહી છે, તે પોતાના ધર્મીબંધુઓને જે કંઇ પ્રાપ્ત કરે તેમાંથી સહાય આપીનેજ, તે તે વસ્તુઓનો ઉપભોગ કરે. સાધુઓમાં પણ જો ભ્રાતૃભાવ ખીલે તો મનમાં વિચારે કે જે તીર્થંકરોનાં તત્ત્વોનો હું ઉપદેશ આપું છું અને જે તત્ત્વોની મને શ્રદ્ધા છે, તેજ પ્રમાણે બીજા સાધુઓને છે, તો પરસ્પર ભ્રાતૃભાવ ધારણ કરીને જો ચાલીએ તો તંતુઓના બનેલા વસ્ત્રની પેઠે અમો પણ જૈન ધર્મનો ઉદ્ધાર કરવા સમર્થ થઈ શકીએ. એક તંતુથી વા છૂટા તંતુઓથી વસ્ત્ર બનતું નથી, છૂટી ઇંટોથી ઘર બનતું નથી, છૂટી આંગળીઓથી ખાઈ શકાતું નથી, તેવી રીતે છુટા છુટા સાધુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓથી જોઇએ તેટલું જૈન ધર્મ ફેલાવવાનું કાર્ય કરી શકાતું નથી; માટે નાના મોટા પરસ્પર ભેગા મળે તો એક મોટું કાર્ય કરી શકાય. અભિમાન દશા, નિન્દા અને ગચ્છોની ક્રિયાની ભિન્નતાની લડાઇને, છોડી દેવાય તો પરસ્પર ભ્રાતૃભાવ થઇ શકે. અત્ર કહેવું પડે છે કે સર્વ સાધુઓને તો પરસ્પર ઐક્યતા રહે એમ તો બની શકવું મુશ્કેલ છે, પણ બને ત્યાં સુધી સુસાધુઓએ તો આવી ભ્રાતૃભાવની દૃષ્ટિ મૂકવી ન જોઇએ. સર્વ સાધુઓ જો ગચ્છ અને ઉપાશ્રયના ભેદે પોતપોતાનું જમાવી લઢી મરશે તો તેમાં પોતાનો જૈનધર્મ નાશ પામશે. પોતાના જૈનધર્મનો મૂર્ખપણાથી નાશ કરનાર, એવા સ્વાર્થી સાધુઓથી જૈન ધર્મનો ઉદ્ધાર થવાનો નથી અને સાધુઓને લડાવી મારનાર પ્રપંચી શ્રાવકોથી પણ પોતાનું તથા અન્ય જૈનોનું ભલું થવાનું નથી. પરસ્પર એક બીજા ઉપર મૈત્રીભાવના રાખ્યા વિના ધર્મની ક્રિયાઓ કરાય છે, પણ તેથી કદી આત્માની ઉન્નતિ થવાની નથી. જ્યાં સામાન્ય બાબતોમાં વાંધા પાડી લડી મરવાનું થાય છે અને ભ્રાતૃભાવનો નાશ કરાવાય છે, ત્યાં પોતાની ઉન્નતિ થતી નથી અને બીજાઓનું પણ ભલું કરી શકાતું નથી. જૈન ધર્મમાં જે દયાના સિદ્ધાન્તો પ્રરૂપ્યા છે, તેવા અન્ય ઠેકાણે જોવામાં આવતા નથી. જ્યારે દયાના મુખ્ય સિદ્ધાન્તનો ઉપદેશ આપનારા સાધુઓમાં એક બીજા સાધુના આત્માની દયા રહે નહિ, એક બીજાની પડતી થાય તેમ કરવાના પ્રયત્ન ચાલતા હોય, ભ્રાતૃભાવની પ્રીતિનું તો જ્યાં સ્વપ્ન પણ ન હોય, ત્યાં ઉદયની આશા શી રાખી શકાય ! ! ! સાધુઓ જો પરસ્પર સંપ રાખીને વર્તે તો જૈન ધર્મનો ઉદ્ધાર થયા વિના રહે નહિ. ગુરૂનો ચેલાને વિશ્વાસ નહિ અને ગુરૂ કરતાં શિષ્યો પોતાનું જુદું જમાવવા, જુદા શ્રાવક કરવા પ્રયત્ન કરે તેવી જ્યાં સ્થિતિ હોય, ત્યાં ઉદ્ધારની આશા રાખવી વ્યર્થ છે. તોપણ સાધુઓએ નિરાશ થવું નહિ, ઉદ્યમથી સર્વ કાર્યોની સિદ્ધિ થાય છે, મનુષ્યો જે ધારે છે તે કરી શકે છે, તો સાધુઓ મનમાં ધારે તો શું ન બની શકે ? અર્થાત્ સર્વ કાર્ય બની શકે. સાધુઓના પ્રમાદને લીધે હાલમાં જૈન રાજાઓ પણ રહ્યા નથી. જો જૈન સાધુઓ સંપ કરે અને એક બીજાને ભ્રાતૃભા-

For Private And Personal Use Only

વળી દૃષ્ટિથી દેખે તો અલ્પ કાળમા જૈનધર્મની ઉન્નતિ થઇ શકે. શ્રાવકો પણ પોતાના કરતા અન્યને હીન ધારી ભેદ ભાવ રાખે છે તે ઠીક નથી. સમજો કે કચ્છી શ્રાવકોની સાથે ગુજરાતી શ્રાવકો ભ્રાતૃભાવથી વર્તે અને તુચ્છ ભેદને તોડી નાંખે તો તેઓ પણ ઘણું કરી શકે. જે શ્રાવકો વણિક છતાં એક બીજાનું ખાતાં વટલાઈ જવાની બુદ્ધિ ધારણ કરતા હોય ! તેઓ શું સૂત્રોમાં કહ્યા પ્રમાણે વર્તે છે ? અલબત્ત તેઓ વર્તી શકતા નથી. સામાન્ય બાબતોમાં પણ બીજાઓને તુચ્છ ગણવાની બુદ્ધિ હોય ત્યાં ભ્રાતૃભાવનું લક્ષ્ય ક્યાંથી હોય ? તીર્થોની યાત્રા કરનારાઓએ ભ્રાતૃભાવ સંબંધી લક્ષ્ય આપવું જોઇએ, કારણ કે જે તીર્થંકરોની યાત્રા કરવામાં આવે છે, તેઓના ભ્રાતૃભાવનું સ્મરણ કરવામાં આવે તો પોતાને વિચાર થાય કે અહો ! હું આવા પ્રભુની યાત્રા કરૂં છું, તેમાં ભ્રાતૃભાવનો ગુણ ગ્રહણ કરવાનો છે, તે માટે મારો તીર્થયાત્રાનો પ્રયાસ છે, છતાં ભ્રાતૃભાવને પ્રભુની પેઠે નહિ ધારણ કરૂં તો મારૂં શી રીતે કલ્યાણ થશે ? એમ વિચારી ખરો યાત્રાળુ જૈન, ભ્રાતૃભાવને સદાકાળ ધારણ કરવા સંકલ્પ કરે છે. રૂશીયામાં ઉત્પન્ન થએલ કવિ ટોલ્સ્ટોય જ્યારે મરણ પથારીએ પડયો અને તેની પાસે હજારો મનુષ્યો તેમજ સગાંઓ આવ્યાં ત્યારે તેણે [illegible]ને કહ્યું કે, તમો સર્વે મારી પાસે કેમ નકામાં બેઠાં છો, તમારા દુ:ખી માનવ બંધુઓના દુ:ખ નાશ કરવા મંડી જાઓ. અરેરે ! તમે કેમ દુ:ખીઓના દુ:ખમાં ભાગ લેતા નથી. અહો ! આ તેની કેવી દયાની લાગણી ! જૈનોએ આ વાક્યનો વિચાર કરી ભ્રાતૃભાવ ધારણ કરીને જૈનો તેમજ સર્વ જીવો ઉપર દયાની દૃષ્ટિ રાખવી જોઈએ. સર્વ જીવોને પોતાના ભાઈ સમાન જાણી તેઓનું ભલું કરવા પ્રયત્ન કરવો. ભ્રાતૃભાવથી આપણો આત્મા, જગતને કુટુંબ સમાન ગણી તેઓનાં પાપ ધોઇ નાંખે છે. યાત્રાળુઓએ ચિન્તામણિ રત્નની પેઠે આ ગુણને ધારણ કરવો જોઇએ, કે જે વડે તેઓની યાત્રા સફળ થાય. અનંત જીવોની ભ્રાતૃભાવ યાને મૈત્રીભાવનાથી સિદ્ધિ થઈ છે અને ભવિષ્યમાં થશે. જ્યારે ત્યારે પણ ભ્રાતૃભાવ ધારણ કર્યા વિના કોઇ મોક્ષ સુખ આપવા સમર્થ થનાર નથી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ્રેમ.

જે પ્રેમ ફક્ત બીજાના ભલાને માટે હોય છે અને જેમાં સાંસારિક સુખની ઇચ્છાઓ નથી તેને શુદ્ધ પ્રેમ કહે છે. યાત્રાળુઓએ અશુદ્ધ પ્રેમ ટાળીને શુદ્ધ પ્રેમ ધારણ કરવો જોઈએ. સર્વ જીવોના ઉપર પ્રેમ ધારણ કરવો જોઇએ. પોતાના આત્મા ઉપર જેમ પ્રેમ ધારણ કરવામાં આવે છે, તેમ સર્વ જીવો ઉપર પ્રેમ ધારણ કરવો જોઇએ. જેના ઉપર આપણો પ્રેમ હોય છે તેને મારવાની બુદ્ધિ થતી નથી, તે ન્યાયને અનુસરીને જો સર્વ જીવો ઉપર શુદ્ધ પ્રેમ રાખવામાં આવે, તો કોઈ જીવનું પણ બુરૂં કરવાની બુદ્ધિ ઉત્પન્ન થાય નહિ. આપણા છોકરા ઉપર વા સ્રી વા શિષ્ય ઉપર પ્રેમ હોય છે તો, તેને દુઃખ પડતાં આપણે પણ દુઃખી થઇએ છીએ, તેને કોઈ મારે તો તેને બચાવવા આપણો પ્રાણ પણ આપીએ છીએ, તેઓનું બુરૂં કોઈ કરતું હોય તો આપણાથી ખમાતું નથી, તે પ્રમાણે આખા જગત્‌ના ઉપર શુદ્ધ પ્રેમ ધારણ કરવામાં આવે તો, સર્વ જીવોની સદાકાળ ભલું કરવાની બુદ્ધિ થાય. સર્વ જીવોપર આવી શુદ્ધ પ્રેમવૃત્તિ થતાં કોઈ જીવની પ્રાણ પડતાં પણ હિંસા થાય નહિ અને સર્વ જીવોની આપણા ઉપર થતી વૈર બુદ્ધિ ટળી જાય. આપણો સર્વ જીવોપર જો શુદ્ધ પ્રેમ હોય તો, કોઇ પણ જીવથી આપણું ભુંડું થઈ શકે નહિ. **જગત્‌માં સ્વાર્થપણાથી તો અનેક જીવો પ્રેમી બનેલા જણાય છે, પણ પરમાર્થ બુદ્ધિથી સર્વ જીવોપર શુદ્ધ પ્રેમને ધારણ કરનાર વિરલા જણાય છે.** તીર્થની યાત્રા કરીને આપણે આવો શુદ્ધ પ્રેમ ધારણ કરતાં શીખવું જોઇએ. દરરોજ શુદ્ધ પ્રેમને ધારણ કરવાની ટેવ પાડવાથી શુદ્ધ પ્રેમની વૃદ્ધિ થતી જાય છે અને અશુદ્ધ પ્રેમનો નાશ થતો જાય છે. ધર્મ ઉપર શુદ્ધ પ્રેમ વધતો જાય છે અને અશુદ્ધ પ્રેમ ઘટતો જાય છે અને અન્તે આ પ્રમાણે પ્રવૃત્તિ થવાથી સામ્યતા ગુણ ખીલી નીકળે છે, અધ્યાત્મક જીવનની ચડતી કળા થાય છે. બીજા જીવો ઉપર ક્રોધ, ઈર્ષ્યા, અદેખાઇ થાય છે, તેઓની નિન્દા કરવામાં આવે છે, તેઓના ઉપર અનેક પ્રકારના આરોપો મૂકવામાં આવે છે, તેનું કારણ એ છે કે, તે જીવો ઉપર શુદ્ધ પ્રેમ આપણો થયો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી; તે જીવોના ઉપર શુદ્ધ પ્રેમની ધારા વર્ષતી હોત તો કદાપિ આવી ઈર્ષ્યાબુદ્ધિ રહેત નહીં. તીર્થંકરોએ સાધનાવસ્થામાં શુદ્ધ પ્રેમ ધારણ કર્યો હતો, આપણે પણ તેઓના પગલે ચાલનારા થઇ સર્વ જીવોના ઉપર શુદ્ધ પ્રેમ ધારણ કરવો. અત્ર જણાવવું પડે છે કે, શુદ્ધ પ્રેમ ધારણ કરતાં અનેક ક્રોધ સ્વાર્થ વગેરેનાં વિઘ્નો આવીને ખડાં થાય છે, કોઈ આપણા શત્રુઓ બને છે, ત્યારે તેઓના ઉપર શુદ્ધ પ્રેમના બદલે તેઓને મૂળમાંથી ઉખેડી નાંખવાની બુદ્ધિ ઉત્પન્ન થાય છે, પણ આવા પ્રસંગે પૂર્ણ શ્રદ્ધાળુને શુદ્ધ પ્રેમની દૃષ્ટિ રહે છે, તે એમ જાણે છે કે, ભલે આખી દુનિયા ફરી જાઓ, સર્વ મ્હારા શત્રુઓ બનો, પણ અન્તે મારા શુદ્ધ પ્રેમનું બળ તેઓને નિર્મળ કર્યા વિના રહેનાર નથી. જગત્‌માં વિચારી જોઇએ છીએ તો કોઈ જીવનો સંપૂર્ણ રાગદ્વેષ ગયો હોય તેમ જણાતું નથી, તેથી શુદ્ધ પ્રેમ ધારણ કરનારે તુર્તને તુર્ત મનમાં એમ ન વિચારી લેવું કે મ્હને શુદ્ધ પ્રેમ તુર્ત પ્રાપ્ત થતાં મારાં સર્વ દુઃખોનો નાશ થશે. વિવેક દૃષ્ટિથી વિચારશે તો જણાશે કે શુદ્ધ પ્રેમ કંઈ તુર્ત પ્રાપ્ત થતો નથી. પૂર્વભવના સંસ્કાર વિના ઘણો વખત વહી જાય છે, પણ દરરોજના અભ્યાસથી શુદ્ધ પ્રેમ વધતો જાય છે. પૂર્ણ ઉત્સાહથી જો ઉદ્યમ કરવામાં આવે તો શુદ્ધ પ્રેમથી ઘણા મલીન વિચારોને ધોઈ શકાય છે.

વિષય સુખના સ્વાર્થી પ્રેમનો નાશ કરવા તીર્થસ્થળોમાં જઇ પ્રયત્ન કરવાનો છે, યાત્રાળુઓ જો તીર્થ યાત્રા કરી, અંશે અંશે પણ આવા શુદ્ધ પ્રેમને ધારણ કરવા પ્રયત્ન કરશે તો તીર્થની યાત્રાનું ફળ તેઓને પ્રાપ્ત થયું એમ સમજાશે.

## શ્રદ્ધા.

યાત્રાળુઓ જેઓનું દર્શન કરવા જાય છે, અથવા સ્મરણ કરવા જાય છે, તે તીર્થંકરાદિની પૂર્ણ શ્રદ્ધા રાખે તો, શુદ્ધ પ્રેમને પણ ધારણ કરી શકે છે, કારણ કે શ્રદ્ધા વિના શુદ્ધ પ્રેમ ટકી શકતો નથી. જે વખતે શ્રદ્ધા ફરી જાય છે તે વખતે શુદ્ધ પ્રેમ પણ અશુદ્ધ પ્રેમરૂપે પરિણમે છે, માટે યાત્રાળુઓએ દેવ ગુરૂ ધર્મની પૂર્ણ શ્રદ્ધા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધારણ કરવી. હાલના કાળમાં જૈન તરીકે નામ ધરાવનારાઓમાં પણ જૈનધર્મની પૂર્ણ શ્રદ્ધા ધારણ કરનારા વિરલા હોય છે. જ્ઞાન વિનાની અન્ધ શ્રદ્ધાવાળાઓ અન્તે કુતર્કી, મિથ્યાત્વીઓનો સમાગમ થતાં નાસ્તિક બની જાય છે. શ્રદ્ધા એ આત્માનું મોટામાં મોટું બળ છે. કોઈ પણ કાર્યની સિદ્ધિ અર્થે, શ્રદ્ધા વિના જય મળતો નથી. જે જે કાર્યો કરવામાં આવે છે તે તે કાર્યોમાં, તે સંબંધી શ્રદ્ધા ન હોય તો તેમાં અન્તઃકરણપૂર્વક પ્રવૃત્તિ થતી નથી. જેને જે બાબતની શ્રદ્ધા છે તે પુરૂષ, તે કાર્ય પૂર્ણ પ્રેમથી આત્મભોગ આપીને સારામાં સારૂં કરી શકે છે. જૈનધર્મની શ્રદ્ધાથી ભ્રષ્ટ એવા પંડિતો જૈનતત્ત્વનું જે શિક્ષણ આપે, તેથી વિદ્યાર્થીઓને તે તે તત્ત્વોની બરાબર શ્રદ્ધા થઈ શકતી નથી. ભલે સર્વ ભણી જાય પણ અન્તરમાં શ્રદ્ધાનું બળ જામતું નથી, તેના કરતાં એક શ્રદ્ધાળુ જૈનગુરૂ જે શિક્ષણ આપે છે, તેની શિષ્યો ઉપર ઘણી અસર થાય છે; કારણકે ગુરૂની શ્રદ્ધાનું બળ ખરેખર શિષ્યના હૃદય ઉપર અસર કરી શકે છે. સર્વજ્ઞનાં કેટલાંક વચનો તો સમજી શકાય છે, પણ નિગોદ આદિની સમજણ બરાબર થતી નથી, તેથી જે વાતો ન સમજાય તેની પૂર્ણ શ્રદ્ધા રાખવી, કારણ કે સર્વજ્ઞના કહેલા પદાર્થો સાચા છે, પણ તે પ્રમાણે સમજવા માટે અમુક પ્રકારના જ્ઞાનની યોગ્યતા આવે ત્યારેજ તે તત્ત્વોની બરાબર સમજણ પડે છે, માટે તે તે તત્ત્વો ન સમજાય તોપણ તેની શ્રદ્ધા ધારણ કરવી. **આપણી બુદ્ધિમાં જે ગમ્ય ન થાય તે ખોટું છે, એમ માની લેવાનું કદી સાહસ કરવું નહિ; તે તે પદાર્થો સમજવા માટે આપણી બુદ્ધિ અત્યંત સૂક્ષ્મ થવી જોઇએ.** પાણી વગેરેમાં પહેલાં કેટલાક લોકો જંતુઓ માનતા નહોતા, તે હાલ માનવા લાગ્યા છે. જડવાદીઓ ભૂત પ્રેતને અમેરિકા વગેરેમાં પૂર્વે માનતા નહોતા, તે પણ હાલ બુદ્ધિ ખીલતાં અને તેવા સંયોગો મળતાં માનવા લાગ્યા છે. જે વસ્તુ તુર્ત સમજાતી નથી, તેનું સ્વરૂપ યોગ્યતા આવે પાછળથી સમજાય છે. પાંચસે વર્ષ ઉપર થઈ ગએલા લોકોની આગળ તે વખતમાં કોઈ મહાત્મા સૂક્ષ્મદર્શકયંત્ર, આગગાડી, વરાળયંત્ર, મોટરકાર અને ફોનોગ્રાફની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાત કરત તો તે ગાંડામાં ગણાઇ જાત, પણ દેશ, કાળ, બુદ્ધિ આદિના સંયોગે હાલ તે તે વસ્તુઓને સર્વ કોઈ સત્ય માને છે, માટે કોઇએ વીતરાગ કથિત વસ્તુનું યથાર્થ સ્વરૂપ ન સમજાય તો શ્રદ્ધા ખોવી નહિ. મનમાં એમ વિચારવું કે સર્વજ્ઞ કથિત સર્વ વસ્તુઓનું સ્વરૂપ સાચું છે. ફક્ત મારી યોગ્યતા આવ્યા વિના તે પદાર્થોનું સ્વરૂપ મારા અનુભવમાં સત્ય ભાસતું નથી. સર્વજ્ઞ ભગવાને જે જે વચનો કહ્યાં છે તે તે સત્ય છે, એમ પૂર્ણ શ્રદ્ધા ધારણ કરવી. શ્રી તીર્થંકરનાં સર્વ વચનો સાચાં છે, તેને સમજવા માટે માધ્યસ્થ બુદ્ધિ, તથા ગુરૂગમ આદિની જરૂર છે. તીર્થયાત્રાઓ કરવાથી પણ અનેક પ્રકારના ફાયદા થાય છે, એમ શ્રદ્ધા ધારણ કરવી જોઇએ. વીતરાગ આગમમાં જે જે વસ્તુઓની પ્રરૂપણા કરી છે, તેનું સૂક્ષ્મ સ્વરૂપ સમજવા માટે યથાર્થ પ્રયત્ન કરવો જોઇએ; **જિનાગમોનો અભ્યાસ કર્યા વિના ધારણ કરેલી અન્ધશ્રદ્ધાથી હૃદયમાં ધર્મના દૃઢ સંસ્કાર પડતા નથી.** અન્ય વેદધર્મ પાળનારાઓ આર્યસમાજી વગેરે લોકો ધર્મના અનેક ગ્રન્થો વાંચે છે અને અન્યોને પોતાના ધર્મની અસર કરે છે અને અન્ધશ્રદ્ધાવાળા જૈનોને પણ પોતાના ધર્મમાં ખેંચી લે છે, તે ઉપરથી નક્કી સમજવું કે **અન્ધશ્રદ્ધા રાખીને બેસી રહેનારા જૈનો ખરેખરા જૈન નથી અને તે રીતે તેઓની અન્ધશ્રદ્ધાવાળી સંતતિ પણ એક દિવસ જૈનધર્મથી ભ્રષ્ટ થશે એમ સમજાય છે.** આ લેખ હું વલસાડ ગામમાં રહીને લખું છું, ત્યાં સો વર્ષ પહેલાં દશાશ્રીમાળી લોકો જૈનધર્મ પાળતા હતા અને તેઓના વખતનું બંધાવેલું દેરૂં હાલ મોજુદ છે, છતાં તેઓ હાલ વૈષ્ણવ બની ગયા છે અને ઉલટા જૈનધર્મનું ખંડન, નિન્દા વગેરે કરવા લાગ્યા છે; તેનું કારણ વાંચકો તુર્ત સમજી લેશે. ધંધુકામાં શ્રી હેમચંદ્રાચાર્યના વખતમાં મોઢવાણીયા જૈન હતા. લગભગ તેઓ સત્તરમા સૈકા સુધી જૈનધર્મી હતા અને તેઓનું બંધાવેલું જિન મન્દિર હાલ વિદ્યમાન છે, છતાં વલ્લભાચાર્યના સંપ્રદાયના એક આચાર્યે કુવાનું પાણી મીઠું કરી દીધું તેથી જૈન ટળીને વૈષ્ણવ બની ગયા, પણ જો તેઓએ જૈન ધર્મનાં તત્ત્વોનું પૂર્ણ અધ્યયન કર્યું હોત તો ક્ષુદ્ર ચમત્કારથી મિથ્યા ધર્મમાં પ્રવેશ ન કરત,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દક્ષિણમાં ત્રણસે વર્ષ પહેલાં ઘણા જૈનો હતા, પણ અન્ધશ્રદ્ધા અર્થાત્ જ્ઞાન વિનાના તેઓ જૈન હતા, તેથી અન્ય ધર્મના વિદ્વાનોએ મહાદેવના ભક્ત બનાવી દીધા. જો તેઓએ જૈન તત્ત્વ જ્ઞાન લીધું હોત તો કદી અન્ય ધર્મને અંગીકાર કરત નહીં. હાલના જૈનો પણ જો જૈન ધર્મના તત્ત્વોને પોતે સમજશે નહીં અને પોતાના પુત્રો અને પુત્રીઓને જૈન ધર્મના તત્ત્વનું ગુરૂઓ પાસે જ્ઞાન નહીં અપાવે તો, કોણ જાણે તેઓ અન્ય શ્રદ્ધાથી કયાં સુધી જૈન રહેશે, તેની શંકા રહે છે. જૈન ધર્મના તત્ત્વોનો અન્ય ધર્મના સંસ્કાર લાગ્યા પહેલાં અભ્યાસ કરવો તથા કરાવવો જોઇએ. ઇંગ્લીશ વિદ્યા ભણનારા પુત્રો તથા પુત્રીઓની બાબતમાં તો ઘણી સાવચેતી રાખવાની જરૂર છે. કારણકે શાળાના માસ્તરો અન્ય ધર્મી હોવાથી તેઓની વાણીની અસર તુર્ત કુમળા મગજ ઉપર થાય છે અને તેથી તેઓના હૃદયમાં કુધર્મના સંસ્કારો શિક્ષણ લેતાં ઘણી વખત પડયા કરે છે અને તેથી પરિપકવબુદ્ધિ થતાં સત્ય સમજાવતાં પણ, પૂર્વના મિથ્યા સંસ્કારો છુટતા નથી અને અન્તે તેઓને જે બેસી ગયું હોય છે તેજ સત્ય માની લે છે અને તેથી મનુષ્યજન્મ હારી જાય છે. **સર્વના સિદ્ધાંતો સમજવા સહેલ છે, પણ જૈન સિદ્ધાંતો સમજવા મુશ્કેલ છે.** જે યાત્રાળુઓ પૂર્ણ શ્રદ્ધાને ધારણ કરે છે, તેઓના આત્માની પરમાત્માવસ્થા થાય છે. લુણવિનાનું ભોજન જેમ લુખું થાય છે અને ખાતાં ભાવ આવતો નથી, તેમ શ્રદ્ધા વિના તીર્થમાં રહેલાં મનોવર્ગણા આદિ શુભ પુદ્ગલ સ્કંધોની અસર આપણા ઉપર થતી નથી અને શ્રદ્ધા વિના ભાવની વૃદ્ધિ પણ થતી નથી; માટે શ્રદ્ધા બળની ઘણી જરૂર છે. શ્રદ્ધાથી ધર્મ ક્રિયાઓની સાફલ્યતા થાય છે અને શ્રદ્ધાથી મંત્રો પણ ફળે છે. દેવતાઓ પણ સહાય કરે છે અને શ્રદ્ધાવડે સમ્યક્ત્વની પણ પ્રાપ્તિ થાય છે. અનન્ત કાળ પર્યંત સમ્યક્ત્વ વિના જીવોએ સંસારમાં પરિભ્રમણ કર્યું. જે આત્માઓ સમ્યક્ત્વ પામે છે, તે સંસારરૂપ સમુદ્રને તરી જાય છે. જૈન તત્ત્વની શ્રદ્ધાવિના સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી, માટે જૈન ધર્મની શ્રદ્ધા ધારણ કરવી જોઇએ. જૈન ધર્મની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રદ્ધા ધારણ કરનારાઓ પુનઃ અન્યભવમાં પણ જૈન ધર્મને પામી શકે છે. શ્રદ્ધાવડે અનેક ગુણો પ્રાપ્ત કરી શકાય છે. ચારિત્રથી ભ્રષ્ટ થએલો મુક્તિ પામી શકે છે, પણ જૈન ધર્મની શ્રદ્ધાથી ભ્રષ્ટ થએલ કદી મુક્તિ પામી શકતો નથી.

સિદ્ધાન્તમાં-કહ્યું છે કે,

**दंसणभट्टोभट्टो--दंसणभट्टोइ नत्थि निव्वाणं**
**सिज्झन्ति चरणरहिया–दंसणरहिया न सिज्झंति ॥१॥**

જૈન દર્શનથી ભ્રષ્ટ થયો તે ભ્રષ્ટ જાણવો, દર્શનથી ભ્રષ્ટ થએલાની મુક્તિ થતી નથી. ચારિત્રથી ભ્રષ્ટ થએલા મુક્તિ પામે છે, પણ જૈન દર્શનથી ભ્રષ્ટ થએલા મુક્તિ પામી શકતા નથી; આવું સિદ્ધાન્તનું વાક્ય પણ શ્રદ્ધાની અત્યંત શક્તિ જણાવે છે. ખરી શ્રદ્ધાવિના જે ઉપરથી જૈનધર્મી નામ ધરાવે છે અને મનમાં અન્ય ધર્મની શ્રદ્ધા રાખે છે, તેઓ પોતાના તથા પરના આત્માને છેતરે છે. તેઓ સત્યથી ભ્રષ્ટ થાય છે અને ઘણા કાળ સુધી મોહ માયામાં ઘસડાય છે. જૈન ધર્મની શ્રદ્ધાવાળો અલ્પ કાળમાં પોતાના આત્મામાં સર્વ ગુણોને પ્રગટ કરી શકે છે. મિથ્યા ધર્મ બાહ્યથી સુન્દર દેખાય પણ કિંપાકના ફળની પેઠે અન્તે અનેક દુઃખની પરંપરાને આપનારો થાય છે, માટે યાત્રાળુઓએ તીર્થની ભૂમિ સ્પર્શીને જૈન ધર્મની પરિપૂર્ણ શ્રદ્ધા ધારણ કરવી અને અન્યોને જૈન ધર્મની શ્રદ્ધાવાળા બનાવવા, તન મન ધનને અર્પણ કરવું. આત્મભોગ આપ્યા વિના કંઈ અન્ય ધર્મીઓને જૈનો બનાવી શકાતા નથી, માટે પોતાના જીવનનો ભોગ આપી અન્યોને જૈન ધર્મના શ્રદ્ધાળુ બનાવવા. જેમ તીર્થંકરોએ કરોડો મિથ્યાત્વીઓને સત્યધર્મ પમાડયો તેમ આપણે પણ તેઓની કલ્યાણક ભૂમિ સ્પર્શી, તેઓની પેઠે અન્ય ધર્મવાળા-ઓને જૈનધર્મી બનાવવા પ્રયત્ન કરવો, તેજ તીર્થયાત્રા કરીને લક્ષ્યમાં રાખવાનું છે. જેઓના હૃદયમાં આવી ઉત્તમ શ્રદ્ધા અને જૈનો બના-વવાનો ઉત્સાહ નથી, તેઓ તીર્થની યાત્રા બરાબર સમજી શકતા નથી. શ્રીમુનિસુવ્રતસ્વામી એક ઘોડાને પ્રતિબોધ દેવા સિદ્ધપુરથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાત્રીના વખતમાં ભરૂચ આવ્યા હતા, તે પ્રમાણે આપણે તીર્થની યાત્રા કરીને તેમના જેવા જો ગુણ લઇએ તોજ તીર્થયાત્રા કરી સફળ કહી શકાય. જે સાધુ, જે સાધ્વી, જે શ્રાવક અને જે શ્રાવિકા અન્ય મનુષ્યને બોધ દઈ જૈનધર્મી બનાવે છે, તે લોકાકાશમાં રહેલા અનન્ત જીવોને અભયદાન આપે છે અને તેણે તીર્થોની ખરી યાત્રા કરી એમ જિનાજ્ઞા ફરમાવે છે. જૈન થએલો તે એક શ્રાવકરૂપ તીર્થ બને છે અને તે હજારોને જૈન બનાવવા સમર્થ થાય છે અને તે મુક્તિ પામે છે. જે જૈન થાય છે તે દારૂ માંસથી દુર રહે છે, તેથી હજારો જીવોની રક્ષા થાય છે અને હજારો પશુ પંખીઓ બચવાથી તેની દયા કરી કહી શકાય છે, માટે ગમે તે જાતિવાળાને જૈનધર્મી બનાવવો જોઇએ. શ્રીમહાવીર પ્રભુના વખતમાં બ્રાહ્મણ, વૈશ્ય, ક્ષત્રિય અને શૂદ્ર એ ચાર વર્ણો જૈન ધર્મ પાળતી હતી. સુયડાંગસૂત્ર જોતાં આર્દ્રકુમાર મુસલમાન (મ્લેચ્છ) હતા, છતાં જૈન ધર્મના સાધુ બનેલા છે. શ્રીહરિકેશી ચંડાળ હતા અને તે શ્રેણિક રાજાની પુત્રી પરણ્યા હતા, તેમજ તે જૈન ધર્મના સાધુ થયા હતા. તેઓની અને બ્રાહ્મણોની વચ્ચે જાતિ આદિ માટે ચર્ચા થએલી છે, તે સંબંધી હકીકત ઉત્તરાધ્યયન સૂત્ર વાંચવાથી માલુમ પડશે. **શ્રી પ્રભવાસ્વામી ચોર હતા અને તેમણે દીક્ષા અંગીકાર કરી હતી. જૈન ધર્મ પાળવા માટે નાતજાતનો જરા માત્ર ભેદ નથી. પશુ પંખી પણ જૈન ધર્મ પામી પાંચમા ગુણસ્થાનક સુધી આવી શકે છે.** તો ગમે તે જાતિનો મનુષ્ય હોય તો તેને જૈન ધર્મી બનાવવો તેમાં ચૌદ રાજ લોકના જીવોને અભયદાન આપ્યા જેટલું ફળ છે, એમાં જરા માત્ર પણ શંકા જેવું નથી. જૈનધર્મી થાય છે તે અવશ્ય દ્રવ્ય અને ભાવદયા પાળી શકે છે, માટે સર્વ જીવોને જૈનધર્મી બનાવવા જે પ્રયત્ન કરે છે, તે તીર્થંકર પદને પ્રાપ્ત કરે છે—**सवीजीवकरूंशासनरसी एवीभावदयामनउल्लसी**—આવી ભાવના ભાવતાં તીર્થંકરોના જીવો પૂર્વભવમાં તીર્થંકર નામ કર્મ બાંધે છે અને તે ભાવનાના બળવડેજ તીર્થંકરો થાય છે અને થશે. જે મનુષ્યો જૈન સંઘરૂપ તીર્થની વૃદ્ધિના વિચારોને વધાવી લેતા નથી અને જેને આવા વિચારો વાંચી ઉત્સાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થતો નથી, તેઓ જૈનતીર્થની સેવાથી અથવા જૈનપણાથી પણ મન્દ છે, એમ સમજી લેવું. જેઓ ખરેખરા તીર્થના યાત્રાળુઓ છે, તેઓ સ્વપ્નમાં પણ આવી ઉત્તમ શ્રદ્ધાને ધારણ કરી શકે છે. જૈનધર્મની ઉત્તમ શ્રદ્ધા પણ જૈનધર્મના જ્ઞાન વિના ટકી શકતી નથી, માટે જૈન તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવાની અત્યંત આવશ્યકતા છે.

## યાત્રાળુઓએ, અવશ્ય જૈનતત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ.

## तत्त्वज्ञान.

તત્ત્વજ્ઞાન વિનાના જૈનો પોતાનું તથા પરનું ભલું કરી શકતા નથી. જ્ઞાનવિના કયું સત્ય અને કયું અસત્ય તે જણાતું નથી. જ્ઞાન વિના જગત્‌નું સ્વરૂપ સમજાતું નથી. જ્ઞાન વિના તીર્થંકરોનાં લક્ષણ તથા ગુરૂનું તથા ધર્મનું લક્ષણ જાણી શકાતું નથી. જ્ઞાન વિનાની ધર્મક્રિયાઓ અંધની ક્રિયાઓની માફક અલ્પ ફળ દેનારી થાય છે. પંચ પ્રતિક્રમણ પોપટની પેઠે ગોખી ગયા, નવસ્મરણ ગોખી ગયા, અર્થ વિના શુદ્ધ ઉચ્ચાર કરી પ્રતિક્રમણના સૂત્રોને બોલી ગયા, એટલા માત્રથી કંઈ જૈનતત્ત્વજ્ઞાનના પ્રોફેસર બની શકાતું નથી, માટે પોપટની પેઠે ગોખણીયું ભણી કોઇએ પોતાને જૈનતત્ત્વજ્ઞાની માની લેવાની અહંદશા કરવી યોગ્ય નથી. નવતત્ત્વ, કર્મગ્રંથ, સૂત્રોના આશયો, નય, નિક્ષેપા, સપ્તભંગી અને અધ્યાત્મજ્ઞાનનાં તત્ત્વો સમજવાથી જૈન બની શકાય. જૈનતત્ત્વજ્ઞાન વિના કેટલાક ક્રિયાઓ કરે છે, પણ હૃદયની ઉચ્ચ દશા કરી શકતા નથી. કરોડો વર્ષ પર્યંત તપ જપ કરીને પણ અજ્ઞાની, જે આત્માની શુદ્ધિ કરી શકતો નથી, તેટલી આત્માની શુદ્ધિ જ્ઞાની શ્વાસોશ્વાસમાં કરે છે. કહ્યું છે કે:–

" ज्ञानी श्वासोश्वासमां, करे कर्मना खेह "

---

" ज्ञानविना व्यवहारको, कहा बनावत नाच
रत्न कहो कोइ काचकुं अन्त काचको काच. "

---

क्रिया शून्यं च यज्ज्ञानं, ज्ञान शून्यं या क्रिया ॥
अनयोन्तरंज्ञेयं, भानुखद्योतयोरिव ॥१॥

---

देश आराधक किरिया कही, सर्व आराधक ज्ञान ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ज्ञानतणो महिमा घणो, अंग पंचमे भगवान् ।।**

**पढमंनाणं तओदया, पढमंनाणं तओ किरिया. ।।**

ઈત્યાદિ વાક્યો પણ ક્રિયા કરતાં જ્ઞાનની મહત્તામાં સાક્ષી પુરે છે. જ્ઞાન સૂર્ય સમાન છે અને ક્રિયા ખદ્યોત (પતંગીયા) જેવી છે. ક્રિયાથી ભ્રષ્ટ જ્ઞાની, દેશથી વિરાધક છે અને સર્વથી આરાધક છે, અને જ્ઞાનથી ભ્રષ્ટ ક્રિયા કરનાર, દેશથી આરાધક છે પણ સર્વથી વિરાધક છે, એમ ભગવતી સૂત્રમાં કહ્યું છે. જ્ઞાન વિના મનુષ્ય રોઝ સમાન છે. અજ્ઞાની શું કરશે ? શું લેશે ? અજ્ઞાની શી રીતે તપ, જપ, પ્રભુની આરાધના કરી શકશે ? આ પ્રમાણે જ્ઞાનની ઉત્તમતા યાત્રાળુઓ વિચારશે તો માલુમ પડશે કે, પહેલું જ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ પ્રભુની પૂજા, ભક્તિ, યાત્રા, વગેરે કરવામાં આવે તો દૂધમાં સાકર મળ્યા બરોબર થાય ! ! ! એક જ્ઞાની હજારો વા લાખો મનુષ્યને બોધ આપી શકે છે, પોતે તરે છે અને બીજાઓને તારી શકે છે. જ્ઞાનીની સંગતિ સમાન જગત્‌માં કોઈની સંગતિ ઉત્તમ નથી. જૈન તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કર્યા વિના ભાવ જૈનપણું પ્રાપ્ત થઈ શકતું નથી. જેઓએ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કર્યું નથી, એવા યાત્રાળુઓએ મનમાં સંકલ્પ વા પ્રતિજ્ઞા કરવી કે, કોઈ જ્ઞાની સદ્‌ગુરૂ પાસે તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવું, તેમ પોતાના પુત્ર અને પુત્રીઓને જૈન તત્ત્વ જ્ઞાન પ્રાપ્ત કરાવવું. જ્ઞાનવિનાનું જીવન શૂન્ય છે. જ્ઞાનીને સૂર્યની ઉપમા આપવામાં આવે છે. ધર્મની ક્રિયાઓ પણ જ્ઞાનીની પાસે છે. ચંદ્ર, સમુદ્ર, મેરૂપર્વત, અને કલ્પવૃક્ષ, સ્પર્શમણિ આદિની ઉપમાઓ જ્ઞાનીઓનેજ આપવામાં આવે છે. **દરરોજ જ્ઞાનનો અભ્યાસ કરવો એ પણ શ્રુત જ્ઞાન રુપ તીર્થની યાત્રા સમજવી–જો** શ્રુત જ્ઞાન રૂપ તીર્થની યાત્રા ન કરવામાં આવે તો, સ્થાવર તીર્થની યાત્રા બરાબર થઈ શકવાની નથી. હાલમાં સકળ સંઘને શ્રુત જ્ઞાનરૂપ તીર્થનો આધાર છે. જે શ્રુત જ્ઞાનરૂપ તીર્થની તન મન અને ધનથી સેવા કરતો નથી, તે તીર્થની યાત્રાનો પરિપૂર્ણ અર્થ સમજી શકતો નથી. શ્રુત જ્ઞાનરૂપ તીર્થની ઉન્નતિ માટે જેઓ પોતાના પ્રાણ આપે છે અને તે માટે પોતાનું સર્વ સમર્પણ કરે છે, તેઓ તીર્થંકરાદિ પદની પ્રાપ્તિ કરે છે; આ ઉપરથી સહેજે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમજવામાં આવશે કે શ્રુતજ્ઞાનરૂપ તીર્થવિના કદી જૈન શાસન ચાલવાનું નથી. શ્રુત જ્ઞાનની બલીહારી છે. સાધુઓ અને સાધ્વીઓને જે શ્રુતજ્ઞાન ભણાવે છે, ભણતાં તન, મન અને ધનથી જેઓ મદદ કરે છે, તેઓ શ્રુતજ્ઞાનરૂપ તીર્થની યાત્રા કરનારા સમજવા. જે શ્રાવકો અને જે શ્રાવિકાઓ પ્રતિદિન કંઈપણ જૈન સિદ્ધાંતોનો અભ્યાસ કરતા નથી, તેઓનો જન્મ થયો તો શું ? અને ન થયો તો પણ શું ? આપણા સાધુઓએ અને સાધ્વીઓએ શ્રાવક અને શ્રાવિકાઓને ભણાવવાનો રીવાજ છોડવા માંડયો છે. પણ જૈનશાળાઓ માટે પાત્ર વા અપાત્ર ગોખણપટીયા માસ્તરો રખાવવા અને **પોતે શ્રાવકોને ભણાવવા માટે ઉદ્યમ ન કરવો, આ કંઈ જૈનોની સનાતન રીત નથી.** હાલમાં ઈંગ્લીશ વિદ્યા વગેરેના અભ્યાસમાં નવીન યુવાન શ્રાવક પુત્રો તથા પુત્રીઓ પ્રવૃત્તિ કરે છે, તેથી તેઓને ભણાવવાની શૈલી કઢંગી થઈ પડી છે. સાધ્વીઓ ફક્ત જૂની રીત પ્રમાણે, તેપણ થોડી મહેનતમાં ઘણો બોધ ન થાય તેવી પદ્ધતિએ શ્રાવિકાઓને અભ્યાસ કરાવે છે, તેથી શ્રાવિકાઓની તર્કશક્તિ તથા ચારિત્રશક્તિ બરાબર ખીલી શકતી નથી; માટે નવો અનુભવ લઈ ધાર્મિક શિક્ષણની પદ્ધતિ ચલાવવાની આવશ્યકતા છે. જો સાધુઓ અને સાધ્વીઓ **ભણાવવાની પદ્ધતિ છોડી દેશે તો,** શ્રાવકો તથા શ્રાવિકાઓની સાધુવર્ગ પ્રતિ પ્રીતિભાવના તથા ભક્તિભાવના ઓછી થશે અને તેથી નવા સાધુઓ તથા સાધ્વીઓ થઈ શકશે નહિ, અને તેથી સાધુ અને સાધ્વી **તીર્થની ન્યૂનતા થવાનો પ્રસંગ આવશે.** હાલના વખતમાં ગોખણપટિયા જ્ઞાન અને હૃદયના ભાવજ્ઞાન વિનાની ઉપર ઉપરથી અન્ધ શ્રદ્ધાથી કરવામાં આવતી ક્રિયાઓ થકી જૈનોની ઉન્નતિ થવાની નથી. **જ્ઞાન અને ક્રિયામાં સુધારો કરવાની જરૂર** છે અને તે શ્રુતજ્ઞાનના પૂર્ણ અભ્યાસી થયા વિના સમજાશે નહિ. **હવે શ્રાવકો અને શ્રાવિકાઓને સ્વાર્થને લીધે વ્યાવહારિક વિદ્યા ભણવાનો પ્રેમ થયો છે. જો તે ખરેખર ભણશે તો તેઓની સ્થિતિ, વ્યવહારમાં ઉચ્ચ રહેશે અને જો તે નહિ ભણે તો બીજી કોમોની સેવાચાકરી કરી પેટ ભરવાની શૂદ્ર દશા પ્રાપ્ત કરી શકશે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશેષમાં જણાવવાનું કે, જો જૈનો ધાર્મિક તત્ત્વજ્ઞાનનો સાધુઓની પાસે અભ્યાસ નહિ કરશે તો, સાધુઓને તથા સાધ્વીઓને ઉકાળેલાં પાણી પણ મળી શકશે નહિ, કારણકે તેઓ ગુરૂઓની પાસે અભ્યાસ નહિ કરે અને શ્રાવકો વગેરે કે જે ફક્ત જાણવાની ક્રિયા કરનારા છે, તેઓની પાસે વા અન્યદર્શની પાસે ભણશે તો ધર્મના આચાર પાળશે નહિ અને અન્તે **ભવિષ્યના સાધુઓને** ચારિત્ર પાળવામાં **અપવાદો વેઠવા પડશે.** જમાનો એવો આવ્યો છે કે, હવે ઉપર ઉપરનું જ્ઞાન તથા ઉપર ઉપરની **બાહ્યાઓ સર્વ ભુંસાઈ જશે.** આર્યસમાજીઓ, થીઓસોફીસ્ટો અને સનાતન વેદાન્તીઓની હિંદુસ્થાનમાં વિશેષ સંખ્યા છે, મોટા મોટા પ્રોફેસરો, હેડમાસ્તરો, માસ્તરો, શિક્ષકો, સંન્યાસીઓ, ઉપદેશકો, વગેરેના સમાગમમાં જૈન પુત્રો તથા જૈન પુત્રીઓને એક દીવસમાં ઘણીવાર આવવું પડે છે, તેથી તેઓના સમાગમથી તેઓના ધર્મની વાતચિતોમાં પણ કેટલાક સંસ્કારોને જૈન બાળકો ગ્રહણ કરે છે, તેથી તેઓને મનમાં કંઇક અસર થયા વિના રહેતી નથી. મિત્રો, વિદ્યાગુરૂઓ, વ્યાપારીઓ, શેઠો, પાઠકો, વગેરે, આવા અન્ય દર્શનીઓ હોય છે, તેઓના સમાગમથી પોતાના જૈન ધર્મથી અજાણ એવા જૈનોને તેઓના ધર્મનું કંઇક જાણવાનું મળે છે અને તેથી તેઓના પ્રતિ પ્રીતિ આદિનો સંબન્ધ થતાં તેઓ તરફ અન્તે ઘસડાઇ જવાનો વખત આવે છે. હાલ જ્યાં ત્યાં ગુજરાતી ભાષા તથા સંસ્કૃત ભાષાના કવિઓ તથા લેખકો તરીકે પૂર્વોક્ત કહેલા અન્ય ધર્મ વાળાઓ વિશેષ જણાય છે, તેથી તેઓનાં કાવ્યથી, તેઓના લેખોથી, તેઓના પુસ્તકોના વાંચનથી, અજ્ઞ શ્રાવકો તથા શ્રાવિકાઓનું મન ભમી જાય એમ સંભવ રહે છે, માટે જૈનોને જૈન તત્ત્વજ્ઞાન સારી રીતે આપવામાં આવે તો ગમે તેના સમાગમમાં તેઓ આવે તો પણ, પોતાના ધર્મમાં સ્થિર રહે અને અન્યો પણ જૈન તત્ત્વોની ખુબી દેખી જૈન ધર્મમાં દાખલ થાય. **જેઓને જૈન ધર્મની ખરેખરી શ્રદ્ધા હૃદયમાં થઇ છે, તેઓને આ હકીકત હાડોહાડ અસર કરે છે.** જુનાં પુસ્તકોનો ઉદ્ધાર કરવો અને શ્રુતજ્ઞાનની વૃદ્ધિ માટે કાશીની **પાઠશાળા** તથા જૈન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુરૂકૂળ સ્થાપીને મનુષ્ય જન્મની સફળતા કરવી. જૈનો લાખો રૂપિયા પદવી વગેરે માટે ખર્ચે છે પણ જો તેઓ આવી બાબતમાં ધન ખર્ચે તો અવશ્ય જૈન ધર્મનો ઉદ્ધાર થાય. સાધુઓ અને સાધ્વીઓ જો શ્રુત જ્ઞાન ભણવા તથા **ભણાવવા** માટે **કટિબદ્ધ નહિ થશે તો પોતાની આંખે પોતાના જૈન ધર્મનો નાશ થતો તેઓને દેખવો પડશે.** અને તેઓ ભવિષ્યની જૈન પ્રજાને માટે **અનુપકારી** તરીકે ગણાશે. આ સઘળું વિચારીને **ખરા જૈનોનું લોહી ઉછળ્યા વિના રહેશે નહિ.** અને તેઓ પોતાનું સર્વસ્વ ધર્મના ઉદ્ધાર માટે ગણશે. પોતાનું આખું જીવન ધર્મના માટે ગાળશે, હજારો દુઃખો વેઠીને પણ તે શ્રુત જ્ઞાનનો ઉદ્ધાર કરશે. આવી જ્ઞાનોદ્ધારની ઉત્તમ સેવા બ્રહ્મચારિ પુરૂષો કરી શકે છે, માટે યાત્રાળુઓએ બ્રહ્મચર્ય ધારણ કરવું અને બીજાઓને બ્રહ્મચારી બનાવવા, કે જેથી તેઓ જૈન તત્ત્વજ્ઞાનની વૃદ્ધિને માટે પરિપૂર્ણ મહેનત કરી શકે. બ્રહ્મચર્ય વ્રત પાળીને વીર્યનું સંરક્ષણ કરવાથી મહાન્ કૃત્યો કરી શકાય છે, તે માટે યાત્રાળુઓએ બ્રહ્મચર્ય ગુણનું પાલન કરવું.

## ब्रह्मचर्य.

જગત્‌માં સર્વ વ્રતોમાં મોટામાં મોટું બ્રહ્મચર્ય વ્રત છે. બ્રહ્મચર્યવ્રતને સમુદ્રની ઉપમા આપવામાં આવે છે અને બીજાં સર્વ વ્રતોને નદીઓની ઉપમા આપવામાં આવે છે. બાળક અને બાલિકાઓને વીશ પચીશ વર્ષ પર્યંત બ્રહ્મચર્ય પળાવવાથી શરીર મજબુત રહે છે. કેટલાક જૈનો પોતાનાં **બાળકોને તેર ચૌદ વર્ષમાં પરણાવી બાળલગ્નની હોળીમાં હોમે છે, અહો!!! કેટલી બધી તે નિર્દયતાની વાત!!! બાળલગ્ન એ પશુ યજ્ઞની બરોબર છે.** બાળલગ્નવાળી પ્રજા નિર્બળ હોય છે અને તે પોતે મડદાલ થઇ બીજાઓનું ભલું કરી શકતી નથી. જૈનની નિર્બળ પ્રજા અન્ય કોમો કરતાં પાછળ પડે છે, કેમકે શરીરે નિર્બળ હોવાથી પોતાની સંતતિને સારો વારસો આપી જતી નથી. જૈન પ્રજા કે જે બાળલગ્નથી ઉછરેલી છે, તેઓનું લાંબું આયુષ્ય પણ હોતું નથી, તેનાથી ધર્મનો ઉપદેશ સારી રીતે થઇ શકતો નથી. ધર્મ, અર્થ, કામ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોક્ષ એ ચાર વર્ગોનું યથાર્થપણે આરાધન કરી શકાતું નથી. પુત્રો અને પુત્રીઓ હાલના અનેક પ્રકારની મોજ મજાના સંયોગોની સગવડતાવાળી–શહેર તથા ગામડાંની વસ્તિમાં, આગળ પાછળ મૈથુનના સંસ્કારીઓના સમાગમથી બ્રહ્મચર્ય પાળી શકવાને સમર્થ થઈ શકતાં નથી, માટે વિદ્યાભ્યાસની સાથે બ્રહ્મચર્ય પાળી શકાય એવી જૈન ગુરૂકૂળઆદિ સંસ્થાઓની જરૂર છે, કે જ્યાં વગડાને લીધે અને વિકારી સંયોગોના અભાવે સારી રીતે બ્રહ્મચર્ય પાળી શકાય.

## જૈન ગુરુકૂળ

આર્યસમાજીઓએ હરિદ્વારમાં ગુરૂકૂળ સ્થાપ્યું છે, તેઓ તેની તારીફ સારી રીતે કરે છે અને કહે છે કે–ત્યાંના વિદ્યાર્થીઓ સર્વ બાબતમાં હુંશિયાર થયા છે. તેઓ બહાર આવશે ત્યારે લોકો તેઓને દેખી આશ્ચર્ય પામશે. પ્રિય જૈનો ! જો આ બાબતમાં વિચાર કરશો તો મુક્ત કંઠે કહેવું પડશે કે, જૈન ગુરૂકૂળની અત્યંત આવશ્યકતા છે. સ્ત્રીઓ વગેરેના પરિચયથી દૂર રહી પચ્ચીશ વર્ષ પર્યંત ધાર્મિક તથા ( ઈંગ્લીશ ભાષા વગેરે ) વ્યાવહારિક વિદ્યાનો અભ્યાસ કરવો, દરરોજ કસરત કરવી, ખાવાનો ખોરાક પણ પુષ્ટિકારક–તેમજ જંગલની હવા પણ ઉત્તમ હોવાથી શરીરબળ અને જ્ઞાનબળ સારી રીતે વધે છે, માટે જ્યાં ધર્મ ક્રિયાઓ કરવા માટે એક જુદો ઉપાશ્રય હોય, પૂજા કરવા માટે એક જિન મંદિર સાદી રીતે તૈયાર કરેલું હોય, ભાષણો આપવા માટે, હજારો વિદ્યાર્થીઓ બેસી શકે એવો એક સભા મંડપ જુદો કરવામાં આવ્યો હોય, વિદ્યાર્થીઓને રહેવા માટે જુદી જુદી કોટડીઓ હોય, ભોજનશાળાનું સ્થાન પણ જુદું હોય, માંદા વિદ્યાર્થીઓની સારવાર માટે જુદું સ્થાન હોય, ફરવા માટે હવાવાળી ખુલ્લી જગ્યા હોય, વ્યાવહારિક અને નીતિ શિક્ષણનાં ધોરણો રચાયાં હોય અને નીતિ અને ધર્માભિમાની શિક્ષકો ગોઠવવામાં આવેલા હોય, ધાર્મિક શિક્ષણનું જ્ઞાન આપવા માટે ઉચ્ચ ધાર્મિક કેળવણી પામેલા ગુરૂઓ તથા શિક્ષકોની સગવડ કરવામાં આવી હોય, અનેક પ્રકારના વ્યાપાર શિખવવા જુદાજુદા માસ્તરો રોકવામાં આવેલા હોય, અનેક જાતના હુન્નરો શિખવવા માટે કેટલાક શિક્ષકો રોકેલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય, અનેક પ્રકારનાં પુસ્તકો વાંચવા માટે એક સારી લાયબ્રેરી ખોલવામાં આવેલી હોય, ધ્યાન કરવા માટે જુદી જગ્યાઓને રોકેલી હોય, વિદ્યાર્થીઓ પાસે અમુક વર્ષ સુધી ખાસ પ્રતિબંધથી ભણવાની કબુલાતો લખાવી લીધેલી હોય, કોઈપણ સ્ત્રીની સાથે પત્ર વ્યવહાર ન હોય, વિદ્યાર્થીઓ ઉપર દેખરેખ રાખવા કેટલાક મનુષ્યો રાખેલા હોય, જૈન ધર્મ અને અન્ય ધર્મના તત્ત્વોનો મુકાબલો કરવાનું શિક્ષણ આપવા માટે પરિપૂર્ણ કેળવાયલા મનુષ્યો રાખ્યા હોય, સંસ્કૃત, માગધી, ઇંગ્લીશ, હિંદુસ્થાની, અને ગુજરાતી વગેરે ભાષાઓનું જ્યાં ખાસ અધ્યયન કરાવવાનું હોય, શિક્ષણસમયસૂચક ટાઇમ ટેબલો બરાબર ઘડવામાં આવ્યાં હોય, તન મન અને ધનનો આત્મભોગ આપે તેવા માસ્તરો વગેરે જ્યાં રહ્યા હોય, બ્રહ્મચર્યના ગુણો બતાવવામાં આવે એવાં પુસ્તકોનું વાંચન થતું હોય, જ્યાં જમાનાને અનુસરી ધર્મગુરૂઓ કે જે ધાર્મિક શિક્ષણ આપવાને માટે, સાત સાત વર્ષ સુધી બંધાયલા હોય, તેઓને માટે જરાક દૂર સ્થાનની સગવડ હોય, **એવું ગુરૂકૂળ સ્થાપવામાં આવે તો હજારો જૈન વિદ્યાર્થીઓ બ્રહ્મચર્ય સાચવીને અભ્યાસ કરી બહાર પડે અને તેથી જૈનોની જાહોજલાલીના વાવટા ફરકવા માંડે.** આવી સ્થિતિના ગુરૂકૂળ માટે લાખો રૂપૈયા ખર્ચનારા જૈનો, જૈન ધર્મનો ઉદ્ધાર કરી પરમપદને પામે છે—પૂર્વોક્ત દર્શાવેલા ગુરૂકૂળમાંથી બહાર પડેલા વિદ્યાર્થીઓ કે, જેઓએ સારી રીતે બ્રહ્મચર્ય પૂર્વક કેળવણી લીધી છે, તેઓ ભણીને બહાર પડયા બાદ એકેક લાખ જેવી શક્તિથી ગૃહસ્થાશ્રમધર્મની વા સાધુધર્મની સેવા ઉઠાવી લે, તો આપણે પોતાની અસલ સ્થિતિ પ્રાપ્ત કરી શકીએ એમાં જરા માત્ર શક નથી. ઘણા સાધુઓ તથા શ્રાવકોના મનમાં આવા વિચારો છે, પણ **દશ પંદર આત્મભોગ આપનારા શૂરવીર જૈનો બહાર પડે તો જન ગુરૂકૂળ જેવી સંસ્થા કાઢી શકાય, એમાં જરા માત્ર પણ શક નથી.** આવી યોજનાના વિચાર માટે એક જાહેર જૈન વિદ્વાનોની **સભા મળવી જોઇએ** અને આ વિષયને **જાહેરપત્રોમાં** ખૂબ ચર્ચવો જોઇએ, કે જેથી દરેકનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધ્યાન આ બાબતપર ખેંચાય. **જૈન પ્રજાની સાચેસાચી ઉન્નતિ કરવી હોય તો જૈન ગુરૂકૂળ સ્થાપવું જોઇએ.** એકજ શ્રી હેમચંદ્રાચાર્યે ઘણી ઉન્નતિ કરી, તેમ ગુરૂકૂળમાંનો એકેક વિદ્યાર્થી બાહોશવક્તા અને જ્ઞાની પાકવાથી હજારો સામે ટક્કર ઝીલી શકે અને હજારો મનુષ્યોને પોતાના ધર્મ તરફ આકર્ષી શકે. બ્રહ્મચર્યધારક વિદ્યાર્થીઓ શ્રાવક તરીકે પણ મજબુત શરીરના હોવાથી ઘણું કામ કરી શકશે; માટે ગુરૂકૂળની સંસ્થા સ્થાપવાની અત્યંત આવશ્યકતા છે. **શરીર બળ વિના મનોબળ અને વચનબળ ખીલી શકતું નથી.** જેને બોલવાની પણ હોંશ થતી નથી, તે પોતાનો તથા જૈન કોમનો ઉદ્ધાર કરી શકતો નથી. જેઓ **બળવાન્ છે તેઓ** પોતાનો તથા પરનો **ઉદ્ધાર કરી શકે** છે. હાલના વખતમાં પુત્રોને બ્રહ્મચારી બનાવી બળવાન્ કરવા હોય અને પોતાના ધર્મનો ઉદ્ધાર કરવો હોય, તો અમૃત સમાન આ લેખ સમજી લેવો. ધાર્મિક કેળવણી આપવામાં આપણે **પશ્ચાત્ પડીશું તો આપણે શ્રીવીર પ્રભુના ક્ષત્રિય પુત્ર કહેવાઇશું નહિ.** જૈનોએ ખ્રીસ્તિઓની પેઠે ધાર્મિક જૈનોની વૃદ્ધિ માટે સખાવત કરતાં શિખવું જોઇએ. એક અંગ્રેજ બાનુએ ખ્રીસ્તિઓ નવા બનાવવા સારૂ આઠ કરોડ રૂપૈયા આપ્યા છે. મુંબાઇમાં ખ્રીસ્તિઓની એક મોટી સંસ્થા છે, કે જેનું મકાન બાંધતાં દશ પંદર લાખ રૂપૈયાનું ખર્ચ થયું હશે. અમદાવાદ, વડોદરા, પુના લશ્કર, નડિયાદ, બોરસદ, પ્રાંતિજ, સમેરા, અજમેર, કાશી, કલકત્તા, મદ્રાસ, કરાંચી, આગ્રા, વલસાડ, પારડી, નાગપુર વગેરે હજારો ઠેકાણે ખ્રીસ્તિઓએ લાખો રૂપૈયા ખર્ચીને અને આત્મભોગ આપીને, નવા ખ્રીસ્તિ કરવા મકાનો બાંધી લાખો મનુષ્યોને ભણાવી હુન્નર ધંધા શિખવી, ખ્રીસ્તિ ધર્મની ઉન્નતિ કરી છે. **જૈનોનાં હૃદયમાં શ્રીમહાવીરપ્રભુ વસ્યા હોય તો, રોમેરોમે ધર્માભિમાન વ્યાપ્યા વિના રહે નહિ અને જૈન ગુરૂકૂળ જેવી સંસ્થાને ઉપાડી લીધા વિના રહે નહિ.** જૈનોમાં બહાદૂર આત્મભોગી જૈનોનો ટોટો છે, પણ જો જૈન ગુરૂકૂળ સ્થાપવામાં આવે તો હજારો વિદ્યાર્થીઓને તેવા બનાવી શકાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**"વહોરો રોડે અને વાણિયો વરઘોડે"**ની પેઠે વણિક તરીકે બનેલા જૈનો વરઘોડા અને નાતવરામાં લાખો **રૂપૈયાની ધૂળધાણી કરી નાંખે છે.** જૈન ધર્મની ઉન્નતિ માટે ચમડી તુટે પણ દમડી ન છૂટે તેવી ગતિ આચરે છે. અહો ! **જૈનોનું મન કયારે સુધરશે** ! આવા જૈનો જૈન મન્દિરમાં જઇને કહે છે કે-" અહો દિનાનાથ, શી ગતિ થાશે અમારી; બેવાતે મારૂં મન લલચાણું વ્હાલા, એક કંચનદુજીનારી " આવી રીતે બોલ્યા કરે છે, પણ તેનો અર્થ સમજીને જૈન ધર્મના ઉદ્ધાર માટે આત્મભોગ કોઈ વિરલાજ આપે છે. જેને જૈન ધર્મની ઉન્નતિ કરવાનો વિચાર નથી અને જે જૈન ધર્મના ઉદ્ધાર માટે આત્મભોગ આપવા તૈયાર નથી, તે તીર્થંકરોની આરાધનામાં શું સમજે ? અર્થાત્ જેઓની નસેનસમાં જૈનધર્મની ઉન્નતિ કરવા માટે શૂર વ્યાપતું નથી, એવા જૈનો જન્મીને કોઇનું કંઈ ઉકાળી શકતા નથી, જેઓને શૂરાતન ચઢાવ્યા છતાં ચડતું નથી, પણ ઉલટું પવૈયાની પેઠે અથવા બહુચરામાતાના ફાતડાની પેઠે, હસીને તાળી આપવાની ચાલ છે, તેવાઓએ **પોતાની માતાને નવમાસ પર્યંત શા માટે ભારે મારી ?** જે જૈનોના બાપદાદાઓએ જૈનધર્મના માટે તન, મન, ધન અર્પણ કર્યાં હતાં, હજારો દુઃખો ખમી જૈનધર્મની ઉન્નતિ કરી સંપૂર્ણ જીંદગીઓ ગુમાવી હતી, તેવાઓના દીકરાના દીકરાઓ-વંશજો-આજ 'લે દોસ તાળી ' ની પેઠે કુકડુકુની રમત રમે છે અને ઢીલા ઢપ જેવા થઈ ગયા છે; તેઓની આવી સ્થિતિ દેખીને આંખોમાંથી દડદડ આંસુ નીકળે છે. પૂર્વાચાર્યોએ એક શ્વાસોશ્વાસ પણ નકામો ગાળ્યો નહોતો, જૈનધર્મની ઉન્નતિ માટે મેદાનમાં યાહોમ કરી પડયા હતા, હજારો દુઃખો સહન કર્યાં હતાં, નિરાંતવાળીને જરામાત્ર પણ બેઠા નહોતા, કંચન અને કામિનિથી ન્યારા રહી જૈનધર્મના બીજો, જ્યાં ત્યાં વાવ્યાં હતાં, શંકરાચાર્યોના વખતમાં ઘાંચીની ઘાણીઓમાં કચરાયા હતા, તોપણ પોતાનો ધર્મ ફેલાવવામાં પાછી પાની કરી નહોતી; તેવાઓના વંશજો હાલ કેવી સાંકડી સ્થિતિમાં આવી પડયા છે, તે વિચારતાં એક મોટો નિશ્વાસ મૂકવો પડે છે. સર્વ ધર્મોની હરિફા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇનો વખત આવી પહોંચ્યો છે. હવે તો ચેતો !! ચેતાવો !! જરા મોટું મન તો રાખો ! તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ અને જમાનો અનુભવ્યા વિના સાધુઓમાં અને સાધ્વીઓમાં નવો જુસ્સો આવવાનો નથી. "વાતો કરે વડાં થવાનાં નથી." ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણો. જાગ્યા ત્યાથી પ્રભાત માનો-તમારી શક્તિઓ પ્રાપ્ત કરવા જૈન ગુરૂકૂળની યોજનાને વધાવી લ્યો-હવે તો બસ, ઘણું થયું. **આંખો ઉઘાડો અને કાર્ય કરવા મંડી જાઓ-તમારી પાસે જે છે તે સર્વ જૈનોદ્ધાર માટે છે એમ સંકલ્પ કરો.**

જૈનોની શિથિલતાનો લાભ લેઈ અન્ય કોમો આગળ પડતી દેખાય છે, ત્યારે જ્ઞાનશૂન્ય કેટલાક જૈનો નકામી તકરારોમાં લાખો રૂપૈયાનો ધૂમાડો કરે છે, તથા પરસ્પર ચડસાચડસીમાં લાખો રૂપૈયા વાપરી નાંખે છે અને તેથી **જનોની સ્થિતિ દરરોજ ઉન્નતિના શિખરથી એક બે પગથીયાં નીચે ઉતરતી ઉતરતી તળેટીમાં આવી પહોંચી છે.** જૈનબંધુઓએ યાત્રા કરવા માટે દરરોજ ઉન્નતિના શિખરપર જવા પાંચ છ પગથીયાં તો ચડવું જોઇએ.

સ્થાનકવાસી "જૈન સમાચાર" પત્રના અધિપતિએ પોતાની કોમને ટ્રેનિંગ કોલેજ માટે ઘણું લખી જણાવ્યું, પણ તતુડીના અવાજમાં ગાજરની તતુડીનો અવાજ શા હિસાબમાં !!! તેમ સ્થાનકવાસી જૈનોએ કર્યું છે. લાખો રૂપૈયાને ઠેકાણે લાખ બે લાખનો ફાળો કર્યો હોય તે કંઈ હિસાબમાં ગણાય નહિ. ખરેખર સ્થાનકવાસી જૈનો જીવદયાની હિમાયતી કરે છે અને સંઘને તીર્થ માને છે. લક્ષાધિપતિઓ છતાં ભાઇ વાડીલાલના વિચારને હિસાબમાં ગણુતા નથી, તેજ તેમની બુદ્ધિની કિંમત કરાવનારી સ્થિતિ છે.

જૈનો જો દયા કરવા ધારતા હોય અને **ચાર ખંડમાં દયા વધારવા માગતા હોય તો** તેઓએ જૈન ગુરૂકૂળ સ્થાપવું જોઇએ. સં. ૧૯૬૫ ની સાલમાં હું અમદાવાદમાંથી વિહાર કરી વડોદરા તરફ જતો હતો, ત્યારે બારેજાની પાસે વગડામાં એક ખ્રીસ્તિઓનું મકાન હતું, તેમાં હિંદુઓના આશરે પાંચસેં છોકરા ખ્રીસ્તિ બનાવેલા હતા; તેઓમાંના આશરે પચાસ છોકરા હું ચાલતો હતો ત્યાં આવી પહોંચ્યા, મેં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓને પુછયું કે તમો કોણ છો? ત્યારે તેઓએ કહ્યું કે અમો ખ્રીસ્તિ છીએ, મેં કહ્યું કે તમો હિંદુના છોકરાઓ હતા, તેઓએ કહ્યું કે, **અમારા પ્રાણ બચાવનારા ખ્રીસ્તિઓ છે, કારણ કે તેઓએ અમને દુકાળ વગેરેમાંથી બચાવ્યા છે. હિંદુઓને અને જૈનોને ધિક્કાર છે કે તેઓ પોતાની જાતને બચાવી શકતા નથી અને એકાન્તે ટીલાંટપકાં નદીસ્નાન વગેરેમાં ધર્મ માને છે અને મનુષ્ય જાતને બચાવવામાં ધર્મ માનતા નથી, હવે અમને કહેવાથી શું વળે? હવે તો અમો સર્વેને ખ્રીસ્તિઓ બનાવવા પ્રાણ આપીશું.** હાલમાં સં. ૧૯૬૭ ના માગશરશુદી દશમના રોજ વલસાડથી વિહાર કરી પારડી જતાં એક ખ્રીસ્તિઓનું મકાન આવ્યું; પહેલાં હિંદુઓ પણ પશ્ચાત્ ખ્રીસ્તિ બનેલા ઘણા છોકરાઓ મને જોવા એકઠા થએલા હતા, તેઓ મારા સામું જોઈ હસવા લાગ્યા ત્યારે મેં પુછયું કે તમો કોણ છો? ત્યારે તેઓએ કહ્યું કે અમો ખ્રીસ્તિ છીએ. મેં કહ્યું કે તમો તો હિંદુઓ હતા, ત્યારે શા માટે ખ્રીસ્તિઓ બન્યા? ત્યારે તેઓએ કહ્યું કે ખ્રીસ્તિધર્મ ખરો છે અને બીજા ધર્મ ખોટા છે. મેં કહ્યું કે તમોએ હિંદુઓનાં પુસ્તકોનો અભ્યાસ કર્યો હોત તો આવું બોલત નહીં. તમો પહેલાં હિંદુમાતાઓના પેટમાં રહ્યા હતા. જો અમે પહેલાંથી ચેત્યા હોત તો તમોને ધર્મ ભ્રષ્ટ થવા દેત નહીં, ત્યારે **તેઓએ કહ્યું કે તમો ત્યારે કેમ પહેલાંથી ચેત્યા નહીં.** આવું તેઓનું સાંભળી મારા મનમાં ઘણું લાગી આવ્યું. તે વખતે મારી સાથે ચાલનાર વલસાડ તથા પારડીના શ્રાવકો તથા અમારા વિદ્યાર્થીના મનમાં પણ ઘણું લાગી આવ્યું.

જૈનયાત્રાળુઓ આ ઉપરથી વિચારશે કે, અહો! આપણે ઘણા પાછળ પડી ગયા છીએ, તેનું ખરૂં કારણ બ્રહ્મચર્ય ગુણવડે યુક્ત એવા ગુરૂકૂળથી ખરા જૈનો બનાવ્યા નથી તેજ છે. જો યાત્રાળુઓ ખરી યાત્રા કરવા ધારતા હશે તો ધર્મોન્નતિનું કારણ–ધર્મી બનવાનું કારણ–એવા બ્રહ્મચર્યને ધારણ કરશે. શ્રાવક યાત્રાળુઓના પુત્રોને બ્રહ્મચારી બનાવવા માટે **જૈનગુરુકૂળ સ્થાપવાનો** જે વિચાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જણાવ્યો છે તેને વધાવી લેશે તો, બ્રહ્મચર્ય પાળવાના તેઓ ખરા રાગી ગણાશે. જગતમાં બ્રહ્મચારી પુરૂષ, શું કરી શકતો નથી? અર્થાત્ સર્વ કાર્યોને સિદ્ધ કરી શકે છે. બ્રહ્મચારીને દેવતાઓની પણ સહાય મળી શકે છે. જૈન યાત્રાળુઓએ આ લખેલી વાત ખાસ લક્ષ્યમાં રાખવી જોઇએ.

## ધર્મોપદેશ.

જૈનયાત્રાળુ **સાધુ સાધ્વીઓએ ન ધર્મનો ઉપદેશ આપવાને માટે સંકલ્પ કરવો જોઈએ.** આપણા તીર્થંકરોએ કાયાનું અર્પણ કરી, ગામેગામ ભમી, લાખો લોકોને ઉપદેશો આપી તાર્યા હતા; આપણે પણ થંકરોના તેવા ગુણોને લીધેજ તેઓની કલ્યાણક ભૂમિને પવિત્ર માની સ્પર્શીએ છીએ અને પૂજીએ છીએ, તો આપણે પણ તેમના પગલાને અનુસરી આત્મભોગ આપી, હજારો જીવોને તારવાને સારૂ ગામે ગામ ભમી ઉપદેશ દેવો જોઇએ. જગતના મહાન્ દયાળુ પિતા, જગદુદ્ધારક, ત્રણ ભુવનના નાયક, **સર્વજ્ઞ પરમાત્મા શ્રી મહાવીર તીર્થંકર** કે, જે આજથી **બેહજારચારસોને સાડત્રીસ** વર્ષ ઉપર અપાપાપૂરીમાં વિચરતા હતા; તેઓએ હસ્તીપાળ રાજાની જૂની લેખક સભામાં ચોમાસું કર્યું હતું; તેઓના શરીરના અવસાન વખતે કાશી વગેરે અઢાર દેશના રાજાઓ વંદનાર્થે આવ્યા હતા; તેઓની આગળ શ્રી **વીર પ્રભુએ સોળ પહોર પર્યંત દેશના દીધી હતી;** ત્યારે આપણે પણ આપણા શ્રી વીર પ્રભુનું અનુકરણ કરી કેમ ગામો ગામ ફરી ઉપદેશ નહીં દેવો જોઇએ? શ્રી વીર પ્રભુએ જે શ્રમ લીધો છે તે ખરેખર સદાકાળ લક્ષ્યમાં રાખવો જોઈએ. યાત્રાળુ સાધુ સાધ્વીઓએ તીર્થમાં ખરા અંતઃકરણથી **પ્રતિજ્ઞા** કરવી કે **આજથી હું એક ઠેકાણે પડી રહીશ નહિ અને આજથી હું ગમે તે ધર્મના લોકોને ઉપદેશ આપી જૈન ધર્મ ગ્રાહી બનાવવા પ્રયત્ન કરીશ અને જરા માત્ર પણ હું પ્રમાદ કરીશ નહીં.** આ પ્રમાણે સાધુ અને સાધ્વીઓ જો ધર્મોપદેશ આપવાનો પ્રયત્ન કરે તો અલ્પ વારમાં જૈન ધર્મનો ફેલાવો કરી શકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુદર્શનના ચરિત્રમાં તો આ બાબતનો વિશેષ ખુલાસો મળી શકે એમ છે. એક વિદ્યાધર મુનિ નંદીશ્વર દ્વીપની યાત્રા કરવાને જતા હતા, પણ લંકા દેશમાં સુદર્શનનો પિતા મેઘરાજા જૈન ધર્મની આસ્તિકતા ધરાવતો નહોતો તેને બોધ દેવાને માટે વિદ્યાધર મુનિરાજ તે રાજાની સભામાં ઉતર્યા અને શીલામેઘરાજાદિ સર્વેને બોધ આપ્યો અને જૈન બનાવ્યા, પશ્ચાત્ તેઓ નંદીશ્વર દ્વીપની યાત્રાએ ગયા. આ ઉપરથી સાધુ અને સાધ્વીઓએ સાર લેવાનો છે કે ધર્મનો ઉપદેશ દેવો એનું કાંઈ સામાન્ય ફળ નથી. **શ્રુતધર્મનો ઉપદેશ દેવો એ પણ તીર્થયાત્રા રૂપજ છે, એમ ભગવતી સૂત્રના** આધારે સમજવું જોઇએ. ધર્મોપદેશ દેવામાં જો આપણે પાછળ પડીશું અને શિથિલાચારી થઇશું તો ખરેખરા આત્મભોગી બની શકીશું નહીં. અન્ય ધર્મવાળાઓ ઠેકાણે ઠેકાણે ફરીને પોતપોતાના ધર્મ ફેલાવવા માટે હજારો ભાષણો આપે છે અને અન્ય લોકોને પોતાના ધર્મમાં દાખલ કરે છે, ત્યારે આપણે શા માટે મડદાલ બનવું જોઈએ? આપણો ધર્મ સત્ય છે તો, શા માટે ઉપદેશ આપતા પાછી પાની કરવી જોઇએ? આપણા ધર્મનો ફેલાવો થાય તેવો ઉપદેશ આપવામાં આત્મભોગ, તૃષ્ણા, પરિસહ, અપમાન વગેરે હજારો દુઃખો પડે તો તે વેઠવાં જોઇએ; **પ્રમાદ દશા** કરવા તથા **એક ઠેકાણે પડી રહેવા આપણે સાધુપણું લીધું નથી,** એ લક્ષ્યમાં રાખવું જોઇએ. જ્યારે જૈન ધર્મના ઉદ્ધાર માટે આપણે આપણું જીવન રોક્યું છે, ત્યારે તેની સાર્થકતા કરવી જોઇએ. શ્રાવકો અને શ્રાવિકાઓ આપણને ત્યાગી અને ધર્મોપદેશકો જાણી પોતાના વહાલા પુત્રને ન આપે, એવા સારા પદાર્થો આપે છે અને આપણી ભક્તિ કરે છે, તેનું ફળ આપણે ધર્મોપદેશથી આપવું જોઇએ. જૈન સાધુ સાધ્વીઓ જો ગામોગામ ઉપદેશ આપવા ફરે તો હજારો પ્રાણીઓની થતી હિંસા અટકી જાય અને ઘણા ઇતર ધર્મવાળાઓ જૈન ધર્મમાં દાખલ થાય. જે તરફ સાધુ અને સાધ્વીઓનો વિહાર નથી તે તરફ પુષ્કળ જીવહિંસા થતી માલુમ પડે છે. દાખલા તરીકે ધારો કે બંગાળામાં, દક્ષિણમાં, સિંધમાં, સાધુ અને સાધ્વીઓનો ઘણો અલ્પ વિહાર છે, તેથી ત્યાં જીવહિંસા ઘણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોવામાં આવે છે; ઘણા દારૂ પીનારા તથા માંસાહારી માલુમ પડે છે; પણ જ્યાં સાધુ અને સાધ્વીઓનો ઘણો વિહાર થાય છે, એવા કાઠીયાવાડ, ગુજરાત, મારવાડ આદિ ભાગોમાં જીવહિંસા ઘણી થોડી માલુમ પડે છે. જૈન ધર્મનો ઉપદેશ દેવો એ ખરેખરૂં ભાવ અભયદાન છે; આવો અમૂલ્ય સમય પામીને જેઓ **ધર્મોપદેશ રૂપ ભાવ અભયદાન આપી શકતા નથી, તેઓ ખરેખર પોતાની શક્તિનો ખરો ઉપયોગ કરી શકતા નથી,** અર્થાત્ તેઓ મનુષ્ય જન્મ હારી જાય છે. જૈનધર્મના ફેલાવા માટે તેઓ બિલકુલ નકામા થઇ પડે છે. શ્રી આર્યસુહસ્તિ મહારાજાએ **સંપ્રતિ** રાજાને બોધ આપી જૈનધર્મી બનાવ્યો હતો, તેથી તેઓ જૈનધર્મના ફેલાવા અર્થે ઘણું કરી શકયા હતા. શ્રી હેમચંદ્રાચાર્યે કુમારપાળ રાજાને બોધ આપી જૈનધર્મી બનાવ્યા હતા, તેથી તેઓ પણ જૈનધર્મનો સારો ફેલાવો કરી શકયા હતા. શ્રી હરિભદ્રસૂરિ મહારાજે બોધ આપી ઘણા લોકોને જૈન બનાવ્યા હતા; જેઓએ ચૌદશેંને ચુમાળીશ ગ્રંથ બનાવ્યા છે. જીનદત્તસૂરિજી તથા શ્રીરત્નપ્રભાચાર્ય વગેરે આચાર્યોએ જરા માત્ર પણ પ્રમાદ ન કરતાં કટિબદ્ધ થઇ ઉપદેશ આપી જૈનધર્મનો ફેલાવો કર્યો હતો. શ્રી હીરવિજયસૂરિજી તથા શ્રી વિજયસેનસૂરિજી તથા શ્રી યશોવિજયજી ઉપાધ્યાય, વગેરેએ જૈનધર્મનો ઉપદેશ આપી સારો ફેલાવો કર્યો હતો; પાછળથી શિથિલાચાર પેસવાથી વલ્લભાચાર્યના વખતમાં ઘણા જૈનોને ઉપદેશ ન મળવાથી વૈષ્ણવો વગેરે બની ગયેલા હાલ પ્રત્યક્ષ માલુમ પડે છે.

આનું ખરેખરૂં કારણ એજ જણાય છે કે, જૈન ધર્મના ખરેખરા ઉપદેશની ખામી છે. જો બરોબર ઉપદેશ મળતો હોય તો આવું કદાપિ કાળે બને નહિ. આ વાત લક્ષ્યમાં રાખી સાધુ સાધ્વીઓએ યથાશક્તિ ઉપદેશ દેવા માટે તીર્થ સ્થળે પ્રતિજ્ઞા કરવી જોઈએ અને લાંબા કાળ સુધી તીર્થમાં પડી રહી શિથિલાચારી થવું નહિ જોઇએ. હાલના વખતમાં થોડા વખતમાં થઇ ગયેલા મુનિ મહારાજ શ્રી આત્મારામજી ઉર્ફે વિજયાનંદસૂરિ મહારાજનું જીવન ચરિત્ર વાંચ્યું હશે, તેઓને માલુમ હશે કે જૈન ધર્મનો ઉપદેશ આપવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણો ફાયદો થાય છે. સાધુ અને સાધ્વીઓ પાસે જો દાન દેવાની શક્તિ હોય તો તે એજ છે કે, જૈન ધર્મનો ઉપદેશ દેવો. શ્રી સંપ્રતિ રાજાએ જૈન ધર્મનો ઉપદેશ દેવા માટે અન્યોને, જૈન સાધુઓનો વેષ પહેરાવી બલુચીસ્તાન, અફગાનીસ્તાન, ટીબેટ, તુર્કસ્તાન, અરબસ્તાન, આસામ, બ્રહ્મદેશ વગેરે દેશોમાં મોકલ્યા હતા. આપણા આચાર્યોને પગલે ચાલી આપણે પણ તે પ્રમાણે ઉપદેશ દેવાને માટે પ્રાણ પડે તેની પણ દરકાર ન રાખવી જોઇએ. શ્રાવક અને શ્રાવિકાઓએ પણ જૈન ધર્મનું તત્ત્વ ગ્રહણ કરી બીજાઓને જૈન બનાવવા માટે, તેઓને તત્ત્વ સમજાવવું અને તેઓના મનનું સમાધાન કરવું. અન્ય ધર્મીઓ કેવી રીતે બોધ પામી શકે તેનું શિક્ષણ પોતે લઇને પછી બોધ આપવામાં આવે તો બીજાઓને તરત અસર થાય. સાધુ અને સાધ્વીઓને ઉપદેશ દેવામાં જે શ્રાવક અને શ્રાવિકાઓ મદદ કરે છે તેને અનંત ઘણું ફળ થાય છે. સાધુ અને સાધ્વીઓની વિદ્વત્તા વધારવા માટે જે શ્રાવક અને શ્રાવિકા મદદ કરે છે તેઓને અનંત ઘણું ફળ થાય છે. તીર્થોની યાત્રા કરીને દરેક યાત્રાળુઓએ આવો સદ્‌ગુણ ગ્રહણ કરવો જોઇએ.

## यात्राळुओए उपदेश श्रवण तथा ग्रंथ वाचन ए बे गुणो अंगीकार करवा जोइए.

આ બે ગુણો અવશ્ય પ્રાપ્ત કરવા લાયક છે. પ્રદેશી રાજા પરિપૂર્ણ નાસ્તિક હતો, પણ જ્યારે શ્રી કેશીકુમારનો ઉપદેશ સાંભળ્યો ત્યારે સર્વ પ્રકારની નાસ્તિક બુદ્ધિ ટળી ગઈ અને પરિપૂર્ણ શ્રદ્ધાળુ બની ગયો. ઉપદેશ શ્રવણ કરવાથી હૃદયમાં જ્ઞાનરૂપ દીપકની જ્યોતિ પ્રગટે છે અને અનેક પ્રકારની શંકાઓનો નાશ થાય છે. શ્રી ઇન્દ્રભૂતિએ પ્રભુનો ઉપદેશ સાંભળ્યો કે તુર્ત તેમના મનની શંકાઓ ટળી ગઈ. શ્રી હેમચંદ્રાચાર્યનો ઉપદેશ સાંભળવાથીજ કુમારપાળ જૈન થયા. ઉપદેશથી વિજળીના કરતાં પણ અધિક અસર, હૃદયમાં થાય છે. ઉપદેશ શ્રવણથી મનના વિકલ્પો અને સંકલ્પો ટળી જાય છે. માટે જિનવાણી રૂપ અમૃતનું પાન કરવું તેજ ઉત્તમ છે. યાત્રાળુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓએ ગુરૂ પાસે વિનયથી બેસી વિધિ પૂર્વક સૂત્ર સિદ્ધાંતોનું શ્રવણ કરવું જોઇએ; જ્યારે ગુરૂનો યોગ ન મળે ત્યારે પવિત્ર ગ્રંથોનું વાચન શરૂ કરવું, ગીતાર્થ ગુરૂની સમ્મતિ મેળવીને પોતે કયા ગ્રંથો વાંચવા તેનો નિશ્ચય કરવો. જે જે વાંચવું તે બરાબર સમજીને વાંચવું. હાલમાં ઘણા જૈન ગ્રન્થો છપાઈને બહાર પડયા છે અને ઘણા ગ્રંથો છપાવવાની હીલચાલ થતી જાય છે, પણ કેટલાક જૈનો જૈનપણાનું અભિમાન ધારણ કરીને પણ પોતાના ધર્મના ગ્રંથો વાંચવા પ્રેમ ધારણ કરતા નથી, તે બહુ દીલગીરીની વાત છે. ગ્રન્થો વાંચવાથી દરરોજ અભિનવ જ્ઞાન વૃદ્ધિ પામે છે. ટીપે ટીપે સરોવર ભરાય તેની પેઠે દરરોજ થોડું થોડું વાંચતા ઘણું જ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે. કેટલીક વખત તો આપણા જૈનોને અન્ય ધર્મવાળાઓ પુછે છે તો કંઇ પણ ઉતર દઇ શકતા નથી અને કહે છે કે, ભાઈ અમને કંઇ આવડતું નથી, અમારા ગુરૂ પાસે સહુ પુછજો; કેટલીક વખત તો અન્ય ધર્મવાળાની હા એ હા જૈનો પણ કરી લે છે, આવા **અક્ષર શૂન્ય શ્રાવક જૈનો ભલે પૈસાદાર હોય, પણ તેઓ જ્ઞાન વિનાના એક ઓઘશ્રદ્ધાથી જૈનો છે;** પણ જ્ઞાન પામેલા જૈનો કહેવાય નહીં. જ્ઞાન પામ્યા વિનાના જૈનો પોતાને સંઘપતિ કહેવરાવે, સંઘના આગેવાન કહેવરાવે, પણ જ્ઞાની જૈનોની દૃષ્ટિમાંતો તે કરૂણાને પાત્ર ઠરે છે; જૈન ધર્મના જ્ઞાનથી શૂન્ય એવા શ્રાવક જૈનો શ્રાવક સંઘના ઉપરી પૈસાથી વા શેઠાઇની પદવીથી હો તો ભલે હો, પણ જ્ઞાનથી તો તે કદી ઉપરી હોઈ શકતા નથી, અને તેથી તેઓ પોતાનું તથા પરનું ભલું કરવા સમર્થ થતા નથી; અનેક ગ્રન્થોનું ગુરૂગમપૂર્વક વાચન કરીને જેઓએ વિદ્વતા મેળવી છે, તેવા શ્રાવક જૈનો, જૈન વર્ગનો ઉદ્ધાર કરવા માટે સમર્થ થઈ શકે છે. કેટલાક શ્રાવક જૈનો અક્ષર શૂન્ય છતાં વ્યાખ્યાન ચાલતું હોય છે તે વખતે સર્વની આગળ આવીને બેસે છે, તેમાં તેઓની પાસે રહેલી લક્ષ્મી વા શેઠાઇપણું કારણ છે, પણ જ્ઞાનની અપેક્ષાએ જોતાં તો તેઓ **પ્રેમપાત્ર** ઠરે છે. જૈન ગ્રન્થોનું વાચન કરનાર શ્રાવકો અને શ્રાવિકાઓ પોતાના ધર્મમાં શ્રદ્ધાળુ રહે છે, પ્રભુ, પ્રતિમા, તીર્થો વગેરેની શ્રદ્ધાવાળા રહે છે અને જો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓમાં જ્ઞાન નથી હોતું તો તેઓને જેઓનો ઉપદેશ લાગે છે, તેઓના વિચારને અનુસરનારા થઇ જાય છે અને અન્તે જૈન ધર્મથી ભ્રષ્ટ પણ થાય છે; માટે જૈન તરીકે નામ ધરાવનારાઓએ અવશ્ય **જૈન ગ્રંથોને વાંચવા જોઇએ;** વાંચીને **મનન પણ કરવું જોઇએ. અન્ય ધર્મ પાળનારાઓને પણ તેઓને યોગ્ય એવા જૈન ગ્રન્થો વાંચવા આપવા જોઇએ.** તીર્થ યાત્રાળુઓ જો વાચનનો ગુણ ધારણ કરશે તો તીર્થના સ્થાને નિરૂપાધિદશા હોવાથી ઘણું જ્ઞાન મેળવી શકશે અને તેઓ તીર્થની યાત્રાની ખરી સાધના કરવાને પરિપૂર્ણ લાયક પણ થઇ શકશે. જેઓએ જૈન તત્ત્વનું સારી રીતે જ્ઞાન કર્યું છે, તેવા શ્રાવકો અને શ્રાવિકાઓનેજ ખરા જૈનો તરીકે માનીએ છીએ, બાકી બીજાઓને તો શ્રદ્ધા આદિ જે જે ગુણો જે જે અંશે રહેલા છે, તે તે અપેક્ષાએ જૈનો તરીકે માનીએ છીએ. મનુષ્યની જીંદગી ધારણ કરી નકામી તો ન ગુમાવવી જોઇએ. અધ્યાત્મજ્ઞાન, યોગજ્ઞાન, આદિ ઉચ્ચ જ્ઞાનના પુસ્તકોનું વાચન અવશ્ય દરરોજ કરવું જોઇએ; આળસુ એદીની માફક તો જીંદગી ન ગુજારવી જોઇએ.

## यात्रालुओए श्री सद्गुरुनी आज्ञा प्रमाणे वर्तवुं जोइए.

સદ્ગુરૂ સમાન આ જગત્માં કોઈ ઉપકારી નથી. આ જગત્માં શ્રી સદ્ગુરૂથકીજ તરવાનું છે. જેઓએ અજ્ઞાનથી મિંચાએલી આંખો ઉઘાડીને શિષ્યોને દેખતા કર્યા એવા શ્રી સદ્ગુરૂ તીર્થજ છે; તેઓ જ્યાં જ્યાં વિહાર કરતા હોય ત્યાં જઈ, તેઓશ્રીનો ઉપદેશ સાંભળવો; તેઓ શ્રી જે જે આજ્ઞાઓ કરે તે તે આજ્ઞાઓને મસ્તકે ચઢાવવી અને તે પ્રમાણે વર્તવું. જૈન ધર્મના પ્રવર્તાવનારતો ગુરૂમહારાજ છે. જેણે સમ્યક્ત્વનું દાન કર્યું એવા ગુરૂઓનો કોઈ પણ રીતે કરોડો ઉપાયો કરે છતે અને કોડી વર્ષ ગએ છતે પણ બદલો વાળી શકાતો નથી. દ્રવ્ય ઉપકાર કરનારાઓ તો જગત્માં ઘણા મળી શકે, પણ ભાવ ઉપકાર કરનાર તો અલ્પ મળી શકે છે. પ્રાણ પડે તોપણ ગુરૂની આજ્ઞા લોપવી નહીં. ગુરૂ શી વસ્તુ છે તેની સમજણ જ્ઞાનીઓને પડે છે. અજ્ઞાનીઓ કે જે જગત્માં મારાપણાની બુદ્ધિથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વાર્થી બની સ્વાર્થનોજ અભ્યાસ કરે છે, તેઓને ગુરૂની ગુરૂતાનો ખ્યાલ આવી શકતો નથી. સમકિત દાતામુનિ ગુરૂની ભક્તિ કરવામાં અત્યંત પ્રેમ ધારણ કરવો, તેઓનો ભક્તિ અને બહુમાનથી ઘણો વિનય કરવો અને તેઓને ત્રણ કાળ વંદન કરવું. અજ્ઞાનીઓ જે આવે તેને એક સરખા વસ્ત્રધારી માની ગુરૂ માન્યા કરે છે, પણ તેઓની અલ્પ બુદ્ધિ હોવાથી તેઓ બરાબર ગુરૂની પરીક્ષા કરી શકતા નથી. ગુરૂઓએ પણ યોગ્ય જાણી તેઓને ધર્મોપદેશ દેવો જોઇએ. તપ, જપ, દાન, ક્રિયાકાંડ, તીર્થ વગેરે પણ ગુરૂની આજ્ઞા પાળ્યા વિના સફળ થતાં નથી, માટે શ્રી સદ્ગુરૂની આજ્ઞા પાળીને તીર્થયાત્રા કરવી જોઇએ.

## यात्रालुओए आत्मध्यान करवुं जोइए.

યાત્રાળુઓએ **यम, नियम, आसन, प्राणायाम, प्रत्याहार, धारणा, ध्यान** અને **समाधिनुं** જૈન ગ્રન્થોના આધારે બરાબર સ્વરૂપ સમજવું જોઇએ. જૈન ગ્રન્થોની સત્યતા બરાબર છે. પોતાના ધર્મમાં યોગના જે જે ગ્રન્થો છે તેઓને વાંચ્યા વિના જેઓ અન્યધર્મવાળાઓ પાસે જાય છે, તેઓને કોઇ વખત પોતાના ધર્મથી ભ્રષ્ટ થવું પડે છે. જૈન **શાસ્ત્રાધારે આત્મજ્ઞાન કરી આત્મધ્યાન કરવું જોઇએ.** **यम, नियम** અને આસનની સિદ્ધિ કરીને પ્રાણાયામની ક્રિયા ગુરૂગમ પૂર્વક શરૂ કરવી. આપણા ગ્રન્થોમાં પ્રાણાયામનું સારી રીતે સ્વરૂપ દર્શાવ્યું છે. આત્માનું બરાબર જેઓ જ્ઞાન મેળવતા નથી, તેઓ આત્મધ્યાન કરવાને માટે બિલકુલ લાયક નથી. આપણા દ્રવ્યાનુયોગના ગ્રન્થોનો સારી રીતે અભ્યાસ કરી પૂર્વાચાર્યોના બનાવેલા અધ્યાત્મીગ્રન્થોનું સારી રીતે અધ્યયન કરવું. ષડ્દર્શનમાં આત્માનું કેવું સ્વરૂપ મનાય છે તેનું પરિપૂર્ણ જ્ઞાન કરવું. સ્યાદ્વાદ રીતે આત્માના સ્વરૂપનો પરિપૂર્ણ નિશ્ચય કર્યા બાદ આત્મધ્યાન ધરવાને માટે જૈનો લાયક થઇ શકે છે. જ્ઞાની ગીતાર્થ ગુરૂ પાસે જ્ઞાન મેળવ્યા વિના ધ્યાન થઈ શકતું નથી. જેટલું આત્માનું જ્ઞાન તેટલુંજ આત્માનું ધ્યાન થઈ શકે છે. **દ્રવ્યાનુયોગ અને અધ્યાત્મજ્ઞાન વિના કેટલાક ધ્યાન કરવા ઇચ્છા રાખે છે પણ તે અધિ-**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કાર વિના યોગ્ય નથી.** પૂર્વોક્ત સ્થિતિનું આત્મજ્ઞાન પ્રાપ્ત કરી તીર્થસ્થળોમાં આત્મધ્યાન કરવું જોઇએ. જેમ જેમ ધ્યાનનો અભ્યાસ વધતો જાય છે, તેમ તેમ અનુભવ જ્ઞાન વધતું જાય છે. આત્મધ્યાનવિના અનેક પ્રકારની ચમત્કારિક શક્તિઓ પ્રાપ્ત થઇ શક્તી નથી. ધ્યાનના બળથી હૃદય શક્તિ ખીલે છે અને તર્ક શક્તિ પણ ખીલે છે. આપણા તીર્થંકરોએ પહાડો વગેરેમાં જઈ ધ્યાન કર્યું હતું અને ત્યાં કેવળ જ્ઞાન પામ્યા માટેજ તે જગ્યાઓ પણ પૂજનીય તીર્થ રૂપ થઇ છે, માટે આપણે પણ ખરા યાત્રાળુ ત્યારે કહેવાઇએ કે, જ્યારે તેઓની પેઠે ધ્યાનના ધ્યાતા થઇએ. ધ્યાન વિના કેવળજ્ઞાન થઈ શકતું નથી. જેટલા જીવો મુક્તિ પામ્યા અને પામશે તેમાં ધ્યાનનોજ પ્રતાપ જાણવો, માટે તીર્થમાં કોઈ પણ એકાંત નિરૂપાધિ સ્થળમાં બેસી આત્મધ્યાન ધરવું. આત્માની શક્તિઓ પ્રાપ્ત કરવાની કુંચીઓ ધ્યાની ગુરૂઓ આપી શકે છે; તેમાં જેને જેટલી યોગ્યતા પ્રાપ્ત થઇ હોય છે તેને તે પ્રમાણે ગુરૂઓ ધ્યાનની કુંચીઓ શિખવાડે છે; તે વાત લક્ષ્યમાં રાખવી. તીર્થના સ્થાનોમાં જઇ આ પ્રમાણે સદ્‌ગુણો લેવા પ્રયત્ન કરવો. જે ઉપર લખ્યા પ્રમાણે સદ્‌ગુણો લે છે તેઓની યાત્રા ગુણકારક થઇ પડે છે, તે માટે અત્રે કેટલીક હકીકત જણાવી છે.

આ પત્ર વાંચી તમો સર્વે, લખ્યા મુજબ સદ્‌ગુણો પ્રાપ્ત કરવા તીર્થની આગળ પ્રતિજ્ઞા કરશો, તો પ્રતિદિન આત્માની ઉન્નતિ કરવા ભાગ્યશાળી નીવડશો. ઉપર પ્રમાણે પત્ર વાંચી દ્રવ્યયાત્રા, ભાવયાત્રા, સ્થાવરતીર્થયાત્રા, જંગમતીર્થયાત્રા, ગુરૂયાત્રા, નિમિત્તહેતુ યાત્રા, ઉપાદાન યાત્રા, શ્રુતજ્ઞાનતીર્થ યાત્રા વગેરે યાત્રાઓમાં વિવેક પૂર્વક લક્ષ્ય રાખી જૈન ધર્મની ઉન્નતિ કરવા પ્રયત્ન કરશો.

કલેશ, નિન્દા, આદિ પરભાવથી દૂર રહી આત્માની ઉચ્ચ દશા કરવા પ્રયત્ન કરશો. તમારા પુત્રો તથા પુત્રીઓને તથા બાંધવોને તથા મિત્રોને લખ્યા પ્રમાણે સમજાવશો. જમાનાને અનુસરી ખરા યાત્રાળુ બનશો. જ્ઞાનશક્તિથી સર્વ વિચારશો. મનુષ્ય જીંદગીમાં જેટલું કરાય તેટલું કરી લેશો; ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે વર્ગનું આરાધન કરવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શેઠ લલ્લુભાઇ ધર્મચંદ કે જે તમારા મોટા ભાઇ છે; તેઓનો પત્ર આવ્યો છે, તેઓ આ તરફના વિહારમાં લક્ષ્ય રાખે છે. તુકારામનો પત્ર આવે છે. **તમને પત્રમાં જૈન ગુરૂકુળ સ્થાપવાનો ઈશારો કર્યો છે તે ખરેખર ધ્યાનમાં રાખવા યોગ્ય છે.** તમો તથા શેઠ નગીનદાસ કપુરચંદના ચીરંજીવી શેઠ ફકીરભાઈ તથા ગુલાબભાઇ વગેરે સુપુત્રો તથા શેઠ અભયચંદ મૂળચંદ તથા શેઠ હીરાચંદ નેમચંદ તથા શેઠ નગીનભાઈ મંછુભાઇ તથા શેઠ ગુલાબચંદ દેવચંદ તથા શેઠ નાનાભાઇ તલકચંદ તથા તેમના ભાઇ તથા શેઠ કલ્યાણચંદ સોભાગચંદ તથા શેઠ ભુરિયાભાઇ જીવણચંદ તથા મુંબાઇના નગરશેઠ શા. રતનચંદ ખીમચંદ તથા જૈન પત્રોના અધિપતિયો વગેરે આ કાર્યમાં લક્ષ્ય દે તો સાધુ સાધ્વી શ્રાવક અને શ્રાવિકારૂપ જે તીર્થ કહેવાય છે, તેનો ઉદ્ધાર થાય અને જૈન તીર્થોન્નતિ થયા વિના રહે નહીં અને તેથી આપણાં પવિત્ર સ્થાવર તીર્થોની પણ બરાબર સંભાળ લેઇ શકાય.

હાલમાં હું વિહારમાં છું એજ. ધર્મસાધન કરશો, પ્રમાદને પરિહરશો, પ્રાણાયામ વગેરે ક્રિયાઓ કરતા રહેશો, એકાંતમાં સ્થિર ચિત્તથી આત્મપ્રકાશ અને પરમાત્મજ્યોતિ વગેરે પુસ્તકો વાંચશો તો આનંદ રહેશે અને જ્ઞાનમાં વધારો થશે. વિહારમાં દયા વગેરેનાં જાહેર ભાષણો આપવાથી અન્ય લોકોને સારી અસર થાય છે. આ તરફ પુષ્કળ માછલાં વગેરે જીવોની હિંસા થાય છે, માટે દયાનો ઊપદેશ આપનારા એવા ઘણા સાધુઓની જરૂર છે. આ સર્વ કાર્ય કરવાને માટે મોટામાં મોટો અને સરસમાં સરસ અને સર્વ પ્રકારની ઉન્નતિનું મૂળભૂત એવો જૈન ગુરૂકૂળ સ્થાપવાનો વિચારજ યોગ્ય લાગે છે, માટે તે માટે **પ્રયત્ન કરવામાં આવશે** અને **સર્વ પ્રકારે લક્ષ્મી ખર્ચવામાં આવશે, તો જૈન તીર્થની ઉન્નતિ થશે.** એ કામ હજારો સંકટોને વેઠીને પણ કરશો તો તમોએ જૈનધર્મની સારી રીતે સેવા બજાવી એમ સમજીશું. **આશા છે કે આવું કાર્ય તમારાથી થાઓ** અને તેના યોગ્ય એવી સર્વ પ્રકારની શક્તિ પ્રાપ્ત થાઓ, ધર્મ સાધન કરતા રહેશો. **इत्येवं ॐ शान्तिः शान्तिः शान्तिः**

વિહાર મુકામ–પારડી. સં. ૧૯૬૭ ના માગશર શુદી ૧૧.

**લેખક–મુનિ બુદ્ધિસાગરના ધર્મલાભ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સનાતન જૈન બન્ધુઓ.

## કવ્વાલી.

ઉઠો જાગો કરો કાર્યો, બની બાહોશને બોલો.
હૃદયમાં ધૈર્યતા રાખો, સનાતન જૈન બંધુઓ. ૧
ખરી ભક્તિ ખરી ક્રિયા, ખરી નીતિ ખરી રીતિ;
ખરાનો ખ્યાલ રાખોને, સનાતન જૈન બંધુઓ. ૨
લડો ના ભેદના ભડકે, પરસ્પર ઐક્યતા રાખો;
કરોને ઉન્નતિ સાચી, સનાતન જૈન બંધુઓ. ૩
જિનાગમમાં પડયા ભેદો, તથાપિ સત્યને શોધો;
ધરો મધ્યસ્થતા મનમાં, સનાતન જૈન બંધુઓ. ૪
ધરો અધ્યાત્મમાં નિષ્ઠા, કરો વ્યવહારની શુદ્ધિ;
ક્રિયાઓ ધર્મની ધારો, સનાતન જૈન બંધુઓ. ૫
બુઝાવો ક્લેશની હોળી, સજોને સાધનો સાચાં;
ઝુકાવોને કરી યાહોમ, સનાતન જૈન બંધુઓ. ૬
ક્રિયાના ભેદ જે જુદા, થયા છે દ્રષ્ટિના ભેદે;
લડો નહિ ગચ્છના ભેદે, સનાતન જૈન બંધુઓ. ૭
અરે મહાવીરના ભકતો, બનો નહિ મોહમાં અંધા;
રગોરગમાં ધરો ઉત્સાહ, સનાતન જૈન બંધુઓ. ૮
બનો નહિ બાયલા બુડથલ, શુરાતનને સ્ફુરાવીલ્યો.
ખરેખર ક્ષત્રિના પુત્રો, સનાતન જૈન બંધુઓ. ૯
કદી આકાશ શિર તૂટે, કદી ભાનુ દિશા બદલે;
તથાપિ ના હઠો વ્હાલા, સનાતન જૈન બંધુઓ. ૧૦
બધાને કેળવો જ્ઞાને, ધરોને જ્ઞાનમાં પ્રીતિ;
પ્રતિજ્ઞાઓ ખરી ધરજો, સનાતન જૈન બંધુઓ. ૧૧
તજો નહિ ધર્મ પોતાનો, પડંતાં પ્રાણ પણ ધારો;
કરોને ધર્મ ફેલાવો, સનાતન જૈન બંધુઓ. ૧૨
બનાવો સર્વને જૈનો, ખરા તન મનને ધનથી;
બુદ્ધયબ્ધિ ધર્મ સાધીલ્યો, સનાતન જૈન બંધુઓ. ૧૩

**જ. સં. ભાગ ૫ મો. સુરત.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# कर्युं शुं? लक्ष्मीने धारी.

કવ્વાલિ.

હૃદયને ખોલ જાગ્રત થા, વિચારી જો ફસાયો ક્યાં;
અહન્તા શું? ધરે ફોકટ, કર્યું શું? લક્ષ્મીને ધારી. ૧

ભલે શ્રીમન્ત કહેવાયો, જગત્માં માન બહુ પામ્યો;
સ્વપરની ઉન્નતિ માટે, કર્યું શું? લક્ષ્મીને ધારી. ૨

ધનોપાસક મનુષ્યોએ, કરી જીહા પ્રશંસાને;
મનુષ્યોનાં હર્યાં નહિ દુઃખ, કર્યું શું? લક્ષ્મીને ધારી. ૩

ગણીને વિત્તને ઇશ્વર, થયો કંજુસનો સિરદાર;
જરા નહિ આવશે સાથે, કર્યું શું? લક્ષ્મીને ધારી. ૪

કર્યાં નહિ ધર્મનાં કાર્યો, કરી નહિ સાધુની ભક્તિ;
ભલામાં ભાગ નહિ લીધો, કર્યું શું? લક્ષ્મીને ધારી. ૫

દયામાં વાપર્યું નહિ વિત્ત, બનીને સ્વાર્થનો દાસજ;
સુણ્યો નહિ સદ્ગુરૂનો બોધ, કર્યું શું? લક્ષ્મીને ધારી. ૬

ગુરૂકૂળો સ્થપાવ્યાં નહિ, દિધું નહિ દાન વિદ્યામાં;
કરી નહિ ધર્મની ચડતી, કર્યું શું? લક્ષ્મીને ધારી. ૭

સુપાત્રે દાન નહિ દીધું, લખાયા ગ્રન્થ નહિ કોઈ;
છપાયાં પુસ્તકો નહિ કોઇ, કર્યું શું? લક્ષ્મીને ધારી. ૮

ગરીબોનાં હર્યાં નહિ દુઃખ, નથી ઉપકારની વૃત્તિ;
પ્રપંચોનો બન્યો આશ્રમ, કર્યું શું? લક્ષ્મીને ધારી. ૯

કર્યાં આરંભનાં કાર્યો, અસત્યોનું બન્યો મન્દિર;
કરી ચોરી કપટ ધારી, કર્યું શું? લક્ષ્મીને ધારી. ૧૦

બુડાડ્યું લોભ સાગરમાં, અનીતિમાં વહ્યું જીવન;
કર્યાં કલેશો જગત્માં બહુ, કર્યું શું? લક્ષ્મીને ધારી. ૧૧

બુરામાં ભાગ લીધા બહુ, સતાવ્યા બહુ મનુષ્યોને;
વિવેકે કાર્ય નહિ કીધાં, કર્યું શું? લક્ષ્મીને ધારી. ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લઘુતાને ધરિ નહિ લેશ, તણાયો લોભ સાગરમાં;
હ્રદય શુદ્ધિ કરી નહિ રે, કર્યું શું ? લક્ષ્મીને ધારી. ૧૩

કુકૃત્યો બહુ કર્યાં કાળાં, અદેખાઇ કરી નિન્દા;
વધાર્યો ક્રોધને અગ્નિ, કર્યું શું ? લક્ષ્મીને ધારી. ૧૪

હર્યાં નહિ દુઃખિનાં દુઃખો, સદાચારો ધર્યા નહિ અંગ,
મનોવૃત્તિ સુધારી નહિ, કર્યું શું ? લક્ષ્મીને ધારી. ૧૫

કર્યું નહિ ધર્મનું જ્ઞાનજ, ધર્યો નહિ ધર્મ શ્રદ્ધાથી;
ખરી લક્ષ્મી નહિ જાણી, કર્યું શું ? લક્ષ્મીને ધારી. ૧૬

ગધેડાપર ભર્યું ચંદન, વિચારીને સુધારી લે;
"બુદ્ધચબ્ધિ" સદ્ગુણો લેઈ, સફલતા લક્ષ્મીની કરવી. ૧૭

સંવત ૧૯૬૭ અશાડ વદી ૧૨ મુંબાઈ.

भ. सं. भाग ६.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રન્થમાળા—પ્રગટ થયેલ ગ્રન્થો

| ગ્રન્થાંક. | કીં. રૂ. આ. |
|---|---|
| ૦. ભજન સંગ્રહ ભાગ ૧ લો ... | ૦—૮—૦ |
| ૧. અધ્યાત્મ વ્યાખ્યા માળા ... | ૦—૪—૦ |
| ૨. ભજન સંગ્રહ ભાગ ૨ જો ... ... ... | ૦—૮—૦ |
| ૩. ,, ભાગ ૩ જો ... ... ... | ૦—૮—૦ |
| ૪. સમાધિ શતકમ્ ... ... ... ... | ૦—૮—૦ |
| ૫. અનુભવ પચ્ચિશી ... ... ... ... | ૦—૮—૦ |
| ૬. આત્મ પ્રદીપ ... ... ... ... ... | ૦—૮—૦ |
| ૭. ભજન સંગ્રહ ભાગ ૪ થો ... ... ... | ૦—૮—૦ |
| ૮. પરમાત્મ દર્શન... ... ... ... ... | ૦-૧૨—૦ |
| ૯. પરમાત્મ જ્યોતિ ... ... ... ... | ૦-૧૨—૦ |
| ૧૦. તત્ત્વ બિંદુ ... ... ... ... ... | ૦—૪—૦ |
| ૧૧. ગુણાનુરાગ ( આવૃત્તિ ત્રીજી ) ... ... ... | ૦—૧—૦ |
| ૧૨. ૧૩. ભજન સંગ્રહ ભાગ ૫ મો તથા જ્ઞાનદિપીકા ... | ૦—૬—૦ |
| ૧૪. તીર્થયાત્રાનું વિમાન ( આવૃત્તિ બીજી ) ... ... | ૦—૧—૦ |
| ૧૫. અધ્યાત્મ ભજન સંગ્રહ... ... ... ... | ૦—૬—૦ |
| ૧૬. ગુરૂબોધ ... ... ... ... ... | ૦—૪—૦ |
| ૧૭. તત્ત્વજ્ઞાન દિપીકા ... ... ... ... | ૦—૬—૦ |
| ૧૮. ગહુંલી સંગ્રહ ... ... ... ... ... | ૦—૩—૦ |
| ૧૯. શ્રાવક ધર્મ સ્વરૂપ ભાગ ૧ લો ( આવૃત્તિ ત્રીજી. ) ... | ૦—૧—૦ |
| ૨૦. ,, ,, ,, ભાગ ૨ જો ( આવૃત્તિ ત્રીજી ) ... | ૦—૧—૦ |
| ૨૧. ભજન પદ સંગ્રહ ભાગ ૬ ઠ્ઠો ... ... ... | ૦-૧૨—૦ |
| ૨૨. વચનામૃત ... ... ... ... ... | ૦-૧૪—૦ |
| ૨૩. યોગદીપક ... ... ... ... ... | ૦-૧૪—૦ |

જીલ્લે... અમદાવાદ, ... મુ. પેથાપુર.

## ગ્રન્થો નીચલા સ્થળેથી વેચાણ મળશે.

૧. **અમદાવાદ**—જૈન બોર્ડીંગ—ઠે. નાગોરીસરાહ.

૨. **મુંબઈ**—મેસર્સ મેઘજી હીરજીની કં.—ઠે. પાયધુણી.

૩. ,, —શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ—ઠે. ચંપાગલી.

૪. **પુના**—શા. વીરચંદ કૃષ્ણાજી—ઠે. વૈતાલ પેંઠ.